# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 138 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ જયેષ્ઠ વદ - ૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 12 June 2025, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૧૨ જૂન ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ ૫ ૬ ૭ ૮ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u







# મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીનો તખ્તો તૈયાર

**મહારાષ્ટ્રની ૨૯ નગરપાલિકાના સીમાંકનનું જાહેરનામું બહાર પડાયું**

મુંબઈઃ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) સહિત ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં લાંબા સમયથી વિલંબિત ચૂંટણી યોજવા તરફના મહત્ત્વનાં પગલાં તરીકે રાજ્ય સરકારે વૉર્ડની સરહદ નક્કી કરવા માટેનું જાહેરનામું બહાર પાડ્યું હતું. જાહેરનામા પ્રમાણે મુબઈમાં વૉર્ડની સંખ્યા ૨૨૭ સુધી સીમિત કરવામાં આવી છે અને દરેક વૉર્ડમાંથી એક નગરસેવકને ચૂંટવામાં આવશે, જ્યારે બીજા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એક વૉર્ડમાંથી ચાર નગરસેવકો ચૂંટવામાં આવશે. આ સંખ્યા ત્રણથી પાંચની પણ હોઈ શકે.

વૉર્ડના સીમાંકન કરવાની પ્રક્રિયા સ્ટેટ ઈલેકશન કમિશનરની બહાલી સાથે આગળ વધશે. મુંબઈ માટે બીએમસી કમિશનરને સીમાંકન પ્લાનનો મુસદ્દો તૈયાર કરવાની જવાબદારી આપવામાં આવી છે.

જાહેરનામામાં નિર્દેશ દેવામાં આવ્યો છે કે ૨૦૧૧ની વસતિ ગણતરીના આધારે શહેરની વસતિને નગરસેવકની સંખ્યા વડે વિભાજિત કરવામાં આવે જેથી વૉર્ડદીઠ સરેરાશ વસતિ આંકડો મળે. મુસદ્દાને અંતિમ રૂપ આપતાં પહેલાં પાલિકાને લોકોનાં સૂચનો અને વાંધાને આમંત્રિત કરવા પડશે. અંતિમ પ્લાન બહાલી માટે રાજ્ય ચૂંટણી પંચને સોંપવામાં આવશે. જાહેરનામામાં કહેવામાં આવ્યું છે કે વૉર્ડની સરહદ નક્કી કરતી વખતે ભૌગોલિક સાતત્ય જાળવવા પર ભાર મૂકવો, આમાં કુદરતી કે ભૌગોલિક લાક્ષણિકતા (જુઓ પાનું ૨) ▶▶

## ટ્રેનની તત્કાલ ટિકિટ ‘આધાર વેરિફિકેશન’ વિના બુક નહીં થાય

નવી દિલ્હીઃ ભારતીય રેલવેને લાખો લોકોની લાઈફ લાઈન માનવામાં આવે છે. દરરોજ સેંકડો મુસાફરો એક શહેરમાંથી બીજા શહેરમાં આવ-જા કરે છે. રેલવે દ્વારા ૧ જુલાઈથી નવો નિયમ લાવવામાં આવી રહ્યો છે, જે મુજબ આધાર (જુઓ પાનું ૨) ▶▶

## જયપુરમાં માર્ગ દુર્ઘટનામાં નવોઢા સહિત પાંચનાં મોત

જયપુર : જયપુર જિલ્લામાં બુધવારે સવારે એક મલ્ટી યુટિલિટી વ્હિકલની ટ્રક સાથે સીધી ટક્કર થતાં એક નવોઢા સહિત પાંચ જણનાં મોત થયાં હતાં, જ્યારે વરને ગંભીર ઈજા થઈ હતી, એવી પોલીસે માહિતી આપી હતી. રાયસરના ભટકબાસ ગામમાં દૌસા-મનોહરપુર હાઈવેમાં આ દુર્ઘટના થઈ (જુઓ પાનું ૨) ▶▶



**અમરનાથ યાત્રાઃ** જમ્મુ અને કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહાએ અમરનાથ ગુફા ખાતે બુધવારે ‘પ્રથમ પૂજા’ કરી હતી અને આશીર્વાદ મેળવ્યા હતા.

**જય જગન્નાથઃ** ભગવાન જગન્નાથની ‘જળયાત્રા’ના ભાગરૂપે સુરતમાં જગન્નાથ મંદિર ખાતે ભગવાન જગન્નાથ, બળભદ્ર અને સુભદ્રાની પ્રતિમાનો જળાભિષેક કરાયો હતો.



## શુભાંશુનું અંતરિક્ષગમન ફરી મુલતવી રહ્યું

### પ્રવાહી ઑક્સિજનનું ગળતર થતાં મિશન મોકૂફ

ફ્લોરિડાઃ ભારતના અવકાશયાત્રી શુભાંશુ શુકલા અને અન્ય ત્રણ અવકાશયાત્રીને લઇને ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન જવા માટેનું મિશન ‘એક્સિઓમ-ફોર’ સ્પેસએક્સના ફાલ્કન-નાઇન રોકેટમાંના ગળતરને લીધે ફરી મુલતવી રાખવાની ફરજ પડી હતી. સ્પેસએક્સે જણાવ્યું હતું કે રોકેટના બુસ્ટર્સે પ્રવાહી ઑક્સિજનનું ગળતર શોધી કાઢતા તેના સમારકામ માટે મિશનને ફરી મુલતવી રાખવું પડ્યું હતું. ઇન્ડિયન સ્પેસ રિસર્ચ (જુઓ પાનું ૨) ▶▶

## કૉંગ્રેસના સાંસદ અને ત્રણ ધારાસભ્યને ત્યાં દરોડા

બેંગાલુરુઃ વાલ્મીકિ કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં તપાસના ભાગ રૂપે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે બુધવારે કોંગ્રેસના બેલ્લારી સાંસદ ઇ તુકારામ અને પાર્ટીના ત્રણ ધારાસભ્ય સામે દરોડા પાડ્યા હતા.

સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે બેલ્લારીમાં પાંચ અને બેંગાલુરુ શહેરમાં ત્રણ પરિસરમાં મની લૉન્ડરિંગ નિવારણ અધિનિયમની જોગવાઈઓ હેઠળ દરોડા પાડવામાં આવી રહ્યા છે.


આમાં તુકારામ અને ધારાસભ્યો નારા ભરત રેડ્ડી (બેલારી શહેર), જે એન ગણેશ (કમ્પલી) (જુઓ પાનું ૨) ▶▶

## ભગવાન જગન્નાથનો ‘સ્નાન યાત્રા’ ઉત્સવ યોજાયો

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના પૂર્વ મેદિનીપુર જિલ્લાના દિઘા અને હુગલી જિલ્લાના મહેશ ખાતે નવનિર્મિત જગન્નાથ મંદિરમાં બુધવારે પવિત્ર ‘સ્નાન યાત્રા’ ઉત્સવ શરૂ થયો હતો, જે વાર્ષિક રથયાત્રા પહેલા ધાર્મિક વિધિઓની શરૂઆત દર્શાવે છે.

આ વર્ષે રથયાત્રા ઉત્સવ ૨૭ જૂને યોજાવાનો છે. દિઘાના જગન્નાથ મંદિરનું ઉદ્‌ઘાટન ૩૦ એપ્રિલે મુખ્ય પ્રધાન મમતા બેનરજી દ્વારા કરવામાં આવ્યું હતું. રાજ્યના સૌથી જૂના જગન્નાથ મંદિરના સ્થળ મહેશ ખાતે પણ ‘સ્નાન યાત્રા’ શરૂ થઈ હતી.

ભગવાન જગન્નાથની ઔપચારિક સ્નાન વિધિ જોવા માટે બંને સ્થળોએ સેંકડો ભક્તો એકઠા થયા હતા. ઇસ્કોન કોલકાતાના પ્રવક્તા રાધારમણ (જુઓ પાનું ૨) ▶▶



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ડૉ. માધવી લતાની પરિપક્વતાને સલામ કરવી જોઈએ

**ભારતમાં** લોકો પોતે ના કર્યું હોય તેનો પણ જશ ખાટવા માટે કોઈ પણ હદે જતાં વિચાર કરતાં નથી ત્યારે ડો. માધવી લતાએ બતાવેલા સ્પિરિટ અને પરિપક્વતાને સલામ કરવી જોઈએ. દુનિયાના સૌથી ઊંચા ચિનાબ રેલ પુલના નિર્માણનો યશ ડૉ. માધવી લતાને આપીને સોશિયલ મીડિયા પર અભિનંદનની વર્ષા થઈ રહી છે ત્યારે ડૉ. માધવીએ આ જશ લેવાનો સાફ ઈન્કાર કર્યો છે.

ડૉ. માધવી લતાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકીને કહ્યુ છે કે, ચિનાબ પુલના નિર્માણનો શ્રેય મને ન આપવો જોઈએ. આ પુલના આયોજન, ડિઝાઇન અને બાંધકામનું બધું શ્રેય ભારતીય રેલવે અને નિર્માણ કરનારી કંપની એફકોન્સને જાય છે. મારી ભૂમિકા એક જીયોટેકનિકલ પર્સન તરીકેની વ્યક્તિની હતી કે જેનું કામ ઢાળ પર બનાવાયેલા પાયાની ડિઝાઇન પ્રમાણે કામ થાય છે કે નહીં એ જોવાનું જ હતું.

ડો. માધવીએ લખ્યું છે કે, આ એક વ્યક્તિનું નહીં પણ હજારો લોકોની સામૂહિક મહેનતનું પરિણામ છે તેથી મને બિનજરૂરી રીતે જશ ના આપો. આ મિશનને એક મહિલાએ અશક્યને શક્ય બનાવ્યું અને પુલ બનાવવા માટે ચમત્કાર કર્યો એવી મીડિયાની વાતો દમ વિનાની છે. ઉદ્યોગપતિ આનંદ મહિન્દ્રાએ માધવી લતાને પુલ પ્રોજેક્ટ માટે ૧૭ વર્ષ સમર્પિત કરવા બદલ અભિનંદન આપ્યા પછી અભિનંદનનો મારો ચાલુ થયો. મીડિયાએ વાતમાં મીઠું મરચું ભભરાવીને આખા પ્રોજેક્ટનો જશ જ માધવી લતાને આપી દીધો. ડો. માધવી લતાની સ્પષ્ટતા મહત્ત્વની છે કેમ કે ભાગ્યે જ કોઈ આ રીતે મફતમાં મળી રહી નામનાને નકારે છે. આ દેશમાં બીજાંએ કરેલાં કામોને પોતાના નામે ચડાવવાની હોડ ચાલે છે ત્યારે લોકોને વાસ્તવિકતાનું ભાન કરાવવાની ભારે હિંમત બતાવી એ માટે તેમને સલામ કરવી જોઈએ.

ડો. માધવી લતાએ શરૂઆત કરી જ છે તો આ પ્રોજેક્ટ વિશે બીજી થોડી વાસ્તવિકતાઓ પણ જાણી લેવી જોઈએ. મોદી સરકારે આ પ્રોજેક્ટને ઝડપથી પાર પાડીને બહુ મોટું કામ કર્યું તેમાં શંકા નથી પણ આ પ્રોજેક્ટ વિદેશી મદદથી બનેલો છે. તેમાં કશું ખોટું નથી કેમ કે ગ્લોબલાઈઝેશનના આ જમાનામાં દુનિયામાં મોટા ભાગના મહાન પ્રોજેક્ટ વૈશ્વિક સહકારથી જ બને છે.

ચિનાબ રેલવે બ્રિજનું નિર્માણ ભારતમાં થયું પણ તેની ડિઝાઈન ભારતે બનાવેલી નથી. આ પુલનું નિર્માણ વિદેશી કંપનીઓની ડિઝાઈનના આધારે કરાયું છે. ભારતમાં પહાડી વિસ્તારોમાં બોગદાંને કાપીને રેલવે બ્રિજ બનાવવામાં કોંકણ રેલ્વે કોર્પોરેશને ભારે સફળતા મેળવી હોવાથી ભારતીય રેલવેએ નોર્ધર્ન રેલવે વતી કોંકણ રેલ્વે કોર્પોરેશનને પુલ નિર્માણ પ્રોજેક્ટનું કામ સોંપેલું. આ પુલ દ્વારા કાશ્મીરને ભારતીય રેલવેની વર્તમાન લાઇનો સાથે જોડવાનો હોવાથી પ્રોજેક્ટ રાષ્ટ્રીય ગૌરવનો હતો. આ કારણે આ પુલને રાષ્ટ્રીય પ્રોજેક્ટ જાહેર કરવામાં આવ્યો હતો.

કોંકણ રેલવેએ નવેમ્બર ૨૦૦૩માં પ્રોજેક્ટ માટે ટેન્ડર બહાર પાડીને ડિઝાઈન સહિતનાં તમામ કામ માટે ભાવ મગાવ્યા હતા. પુલનું નિર્માણ થયું છે એ વિસ્તાર ભૂકંપનો મોટો ખતરો ધરાવે છે. ભૂસ્તરશાસ્ત્રના મુખ્ય ભૂકંપ ઝોન એટલે કે ઝોન ફાઈવમાં આ વિસ્તાર આવેલો છે તેથી જમીનનું બંધારણ બટકણું છે. આ ઉપરાંત આતંકવાદના કારણે સતત હિંસાગ્રસ્ત ઝોનમાં પણ આ વિસ્તાર આવે છે તેથી ભૂકંપ સહિતની કુદરતી આપદાઓ અને માનવસર્જિત આપદાઓ બંને સામે ઝીંક ઝીલી શકે એવો પુલ બનાવવો જરૂરી હતો. ભારતમાં આ કામ કરી શકે એવી એજન્સીઓ કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીઓ નથી તેથી નિર્માણનો કોન્ટ્રાક્ટ વિદેશી કંપનીઓને સોંપાયો.

આ કોન્ટ્રાક્ટ હેઠળ ડબલ્યુએસપી ફિનલેન્ડ કંપનીએ પુલની મુખ્ય ડિઝાઇન બનાવી છે. આ કંપની હવે ડબલ્યુએસપી ગ્લોબલ તરીકે ઓળખાય છે અને કેનેડામાં તેનું હેડક્વાર્ટર છે. જર્મન કંપની લિયોનહાર્ટ, આન્દ્રે અંડ પાર્ટનરે પુલના આર્ક એટલે કે કમાનોની ડિઝાઇન બનાવી છે જ્યારે વિયેના કન્સલ્ટિંગ એન્જિનિયર્સ કંપનીએ પાયલોન એટલે કે પુલ જેના પર ઊભો છે એ ટાવર્સની ડિઝાઇન બનાવી છે. આ પુલ એવો બનાવાયો છે કે, આતંકવાદીઓ કે બીજાં ભાંગફોડિયાં તત્ત્વો બ્લાસ્ટ કરીને પુલને ઉડાવવાની કોશિશ કરે તો પણ ફાવે નહીં. ભારત સરકારના ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ)એ પુલને બ્લાસ્ટ પ્રૂફ બનાવવામાં મદદ કરી છે ત્યારે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સે બ્રિજના પાયાનું રક્ષણ કરવા માટે શું કરવું તેની કામગીરીમાં મદદ કરી છે.

આ બ્રિજના બાંધકામનો કોન્ટ્રાક્ટ ચેનાબ બ્રિજ પ્રોજેક્ટ અંડરટેકિંગને આપવામાં આવ્યો હતો. ચેનાબ બ્રિજ અંડરટેકિંગ એફકોન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, વીએસએલ ઇન્ડિયા અને અલ્ટ્રા કન્સ્ટ્રક્શનનું બનેલું સંયુક્ત સાહસ છે. એફકોન્સ પાલનજી શાપૂરજી મિસ્ત્રીની મૂળ ભારતીય પણ મલ્ટિનેશનલ કંપની છે. વીએસએલ ઈન્ડિયા કૈલાશ બાસિતાની ભારતીય કંપની છે જ્યારે અલ્ટ્રા કન્સ્ટ્રક્શન દક્ષિણ કોરીયાની કંપની છે. ટૂંકમાં ચિનાબ બ્રિજ પ્રોજેક્ટ સંપૂર્ણપણે ભારતીય છે જ નહીં. ડીઝાઈનથી શરૂ કરીને નિર્માણ સુધીની બધી બાબતોમાં વિદેશી કંપનીઓ સંકલાયેલી છે તેથી તેના પર ભારતીય પ્રોજેક્ટનો ઠપ્પો લગાવી શકાય તેમ નથી ને કોઈ ભારતીયને તેનો જશ આપી શકાય તેમ નથી. ડૉ. માધવી લતા સહિતનાં આ પ્રોજેક્ટમાં સંકાયેલા એન્જિનિયરોએ તો વિદેશી કંપનીઓએ બનાવી આપેલી બ્લુ-પ્રિન્ટ અને ડિઝાઈન પ્રમાણે કામ કર્યું છે. કોઈ પણ પ્રોજેક્ટને ડિઝાઈન પ્રમાણે પરફેક્શન સાથે સાકાર કરવો મહત્ત્વનો છે તેથી ડો. માધવી લતાના યોગદાનને નકારી ના શકાય પણ તેમને જ જશ ના આપી શકાય. તેમની જ મહેનત અને વિઝનના કારણે પ્રોજેક્ટ બન્યો એવો દાવો પણ ના કરી શકાય.

જે લોકોએ આ દાવા કર્યા તેમના ઈરાદા શું હશે એ આપણને ખબર નથી પણ ડો. માધવી લતામાં એટલી ખેલદિલી છે કે તેમણે આ દાવાને નકારી કાઢ્યો. આપણે ત્યાં મીડિયામાં હઈસો હઈસો ચાલે પછી ભળતા જ લોકો હીરો બની જતા હોય છે. આપણા પરમાણુ કાર્યક્રમના કિસ્સામાં એવું થયું જ છે. મીડિયા હઈસો હઈસો કરીને ડો. એપીજે અબ્દુલ કલામને ભારતીય પરમાણુ કાર્યક્રમના પિતામહ ગણાવ્યા કરે છે પણ ડો. કલામ ભારતના પરમાણુ કાર્યક્રમમાં બહુ પછી આવેલા.

ભારતને પરમાણુ મહાસત્તા બનાવવાનો યશ ડૉ. હોમી ભાભા અને ડો. વિક્રમ સારાભાઈ જેવા પરમાણુ સંશોધનમાં પાયાનું કામ કરનારા મહાન વિજ્ઞાનીઓથી શરૂ કરીને ડૉ. રાજા રામન્ના સહિતના લોકોને જાય છે પણ મીડિયાની અજ્ઞાનતાના કારણે એ બધા અનસંગ હીરો રહી ગયા ને ડૉ. કલામ હજુય પૂજાયા કરે છે. ચિનાબ રેલવે બ્રિજના કિસ્સામાં પણ મીડિયાએ એવો જ ઘાટ કરીને ડો. માધવી લતાને બધો જશ આપી દીધો પણ ડો. માધવી વધારે સંતુલિત સાબિત થયાં છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મઋતુ, ગુરુવાર, તા. ૧૨-૬-૨૦૨૫, ગુરુ હરગોવિંદસિંહ જયંતી

- ભારતીય દ્નિાંક ૨૨, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, જયેષ્ઠ વદ-૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે જયેષ્ઠ, તિથિ વદ-૧
- પારસી શહેનશાહી રોજ ૨જો બેહમન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨જો બેહમન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૫મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૬મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- નક્ષત્ર મૂળ રાત્રે ક. ૨૧-૫૬ સુધી, પછી પૂર્વાષાઢા
- ચંદ્ર ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૫, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૪, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૩, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૨-૫૮, રાત્રે ક. ૦૦-૨૭
- ઓટઃ સાંજે ક. ૧૯-૦૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭. 'વિશ્વાવસુ'નામ સંવત્સર, જયેષ્ઠ કૃષ્ણ-પ્રતિપદા. ઈષ્ટિ, ગુરુ હરગોવિંદસિંહ જયંતી (કાશ્મીર), ગુરુ પશ્ચિમમાં અસ્ત થાય છે. સૂર્ય મહાનક્ષત્ર મૃગશીર્ષમાં, વાહન શિયાળ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ મૂળ જન્મનક્ષત્ર શાંતિ પૂજા, ગુરુ-કેતુ પૂજા, ઔષધ ઉપચાર, પરદેશગમનનું પસ્તાનું, પ્રયાણ મધ્યમ, મિલકત લેવડદેવડના નિત્ય થતાં કામકાજ, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, પ્રાણી પાળવા, સર્વશાંતિ શાંતિ પૌષ્ટિક પૂજા.
- આચમનઃ ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ ઉડાઉ સ્વભાવ, ચંદ્ર-શનિ ચતુષ્કોણ મોટી મોટી આશાઓ રાખનાર, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ અનીતિમાન, ચંદ્ર-શુક્ર ત્રિકોણ લાગણીવાળા, ચંદ્ર-બુધ પ્રતિયુતિ સ્વતંત્ર મગજના.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ, ચંદ્ર-શનિ ચતુષ્કોણ, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ, ચંદ્ર-શુક્ર ત્રિકોણ, ચંદ્ર-બુધ પ્રતિયુતિ. ચંદ્ર વિષુવવૃત્તથી મહત્તમ દક્ષિણે ૨૮ અંશ ૨૪ કળાના અંતરે રહે છે. ગુરુ પશ્ચિમે અસ્ત થાય છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-સિંહ, બુધ-મિથુન, ગુરુ-મિથુન, શુક્ર-મેષ શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# લાખ દુઃખો કી એક દવાઃ અલ્લાહ રસૂલ અને કયામત પર ઈમાન

**ઇલાહી** કિતાબ; ઇશ્વરીય ગ્રંથ કુરાનમાં જગતકર્તા કહે છે કે,

'હું અલ્લાહ છું અને બધા જ બાદશાહોનો બાદશાહ છું.'

'બધા દુન્યવી સમ્રાટોના દિલ મારા કબ્જામાં છે, તેથી યાદ રાખો કે,'

'જયારે મારા બંદા મારી ફરમાબરદારી, આજ્ઞાઓનું પાલન કરે છે ત્યારે હું દુન્યવી બાદશાહોનું દિલ દયા-મહોબ્બતથી ભરી દઉં છું. જેથી તે પોતાની પ્રજા સાથે મહોબ્બત કરે અને જયારે મારા બંદા મારી નાફરમાની, આજ્ઞાઓના પાલનનું ઉલંઘન કરવા પર કમર બાંધે છે, તો હું તે બાદશાહોનાં દિલોમાં ક્રોધ અને નારાજગી, સખતી અને વેરવૃત્તિ નાખી દઉં છું. તે પછી તે બાદશાહ, હુકૂમતકર્તા સત્તાધીશ તેઓને મોટી મોટી તથા અસહ્ય મુસીબતોમાં ફસાવે છે. માટે તમે પોતાના હાકેમો, સત્તાધીશો વિરુદ્ધ માત્ર બદદુઆ કરવાની વ્યર્થ પ્રવૃત્તિમાં લાગેલા રહો નહીં, બલ્કે પોતાની હાલત પહેલાં સુધારો, તમારા અમલ, કર્મને સુધારવા તરફ લક્ષ આપો. જેથી બાદશાહની અત્યાચારી હરકતો, વૃત્તિ વિરુદ્ધ હું પોતે તમારા માટે કાફી, પૂરતો થઇ જાઉં...!'

સુજ્ઞવાચક બિરાદરો! ઇન્સાનની પ્રકૃતિજ એવી છે કે હંમેશાં ઝુલ્મ કરનારને જ લક્ષ બનાવે છે, તેથી બદદુઆ કરવા લાગી જાય છે. પોતાના અમલ તરફ બંદો જોતો નથી. દરેક ભલાઇ અને દરેક બુરાઇમા બંદાએ પોતાના ખાલીક (રોજી આપનાર-પાલનહાર) તરફ ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ. યકીન (વિશ્વાસ) રાખવું જોઇએ કે, બાહ્ય સબબ તો રબની મરજીનું અક્સ (પ્રતિબિંબ) છે. આપણે 'અકસ'થી હઠીને 'અસલ' (હકીકત) તરફ ધ્યાન લગાવવું જોઇએ. જો સુન્ની અને શીઆના તમામ મુસ્લિમ મોમીન બંદાઓ પોતાની સુધારણા કરી લેશે. અલ્લાહના કલામોને સાચા અર્થમાં લઇ, ફરમાનોને માથે ચઢાવશે, તો તેમની દુઆઓ કબૂલ થઇ જશે.'

ઉપરોક્ત હદીસ શરીફમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે, બંદો જયારે અલ્લાહની નાફરમાની કરવા કમર કસે છે ત્યારે બાદશાહો (હાકિમો અથવા પ્રધાનો અથવા પોલીસ)ની સખ્તી (અલ્લાહની મરજીથીજ) શરૂ થાય છે. આ હદીસે પાકમાં આજના દુઃખી, પરેશાન અને ગમઝદા મુસલમાનો માટે હિદાયત (બોધ)નો દરિયો ભરેલો છે. આ અણમોલ હદીસમાં બતાવ્યા મુજબ દરેક મુસલમાન પોતાની સુધારણામાં લાગી જાય, તો જગતકર્તા પોતે જ ઝાલિમ લોકોના ઝુલ્મમાંથી મુસલમાનોને બચાવશે. 'વલ્લાહુ ગાલિબુન અલા અમ્રીહી' અર્થાત્ 'અલ્લાહ ગાલીબ (વિજેતા) રહે છે. પોતાના કાર્યમા.'

કુરાને કરીમની સુરા નિસાની આયત પલ્મા સૃષ્ટિનો મહાન સર્જનહાર ફરમાવે છે કે - 'હે લોકો જે ઇમાન લાવ્યા છે તે અલ્લાહ અને તેના રસુલે પાકનું આજ્ઞા પાલન કરે અને તેવા લોકોનું જે તમારા પૈકી સત્તા ધરાવતા હોય, પછી કોઇ પરિસ્થિતિમાં તમારી વચ્ચે મતભેદ પડે, તો તેને અલ્લાહ અને રસુલે પાકની તરફ રજૂ કરો, જો તમે અલ્લાહ પર અને કયામત પર ખરેખર ઇમાન ધરાવતા હોવઃ આજ એક સાચી કાર્ય રીતિ છે અને તે પરિણામની દૃષ્ટિએ પણ સારી છે. જયારે કોઇ કોમ બતાવેલા માર્ગથી ચલિત થઇ જાય છે, માર્ગદર્શનને ઠોકરે ચઢાવી દે છે અને એવા નેતાઓ પાછળ લાગી જાય છે. જેઓ ધર્મનું આજ્ઞાપાલન કરતા ન હોય, તો તેવી કોમ બુરાઇઓના ખાડામાં અવશ્ય પડી જશે. તેથી જ પરવરદિગારે આલમ સ્પષ્ટ રીતે જણાવે છે, કે જો તમે ઇમાનવાળા છો, તો હવે તમારા માટે 'સિરાતે મુસ્તકીમ' (સાચો-સીધો માર્ગ) એ જ છે કે, અલ્લાહના હુકમોનું આજ્ઞાપાલન કરો. તેના દરેક હુકમમાં હિકમત (ચાતુર્ય) અને લાભ છે. દીન પણ સુધરશે, દુનિયા પણ આબાદ બનશે.

બેશક ! એ માનવી જ સફળતા પ્રાપ્ત કરી શકયો, જેણે પોતાનો ધર્મ સુધાર્યો, દુનિયા પણ સચ્ચાઇના માર્ગે ભેગી કરી અને આખેરત અર્થાત્ મૃત્યુલોકની પુંજીથી માલામાલ થઇ ગયો.

સૃષ્ટિનો મહાન સર્જનહાર રબ (રોજી આપનાર ઇશ્વર, અલ્લાહ, પ્રભુ) તેની ઇલાહી કિતાબ કુરાન કરીમમાં 'સુરા અહઝાબ'ની આયત (શ્લોક, કથન, વાકય)માં કહે છે કે.

-'હે નબી (પયગંબર હઝરત મુહંમ્મદ (સલ.) ! બેશક, હમે આપને સાક્ષી આપનાર તથા ખુશખબરી, વધામણી આપનાર તથા ડરાવનાર બનાવીને સૃષ્ટિ પર મોકલ્યા છે અને અમારા હુકમથી અમારા (અલ્લાહની) તરફ બોલાવવાનું સૌને ઇજન (આમંત્રણ) આપનાર તરીકે અને રોશન ચિરાગ, સર્વત્ર રોશની, પ્રકાશ બનાવીને મોકલ્યા છે.

- સુજ્ઞ વાચક બિરાદરો! કુરાન શરીફની વાણીને અલ્લાહતઆલાના શબ્દો તરીકે જાણો અને તેના પ્રત્યેક શબ્દોને તેના સાચા અર્થમાં સમજી તેના પર અમલ, પાલન કરો. લેભાગુ મુલ્લા-મૌલવીઓના મનઘડત અર્થોથી સાવધાન રહો. દુનિયામાં વપરાતી, બોલાતી એવી ભાગ્યે જ કોઇ ભાષા હશે જેમાં કુરાનનું ટ્રાન્સલેશન થયું નહીં હોય.

- તમારા રોજિંદા ક્રમમાં કુરાનની હિદાયત-ધર્મજ્ઞાનને વણી લો. સબ્ર કરો. જેણે દાંત આપ્યા છે તે ચાવવા માટે ખાવાનું આપવા માટે બંધાયેલો છે. તેના ઘરમાં દેર છે પણ અંધેર નથી જ. આમીન (ઇશ્વર, અલ્લાહ જીવમાત્રનું ભલું કરે).

**- શમીમ એમ. પટેલ (ભરૂચ-ગુજરાત).**

### સાપ્તાહિક સંદેશ

આ દુનિયામાં ગુના કરી ગર્વભેર ફરનારાઓ નોંધી લે, ખુદાના ડરથી કાપી ઊઠે અને તૌબા (પ્રાયશ્ચિત) કરી લે, એમાં જ તેમની ભલાઇ છે. નહીંતર કિયામત (ન્યાયનો દિવસ)ના રોજ.

* વ્યભિચારીઓના ગુપ્તાંગોમાંથી ભયાનક બદબૂ (દુર્ગંધ) ફેલાતી હશે. જેનાથી તેઓની બેઇજ્જતી થશે, લોકો જાણી જશે કે આ વ્યભિચારી હતો !

* જહન્નમ (દોઝખ)માં સળગનારા જહન્નમીઓને પણ તેમની બદબૂથી તકલીફ થશે.

- એટલું જ નહીં પણ વ્યભિચારી સ્ત્રી-પુરુષોનાં ગુપ્તાંગોને માઇલો જેટલા લાંબા કરી દેવામાં આવશે.

- પછી તેના પર સાપ તથા વિંછીઓને લગાડી દેવામાં આવશે, જેઓ તેમનાં ગુપ્તાંગોને કરડશે !

- તરસ-પ્યાસની તકલીફથી તેઓ ચીસો પાડશે અને પાણી માગશે.

અય ઇસ્લામના ચાહકો ! હુઝૂરે અનવર (સ.લ.)ના ફરમાનોને જો સારા માનતા હોય, તો આ બદીમાં કદાપી પડશો નહીં.

('રસૂલ' ઇશ્વરનો દૂત, હઝરત મુહમ્મદ સલ. 'ઇમાન': શ્રદ્ધા, સચ્ચાઇ, તાબેદારી). ■

## પહેલા પાનાનું ચાલુ

### ટ્રેનની તત્કાલ ટિકિટ

ઓથોન્ટિકેશન વગર યુઝર તત્કાલ ટ્રેન ટિકિટ બુક નહીં કરી શકે. થોડા દિવસો પહેલા રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ નિયમ લાગુ કરવાની વાત કરી હતી. રેલવે મંત્રાલય દ્વારા ૧૦ જૂન ૨૦૨૫ના રોજ જાહેર કરવામાં આવેલા પરિપત્રમાં તમામ ઝોનને આ નિયમ લાગુ કરવા અંગે જાણ કરવામાં આવી હતી. જેમાં કહેવામાં આવ્યું કે, ૧ જુલાઈ ૨૦૨૫થી આઈઆરસીટીસીની વેબસાઈટ કે એપ પરથી માત્ર આધાર ઓથેન્ટિકેશન દ્વારા જ ટિકિટ બુક કરી શકાશે. ૧૫ જુલાઈ ૨૦૨૫થી તત્કાલ બુકિંગ માટે પણ આધાર આધારિત ઓટીપી ઓથેન્ટિકેશન ફરજિયાત કરવામાં આવશે. આ ઉપરાંત રેલવે એજન્ટ પણ તત્કાલ ટિકિટ બુકિંગ શરૂ થવાના ૩૦ મિનિટ સુધી ટિકિટ બુકિંગ નહીં કરી શકે. એસી ક્લાસ માટે આ સમય સવારે ૧૦ થી ૧૦.૩૦ સુધી અને નોન એસી ક્લાસ માટે ૧૧ થી ૧૧.૩૦ સુધી રહેશે.

ચોથી જૂને રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું હતું કે, ભારતીય રેલવે તત્કાલ ટિકિટ બુક કરવા માટે ઈ-આધાર ઓથેન્ટિકેશનનો ઉપયોગ શરૂ કરાશે. પોસ્ટમાં તેમણે ફાયદો જણાવતાં લખ્યું કે, આ પદ્ધતિથી રેલવેને અસલી ઉપયોગકર્તાઓને જરૂરિયાતના સમયે કન્ફર્મ ટિકિટમાં મદદ મળશે. હવે રેલવે મંત્રાલય દ્વારા ૧ જુલાઈથી આ પ્રોસેસ લાગુ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આઈઆરસીટીસી મુજબ દેશમાં યૂઝર્સની સંખ્યા ૧૩ કરોડથી વધુ છે, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે માત્ર ૧૦ ટકા યૂઝર્સ જ આધાર વેરિફાઈડ છે. આ સ્થિતિમાં તત્કાલ ટિકિટ બુકિંગ પ્રક્રિયાને મજબૂત બનાવવાના ઉદ્દેશથી ભારતીય રેલવે નિયમોને કડક બનાવી રહ્યું છે. તેમજ આધાર વેરિફાઈડ આઈઆરસીટીસી એકાઉન્ટ જ ઓનલાઈન તત્કાલ ટિકિટ બુકિંગની મંજૂરી આપી છે. ■

### કૉંગ્રેસના

અને એન ટી શ્રીનિવાસ (કુડલીગી) ના ઘરોનો સમાવેશ થાય છે. સૂત્રોએ જણાવ્યું હતું કે કર્ણાટક મહર્ષિ વાલ્મીકિ એસટી ડેવલપમેન્ટ કોર્પોરેશનના ખાતાઓમાંથી ઉપાડેલા ભંડોળનો ઉપયોગ ચૂંટણી ખર્ચ માટે - ૨૦૨૪ની લોકસભા ચૂંટણી દરમિયાન બેલ્લારી બેઠકના મતદારો અને કોંગ્રેસ કાર્યકરોને રોકડ વિતરણ કરવા માટે કરવામાં આવ્યો હોવાના આરોપ પર પુરાવા એકત્ર કરવા માટે દરોડા પાડવામાં આવી રહ્યા છે. ■

### શુભાંશુનું

ઓર્ગેનાઇઝેશન (ઇસરો)ના અધ્યક્ષ વી. નારાયણે જણાવ્યું હતું કે લૉન્ચ પેડ પરની સાત સેકંડની 'હૉટ ટેસ્ટ' વખતે પ્રૉપલશન બૅમાં પ્રવાહી ઑક્સિજનનું ગળતર જોવા મળ્યું હતું. 'ઇસરો'ની ટીમે આ સંબંધમાં 'એક્સિઓમ' અને 'સ્પેસએક્સ'ની ટીમ સાથે ચર્ચા કરી હતી અને સમારકામ થાય ત્યાં સુધી મિશન મુલતવી રાખવાનું નક્કી કરાયું હતું.

'એક્સિઓમ-ફોર' મિશન પહેલાં ૨૯ મેએ ઉપડવાનું હતું, પણ તે પ્રથમ વખત આઠ જૂન પર અને બાદમાં ૧૦ જૂન પર મુલતવી રખાયું હતું. મંગળવારે ખરાબ હવામાનને લીધે બુધવારે સાંજ પર મુલતવી રાખવાની મંગળવારે ફરજ પડી હતી.

ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ઇસરો)ના અધ્યક્ષ વી. નારાયણે મંગળવારે જણાવ્યું હતું કે ફ્લોરિડામાં સ્પેસપોર્ટ ખાતે હવામાન ખરાબ હોવાથી અવકાશયાનનું ઉડ્ડયન મોકૂફ રાખવામાં આવ્યું હતું.ભારત, પોલૅન્ડ અને હંગેરી માટે મહત્ત્વનું ગણાતું આ ૧૪ દિવસનું અવકાશી મિશન અગાઉ અમેરિકાના નેશનલ ઍરોનૉટિક્સ ઍન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા)ના ફ્લોરિડામાં આવેલા કેનેડી સ્પેસ સેન્ટર ખાતેથી મંગળવારે ભારતીય સમય મુજબ સાંજે ૫.૫૨ વાગ્યે અંતરિક્ષ ભણી ઉપડવાનું હતું, પરંતુ ખરાબ હવામાનને લીધે તે હવે ૧૧ જૂને ભારતીય સમય મુજબ સાંજે ૫.૩૦ વાગ્યે હાથ ધરવાનું નક્કી કરાયું હતું, પણ હવે ગળતરને કારણે ફરી મોકૂફ રખાયું છે.શુભાંશુ શુકલા અંતરિક્ષમાં જનારા બીજા ભારતીય બનશે. અગાઉ, રાકેશ શર્મા ૪૧ વર્ષ પહેલાં એટલે કે ૧૯૮૪માં સોવિયેત રશિયાના સોયુઝ અવકાશયાનમાં બેસીને અંતરિક્ષમાં ગયા હતા.

શુભાંશુ શુકલાનો જન્મ લખનઊમાં થયો હતો. ■

### ભગવાન જગન્નાથનો

દાસે જણાવ્યું હતું કે, દિઘા ખાતે, શ્રી જગન્નાથ, બલદેવ અને સુભદ્રા સહિતના દેવતાઓને ૧૦૮ પવિત્ર તીર્થસ્થાનો અને અન્ય પવિત્ર પદાર્થોમાંથી એકત્રિત કરેલાં પાણીથી વિધિપૂર્વક સ્નાન કરાવવામાં આવ્યું હતું.

રાજ્ય સરકારે ઇસ્કોન (ઇન્ટરનેશનલ સોસાયટી ફોર કૃષ્ણ કોન્શિયસનેસ)ને દિઘા જગન્નાથ મંદિરનું સંચાલન કરવાની જવાબદારી સોંપી છે.દાસે કહ્યું કે બેનરજીએ આ પ્રસંગે પ્રસાદ તરીકે તેમના કોલકાતા ખાતે આવેલા નિવાસસ્થાનના ઝાડમાંથી કેરી અને ફણસ મોકલ્યા છે. ■

### મુંબઈ મહાનગરપાલિકાની

જેવા કે રોડ, નદી લેન, ગટર,ટેકરી, રેલવે પાટા અને ફ્લાયઓએવરને સીમાંકન માટેના આધાર તરીકે ઉપયોગમાં લેવા. કોઈ એક મકાન, ચાલ કે ઘર, કે મકાનના રહેવાસીઓ બે વોર્ડમાં વિભાજિત નહીં થાય.જાહેરનામામાં કહેવામાં આવ્યું છે કે ખુલ્લી જગ્યા સહિતના વિસ્તારો એક જ વોર્ડમાં આવવા જોઈએ. અનુસૂચિત જાતિ અને જનજાતિ રહેતા હોય એવી રહેણાક સેટલમેન્ટમાં વિભાજન ટાળવા ખાસ ધ્યાન આપવું.

તદુપરાંત જાહેરનામામાં પ્લાનર્સને અનુરોધ કરવામાં આવ્યો છે કે દરેક વોર્ડમાં પ્રાથમિક તબીબી કેન્દ્ર, હૉસ્પિટલ, સ્મશાન,બજાર પાણી અને સેનિટેશનની સુવિધા, સ્કૂલ અને રમતના મેદાન સહિતની મૂળભૂત સુવિધાની પહોંચ તથા આંતરિક કનેક્ટિવીટી હોય એવી તકેદારી લેવાય. સુપ્રીમ કોર્ટે ગયા મહિને આદેશ આપ્યો હતો કે રાજ્ય ચૂંટણી પંચ ઓબીસી ક્વોટા અને વોર્ડ સીમાંકનની અરજીઓ સાંભળીને ચૂંટણી આગળ વધારે. રાજ્યમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી બે વર્ષથી વિલંબિત છે. ચૂંટણીમાં મુખ્ય મુકાબલો ભાજપ, શિવસેના અને એનસીપીની બનેલી મહાયુતિ અને શિવસેના (યુબીટી) અને એનસીપી (શરદચંદ્ર પવાર ) અને કૉંગ્રેસની બનેલી મહા વિકાસ આઘાડી વચ્ચે થશે. જોકે સ્થાનિક સ્તરે રાજકીય પક્ષો યુતિના સિદ્ધાંતને બદલે જીતવાની તકને પ્રાધાન્ય આપીને સ્વતંત્ર વ્યૂહરચના અપનાવી શકે. ૨૦૧૭ ની મુંબઈ મહાપાલિકા ચૂંટણીમાં અવિભાજિત શિવસેના અને ભાજપ વચ્ચેનું અંતર ઘટી ગયું હતું. શિવસેનાએ ૮૪, ભાજપે ૮૨, કૉંગ્રેસે ૩૧ અને અવિભાજિત એનસીપીએ નવ બેઠક જીતી હતી. એમએનએસ, એસપી, એઆઈએમઆઈએમ અને અપક્ષે બાકીની બેઠક જીતી હતી.

મહારાષ્ટ્રમાં છેલ્લાં ઘણાં વર્ષોથી રાહ જોવાતી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. શહેરી વિકાસ મંત્રાલયે રાજ્યની તમામ નગરપાલિકાઓના વોર્ડ માળખા અંગે આદેશો જારી કર્યા છે. આ મુજબ, મુંબઈ મહાનગરપાલિકામાં ૨૨૭ એક-સભ્ય વોર્ડ હશે. નગરપાલિકાઓ અને નગર પંચાયતોના વોર્ડ માળખા માટે અલગ-અલગ આદેશો જારી કરવામાં આવ્યા છે. તેથી હવે સ્પષ્ટ છે કે નગર પાલિકાઓ અને નગર પંચાયતોની ચૂંટણીઓ આગામી ઓક્ટોબર-નવેમ્બરમાં યોજાશે. મુંબઈ સહિત અ, ઇ અને ઈ મ્યુનિસિપલ વિસ્તારોમાં, વોર્ડ માળખાનો મુસદ્દો તૈયાર કરવાની જવાબદારી સંબંધિત કમિશનરોને સોંપવામાં આવી છે, જ્યારે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં, વોર્ડ માળખાનો મુસદ્દો તૈયાર કરવાની જવાબદારી જિલ્લા કલેક્ટરોને સોંપવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે તાજેતરમાં આદેશ આપ્યો હતો કે અન્ય પછાત વર્ગો માટે રાજકીય અનામતના મુદ્દાને કારણે અટકેલી મ્યુનિસિપલ કોર્પોરેશન, નગર નિગમ, નગર પંચાયત, જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની ચૂંટણીઓ ચાર મહિનાની અંદર યોજવામાં આવે. તે મુજબ, રાજ્ય સરકારે સ્થાનિક ચૂંટણીઓ માટે કામ શરૂ કરી દીધું છે. આ વોર્ડ રચનામાં લગભગ અઢી મહિનાનો સમય લાગશે અને આ ગૂગલ મેપ્સની મદદથી કરવામાં આવશે.

આઠ સપ્ટેમ્બર ૨૦૨૨ના કાયદા મુજબ ૨૨૭ વોર્ડ પ્રમાણે વોર્ડનું માળખું તૈયાર કરવા માટે મુંબઈ મહાનગરપાલિકાને આદેશો જારી કરવામાં આવ્યા છે. વોર્ડ બનાવતી વખતે, મ્યુનિસિપલ કમિશનરને તેમના નેતૃત્વ હેઠળની એક સમિતિની નિમણૂક કરવાની સત્તા આપવામાં આવી છે. તેમાં મ્યુનિસિપલ વિસ્તારનું જ્ઞાન ધરાવતો અધિકારી, વોર્ડ માળખા માટે નિયુક્ત કરાયેલ અધિકારી, ટાઉન પ્લાનર અને કમ્પ્યુટર નિષ્ણાતનો સમાવેશ થશે.

મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનરે વોર્ડ માળખાનો ડ્રાફ્ટ તૈયાર કરીને રાજ્ય ચૂંટણી પંચની મંજૂરી માટે મોકલવાનો રહેશે. આ પછી, રાજ્ય ચૂંટણી કમિશનર દ્વારા વોર્ડ માળખાને મંજૂરી આપવામાં આવશે. આ મંજૂરી મળ્યા પછી, મ્યુનિસિપલ કમિશનર દ્વારા વોર્ડ માળખું રજૂ કરવામાં આવશે. વાંધા અને સૂચનો મંગાવ્યા પછી, ચૂંટણી પંચ તેમને સાંભળશે અને અંતિમ વોર્ડ માળખાને મંજૂરી આપશે. આ પછી અંતિમ વોર્ડ રચના પ્રકાશિત કરવામાં આવશે. શહેરી વિકાસ વિભાગે નગર પાલિકાઓ અને નગર પંચાયતોની વોર્ડ રચના માટે પણ આદેશો જારી કર્યા છે. ૨૫ જાન્યુઆરી ૨૦૨૨ ના કાયદા મુજબ આ વોર્ડ માળખું બનાવવાના આદેશો આપવામાં આવ્યા છે. આ જવાબદારી સંબંધિત મુખ્ય અધિકારી અને જિલ્લા કલેક્ટરને સોંપવામાં આવી છે.

**ચાર સભ્યોના વોર્ડઃ A શ્રેણીઃ** પુણે, નાગપુર, **B શ્રેણીઃ** થાણે, નાસિક, પિંપરી-ચિંચવાડ, **C શ્રેણીઃ** નવી મુંબઈ, કલ્યાણ-ડોમ્બિવલી, વસઈ-વિરાર, છત્રપતિ સંભાજીનગર, **D શ્રેણીઃ** મીરા-ભાઈંદર, ભિવંડી-નિઝામપુર, ઉલ્હાસનગર, પનવેલ અને ૧૯ મ્યુનિસિપલ કોર્પોરેશન.(એજન્સી) ■

### જયપુરમાં માર્ગ

હતી. નવોઢાને ૧૮ વર્ષની ભારતી તરીકે ઓળખી કાઢવામાં આવી હતી. તે મધ્ય પ્રદેશના શહડોલના મંડોલી ગામની રહેવાસી હતી. તે ઘટનાસ્થળે મરણ પામી હતી. બીજા મૃતકો જીતુ (૩૩), સુભાષ (૨૮), રવિ કુમાર (૧૭) છે. એક મૃતકની ઓળખાણ થવાની બાકી છે. વર વિક્રમ મીના (૨૫) ઉદયપુરવાટીનો છે અને તે બીજા આઠ ઈજાગ્રસ્તોની જેમ ગંભીર હાલતમાં છે. ટક્કર એટલી ભયંકર હતી કે જાનૈયા જે વ્હિકલમાં બેઠા હતા એનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને યાત્રીઓ કાટમાળમાં સપડાઈ ગયા હતા. અકસ્માતને લીધે ટ્રાફિક જામ થઈ ગયો હતો. (એજન્સી) ■

# ચેરિટી હૉસ્પિટલમાં ગરીબો માટે રિઝર્વ બેડ્સ સુનિશ્ચિત કરવાનો નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગરીબ અને આર્થિક રીતે નબળા દર્દીઓ માટે ધર્માદા હોસ્પિટલોમાં અનામત પથારીનો યોગ્ય રીતે ઉપયોગ થઈ રહ્યો છે કે કેમ તેની સરકાર હવે સંપૂર્ણ તપાસ કરશે. ૨૩ એપ્રિલ ૨૦૨૫ના રોજ મુખ્ય પ્રધાનની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં આ મુદ્દે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. ત્યારબાદ, કાયદો અને ન્યાય વિભાગે ૧૦ જૂન ૨૦૨૫ના રોજ એક મહત્વપૂર્ણ જાહેરનામું (જીઆર) બહાર પાડ્યું છે, જેમાં ધર્માદા હોસ્પિટલોમાં પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવા માટે કડક પગલાં લેવાની જાહેરાત કરવામાં આવી હતી.

નિયમિત નિરીક્ષણ, વેબસાઇટ દસ્તાવેજીકરણ અને માસિક અહેવાલો દ્વારા ધર્માદા હોસ્પિટલો પર કડક નજર રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અનામત પથારીની વિગતો જાહેર જનતા માટે ખુલ્લી રાખવાની રહેશે અને આ બધી માહિતી વેબસાઇટ પર દસ્તાવેજીકરણના સ્વરૂપમાં ઉપલબ્ધ રહેશે. યોજનાના અમલની પારદર્શકતા માસિક અહેવાલો દ્વારા જાહેર કરવામાં આવશે. આનાથી હોસ્પિટલો તેમની જવાબદારીમાંથી છટકી શકશે નહીં.

નિરીક્ષણ ટીમમાં ચેરિટી કમિશનર, મહારાષ્ટ્ર રાજ્ય અથવા તેમના દ્વારા નિયુક્ત સભ્યો, મુખ્ય સચિવ, તબીબી શિક્ષણ અને દવા વિભાગ અથવા તેમના દ્વારા નિયુક્ત સભ્યો, ચેરિટી હોસ્પિટલ હેલ્પ ડેસ્કના વડા અથવા તેમના દ્વારા નિયુક્ત સભ્યોનો સમાવેશ થશે. ■

## નવા નિયમોની મજબૂત જોગવાઈઓ

- **દેખાતી જગ્યાઓ પર પ્લેટો લગાવવી જોઈએઃ** ચેરિટી કમિશનરની ઓફિસ દ્વારા તમામ ચેરિટેબલ હોસ્પિટલોમાં દેખાઈ શકે એવી જગ્યાઓ પર માહિતી આપતા બોર્ડ લગાવવા પડશે, જેમાં સરકારી યોજનાઓ અને હોસ્પિટલમાં કાર્યરત અન્ય માહિતી દર્શાવવામાં આવશે. આ માહિતી બધાને ઓનલાઈન સિસ્ટમ અને 'ડિજિટલ આર્કાઇવ' પર પણ ઉપલબ્ધ કરાવવી પડશે.
- **હોસ્પિટલોની યાદી સબમિટ કરવીઃ** સંબંધિત વિભાગોએ સ્થાનિક મ્યુનિસિપલ વિસ્તારમાં જમીન અને અન્ય છૂટછાટો લેતી અને કેન્દ્ર/રાજ્ય સરકાર/જિલ્લા મેજિસ્ટ્રેટ પાસેથી જમીન માટે છૂટછાટો લેતી હોસ્પિટલોની યાદી તૈયાર કરવી જોઈએ અને આ યાદી કાયદો અને ન્યાય વિભાગને સુપરત કરવી જોઈએ.
- **ટાળમટોળ કરનારા સામે કાર્યવાહીઃ** મહારાષ્ટ્ર જાહેર આરોગ્ય અધિનિયમ ૧૯૫૦ અને માનનીય હાઈકોર્ટના અદાલતી ચૂકાદા અનુસાર તૈયાર કરાયેલી યોજનાઓ હેઠળ ઉપરોક્ત યોજનાઓના અમલથી બચતી અને યોજનાઓના અમલ માટે તૈયાર કરાયેલી ઓનલાઈન સિસ્ટમનો ઉપયોગ કરીને છટકી જતી ચેરિટેબલ હોસ્પિટલો સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.
- **રિપોર્ટ્સ ઉપલબ્ધ કરાવવાઃ** હોસ્પિટલો અને ચેરિટી કમિશનરની ઓફિસે જાહેર અધિકારીઓની માગણી મુજબ ગરીબ અને સંવેદનશીલ જૂથોના દર્દીઓની સારવાર અંગે ચેરિટી હોસ્પિટલો પાસેથી પ્રાપ્ત માસિક અહેવાલો ઉપલબ્ધ કરાવવા પડશે.
- **સંબંધિતોના ધ્યાન પર લાવવાની જવાબદારીઃ** ચેરિટી કમિશનરની કચેરીએ ઉપરોક્ત સૂચનાઓ સંબંધિતોના ધ્યાન પર લાવવાની કાળજી લેવી જોઈએ અને સૂચનાઓ અનુસાર જરૂરી પગલાં લેવા જોઈએ.

સરકારી સ્તરે નિયમિત અને પારદર્શક નિરીક્ષણ થી ચેરિટેબલ હોસ્પિટલોમાં અનામત પથારીનો ઉપયોગ ફક્ત જરૂરિયાતમંદ દર્દીઓ માટે જ થઈ રહ્યો છે તે સુનિશ્ચિત કરવામાં મદદ મળશે. નવા નિયમો સાથે જવાબદારી ટાળતી હોસ્પિટલો માટે કોઈ છટકબારી રહેશે નહીં. મુખ્ય પ્રધાન સહાયતા સેલ અને ચેરિટી હોસ્પિટલ હેલ્પ સેલથી જરૂરિયાતમંદોને ન્યાય મળશે. આ પગલાંનું કેન્દ્ર દર્દીઓના અધિકારો અને સંસ્થાઓની પારદર્શિતા છે. સરકારનું આ પગલું જરૂરિયાતમંદોને યોગ્ય સારવાર પૂરી પાડવા માટે એક મહત્વપૂર્ણ પગલું હશે, એમ સેલના વડા, રામેશ્વર નાઈકે જણાવ્યું હતું.■

# ટ્રાફિકની સમસ્યા હળવી કરવા થાણે - બોરીવલી ટનલ લંબાવાશે

થાણાઃ ટ્રાફિક સમસ્યા હળવી કરવા મહારાષ્ટ્ર સરકારે થાણે - બોરીવલી ટનલ પ્રોજેક્ટમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. બુધવારે સંબંધિત અધિકારીઓએ આપેલી માહિતી અનુસાર એક્ઝિટ પોઇન્ટનો વિસ્તાર કરવાથી વાહનોની ભીડ ઓછી થશે.

થાણેના માનપાડા વિસ્તારમાં મુલ્લા બાગ ખાતેની હાઉસિંગ સોસાયટીઓના કેટલાક રહેવાસીઓએ સલામતી, આયોજન અને પર્યાવરણની સલામતી સંબંધિત સમસ્યાઓ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

૧૬ હજાર ૬૦૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનારી ૧૧.૮ કિલોમીટરની આ ટનલથી મુંબઈના ઉત્તર છેડે બોરીવલી અને થાણે વચ્ચેનું અંતર ૧૨ કિલોમીટર જેટલું ઘટી જશે.પરિણામે અત્યારે બે કલાકથી વધુ સમય લાગે છે તેની સામે પ્રવાસનો સમય ઝડપથી ઘટી જશે. ગયા વર્ષે ૧૩ જુલાઈએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો.

'થાણે - બોરીવલી વચ્ચે બાંધવામાં આવનારી ટનલને લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી સ્થાનિક રહેવાસીઓને ટ્રાફિકની સમસ્યામાં રાહત મળશે,' એમ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના કાર્યાલય દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે. (પીટીઆઈ)■

# નાશિક કુંભ મેળા માટે સરકાર રચશે એક મજબૂત સમિતિ

## કુંભ મેળા માટેની પ્રવૃત્તિઓ માટે ફી અને સર્વિસ ચાર્જ વસૂલી શકશે

મુંબઈઃ આવતા વર્ષે નાશિકમાં શરૂ થનારા સિંહસ્થ કુંભ મેળાના સંચાલન અને અમલીકરણ માટે વ્યાપક વહીવટી અને નાણાકીય સત્તાઓ ધરાવતી એક સંસ્થાની રચના કરવા માટે રાજ્ય સરકારે વટહુકમ બહાર પાડ્યો છે.

સંસ્થાને કુંભ મેળાના હિતમાં જરૂરી લાગતી પ્રવૃત્તિઓ માટે ફી અને સર્વિસ ચાર્જ વસૂલવાની મંજૂરી આપવામાં આવશે. આ ઉપરાંત કોઈ પણ અધિકારી અથવા કર્મચારીને સહકાર આપવામાં અવરોધ અથવા નિષ્ફળ જવા બદલ દોષી લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની પણ સત્તા સંસ્થા પાસે હશે. વટહુકમમાં જણાવાયું છે કે કોઈ પણ અદાલત પાસે અન્ય બાબતોની સાથે સંસ્થા દ્વારા જારી કરવામાં આવેલી કોઈપણ કાર્યવાહી અથવા આદેશ સામે કોઈ દાવો અથવા કાર્યવાહી કરવાનો અધિકાર નહીં હોય.

રાજ્યના શહેરી વિકાસ વિભાગ દ્વારા ચોથી જૂને બહાર પાડવામાં આવેલા નાશિક - ત્ર્યંબકેશ્વર કુંભ મેળા ઓથોરિટી ઓર્ડિનન્સમાં પ્રધાનોની એક સમિતિની રચના કરવાની પણ મંજૂરી આપવામાં આવી છે. સમિતિ સમયાંતરે ઓથોરિટીના કામની સમીક્ષા કરશે.

વટહુકમમાં નોંધવામાં આવ્યું છે કે કુંભ મેળાના હિતમાં સંસ્થાને જરૂરી લાગશે તે મુજબ સર્વિસ ચાર્જ તરીકે અને અન્ય કોઈ ચાર્જ અને ફી એરિયા તરીકે વ્યક્તિઓને પૂરી પાડવામાં આવતી સેવાઓ પર ફી વસૂલ કરી શકશે.

વસૂલ કરવામાં આવેલી રકમ અને ફી દ્વારા એકત્રિત કરવામાં આવેલા નાણાંને 'કુંભ મેળા ભંડોળ' નામના ભંડોળમાં જમા કરવામાં આવશે, જેનો ઉપયોગ ઉત્સવ અને આનુષંગિક પ્રવૃત્તિઓના આયોજન અને સંચાલન માટે અને ઓથોરિટી દ્વારા માન્ય અન્ય કોઈપણ હેતુઓ માટે કરવામાં આવશે. ■

# શનિ શિંગણાપુર મંદિરમાંથી મુસ્લિમ કર્મચારીઓને તાત્કાલિક દૂર કરવાની માગણી

મુંબઈઃ મહારાષ્ટ્રના અહિલ્યાનગર જિલ્લામાં આવેલા પ્રખ્યાત ધાર્મિક સ્થળ શ્રી ક્ષેત્ર શનિ શિંગણાપુર મંદિરમાં મુસ્લિમ કર્મચારીઓની નિમણૂકનો વિવાદ વધી રહ્યા છે. શનિ શિંગણાપુર મંદિર ટ્રસ્ટમાં કામ કરતા ૧૧૪ મુસ્લિમ કર્મચારીઓ સામે હિન્દુ સંગઠનો આક્રમક બન્યા છે. સંગઠને માગ કરી છે કે ટ્રસ્ટ તાત્કાલિક તમામ મુસ્લિમ કર્મચારીઓને પાણીચું આપે, નહીં તો ૧૪ જૂને મંદિરની બહાર સમગ્ર હિન્દુ સમાજ દ્વારા એક વિશાળ રેલી કાઢવામાં આવશે. ■

## મંદિર ટ્રસ્ટે શું કહ્યું?

આ અંગે મંદિર ટ્રસ્ટે સ્પષ્ટતા કરતા કહ્યું છે કે એ વાત સાચી છે કે મંદિર ટ્રસ્ટમાં કુલ ૧૧૪ મુસ્લિમ કર્મચારીઓ કામ કરે છે, પરંતુ મંદિર પરિસરમાં એક પણ મુસ્લિમ કર્મચારી ફરજ પર નથી. આ મુસ્લિમ કર્મચારીઓ મંદિર ટ્રસ્ટના કૃષિ વિભાગ, કચરો વ્યવસ્થાપન વિભાગ અને શિક્ષણ વિભાગમાં કામ કરે છે. ૧૧૪ મુસ્લિમ કર્મચારીઓમાંથી ૯૯ કર્મચારીઓ છેલ્લા પાંચ મહિનાથી કામ પર આવ્યા નથી. આ બધા કર્મચારીઓના પગાર બંધ કરી દેવામાં આવ્યા છે. બાકીના ૧૫ કર્મચારીઓમાંથી કેટલાક છેલ્લા ૨૦ વર્ષથી ટ્રસ્ટમાં કાર્યરત છે. ■

## વિવાદ કેમ શરૂ થયો?

૨૧ મે, ૨૦૨૫ ના રોજ મુસ્લિમ કારીગરો દ્વારા મંદિરના પવિત્ર ચબુતરા પર ગ્રીલ લગાવવાનું અને ભગવાન શનિદેવના ચબુતરાની સફાઈ અને રંગકામનું કામ કરવામાં આવ્યું ત્યારે મામલો ગરમાયો હતો. આ ઘટના પ્રકાશમાં આવતા, મહારાષ્ટ્ર મંદિર મહાસંઘ અને હિન્દુ સંગઠનોએ સખત વિરોધ કર્યો હતો. ત્યારબાદ મંદિરના ટ્રસ્ટ બોર્ડે હવે તમામ મુસ્લિમ કર્મચારીઓને મંદિર પરિસરમાંથી દૂર કરી દીધા છે. ■


# મહાયુતિ સાથે મળીને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી લડશેઃ ફડણવીસ

અકોલા (મહારાષ્ટ્ર):) ભાજપના નેતૃત્વ હેઠળનું મહાયુતિ ગઠબંધન રાજ્યમાં આગામી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ સાથે મળીને લડશે, પરંતુ જ્યાં જોડાણ નહીં થાય ત્યાં મૈત્રીપૂર્ણ મુકાબલા થશે, એમ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે જણાવ્યું હતું. ફડણવીસ સિંચાઇ અને વીજ ઉત્પાદન પ્રોજેક્ટ શરૂ કર્યા પછી અકોલામાં સંવાદદાતાઓ સાથે વાત કરી રહ્યા હતા. બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન સહિતની અનેક મહાનગરપાલિકાઓ અને અન્ય સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ છેલ્લાં ત્રણ વર્ષથી યોજાવાની બાકી છે.

પ્રદેશ ભાજપ પ્રમુખ, કાર્યકારી પ્રમુખ અને પક્ષની ચૂંટણી સમિતિને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓને લગતા નિર્ણય લેવાની સત્તા આપવામાં આવી છે એમ જણાવી ફડણવીસે ઉમેર્યું હતું કે 'અમે ગઠબંધન તરીકે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. અલબત્ત જ્યાં જોડાણ શક્ય નહીં હોય ત્યાં મૈત્રીપૂર્ણ મુકાબલો થશે.'

પ્રહાર જનશક્તિ પાર્ટીના નેતા બચ્ચુ કડુની ભૂખ હડતાળ અંગે પૂછવામાં આવતા ફડણવીસે કહ્યું હતું કે ચંદ્રશેખર બાવનકુળે તેમની સાથે વાત કરશે. કડુ ખેડૂતોના પ્રશ્નોને લગતી માંગણીઓને લઈને ચાર દિવસથી ભૂખ હડતાળ પર છે.

શહેરમાં ભાજપ દ્વારા આયોજિત એક રેલીમાં બોલતા ફડણવીસે લોકોને વિનંતી કરી હતી કે તેઓ ગયા વર્ષની વિધાનસભાની ચૂંટણી માફક આ વર્ષે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં શાસક જોડાણની તરફેણ કરે. (પીટીઆઈ)■



# પ્રતાપભાઈ જોઈશરને 'ભાનુ રત્ન એવોર્ડ' એનાયત કરાશે

મુંબઈઃ શ્રી કચ્છી ભાનુશાલી સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા 'ભાનુ રત્ન એવોર્ડ' એનાયત કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

સમાજમાં અનન્ય પ્રદાન કરનાર અને ઉલ્લેખનીય સિદ્ધિઓ પ્રાપ્ત કરવા માટે પ્રતાપભાઈ છગનલાલ જોઈશર (ગોધરા)ને 'ભાનુ રત્ન એવોર્ડ' એનાયત કરી તેમનું સન્માન કરવામાં આવશે. એવોર્ડ કાર્યક્રમની સાથે કચ્છી લોક સંગીતનો વિશેષ કાર્યક્રમ પણ યોજાશે.

૧૪મી જૂન, ૨૦૨૫ના શનિવારે સાંજે ૫.૩૦ કલાકથી ભાનુશાલી બૅન્ક્વેટ્સ, ત્રીજે માળે, ઈશ્વરા પરમેશ્વરા હોલ, ભાનુશાલી નગર, વેલજી નરશી ભાનુશાલી માર્ગ, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૭૭ના કાર્યક્રમનું આયોજન કરાયું છે. ■

# રાજ્ય અનુસૂચિત જાતિ પંચને બંધારણીય દરજ્જો

મુંબઈઃ કેબિનેટે મહારાષ્ટ્ર રાજ્ય અનુસૂચિત જાતિ આયોગને બંધારણીય દરજ્જો આપવા માટે મંજૂરી આપી છે. આગામી ચોમાસુ સત્રમાં આ બિલ રજૂ કરવામાં આવશે.

સામાજિક ન્યાયના સિદ્ધાંતને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે રાજ્યમાં વર્ષ ૨૦૦૫માં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ પંચની સ્થાપના કરવામાં આવી હતી. કેન્દ્ર સરકારમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે બે સ્વતંત્ર કમિશન કાર્યરત છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સંબંધિત વિષયો અલગ અલગ હોવાથી, કેન્દ્રીય જનજાતિ પરિષદે તેમના માટે અલગ કમિશન સ્થાપવાની ભલામણ કરી હતી. તે મુજબ, રાજ્યમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે બે સ્વતંત્ર કમિશન પણ સ્થાપવામાં આવ્યા હતા.

પ્રધાન મંડળની બેઠકમાં રાજ્ય અનુસૂચિત જાતિ પંચને બંધારણીય દરજ્જો આપવા માટે તૈયાર કરાયેલા ડ્રાફ્ટ બિલને મંજૂરી આપવામાં આવી હતી. આ સાથે, આ પંચ માટે બનાવેલી ૨૭ જગ્યાઓને પંચ હેઠળ સ્થળાંતરિત કરવાને પણ મંજૂરી આપવામાં આવી હતી. ■

# વિદ્યાર્થીઓના સ્ટાઈપેન્ડમાં વધારો

મુંબઈઃ રાજ્ય સરકારના ફિઝીયોથેરાપી, ઓક્યુપેશનલ થેરપી ડિગ્રી અને પોસ્ટગ્રેજ્યુએટ ડિગ્રી કોર્સના વિદ્યાર્થીઓના સ્ટાઇપેન્ડમાં ૬,૦૦૦ રૂપિયાથી વધુનો વધારો કરવાનો નિર્ણય પ્રધાનમંડળે લીધો છે. આ વધારો પહેલી જૂન, ૨૦૨૫ થી અમલમાં આવશે. બી.એસસી નર્સિંગ કોર્સના વિદ્યાર્થીઓ માટે સ્ટાઈપેન્ડ શરૂ કરવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે.

ફિઝિકલ થેરપી અને ઓક્યુપેશનલ થેરપીમાં ડિગ્રી કોર્ષ કરતા વિદ્યાર્થીઓને રેસિડેન્સી તાલીમ દરમિયાન માસિક રૂ. ૧,૭૫૦નું સ્ટાઈપેન્ડ મળતું હતું, જેમાં ૬,૨૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. હવે તે રૂ. ૮,૦૦૦ થશે. આ જ કોર્સના પોસ્ટગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે મોંઘવારી ભથ્થા સહિત રૂ. ૧૦,૦૦૦નો વધારો મંજૂર કરવામાં આવ્યો છે. વધારા પછી વિદ્યાર્થીઓને રૂ. ૩૩,૭૩૦નું સ્ટાઈપેન્ડ મળશે. ■

# નવી મુંબઈમાં નર્સિંગ કૉલેજના વિદ્યાર્થીની આત્મહત્યાઃ મહિલા પ્રિન્સિપાલ સામે ગુનો

થાણેઃ મહિલા પ્રિન્સિપાલે જાતિવાચક ટિપ્પણી કરી અપમાનિત કરતાં નવી મુંબઈની નર્સિંગ કૉલેજના ૧૯ વર્ષના વિદ્યાર્થીએ કથિત આત્મહત્યા કરી હોવાની ઘટના બની હતી. આ પ્રકરણે પોલીસે મંગળવારે પ્રિન્સિપાલ વિરુદ્ધ આત્મહત્યા માટે ઉશ્કેરવાનો ગુનો નોંધ્યો હતો.

રાજ્યના છત્રપતિ સંભાજીનગર ખાતે રહેતો વિદ્યાર્થી શેડ્યુલ કાસ્ટનો હતો અને નવી મુંબઈના પનવેલ વિસ્તારમાં પોયંગે ગામ ખાતે આવેલી ખાનગી કૉલેજમાં બીએસસી નર્સિંગ કોર્સના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો હતો. પનવેલ તાલુકા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના ત્રીજી જૂને બની હતી. વિદ્યાર્થીએ હોસ્ટેલની રૂમમાં બારીની ગ્રિલ સાથે કમરપટ્ટો બાંધી ગળાફાંસો ખાધો હતો. આ પ્રકરણે વિદ્યાર્થીની માતાએ નોંધાવેલી ફરિયાદને આધારે એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો. એફઆઈઆરમાં આક્ષેપ કરાયો હતો કે છેલ્લા કેટલાક મહિનાઓથી પ્રિન્સિપાલ વિદ્યાર્થી માટે કથિત જાતિવાચક અપશબ્દો બોલતી હતી. અન્ય વિદ્યાર્થીઓ સામે તેનું અપમાન કરતી હતી અને તેના પુરુષત્વ વિશે વાંધાજનક ટિપ્પણી કરતી હતી. માનસિક સતામણી અને અપમાન સહન ન થતાં વિદ્યાર્થીએ અંતિમ પગલું ભર્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.

ગુનો નોંધી પોલીસે આક્ષેપોની તપાસ હાથ ધરી હતી. સાક્ષીઓ અને કૉલેજના કર્મચારીઓનાં નિવેદન નોંધવામાં આવી રહ્યાં છે. જરૂરી પુરાવા એકઠા કરવામાં આવી રહ્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# બાબા સિદ્દીકી હત્યાકેસનો માસ્ટરમાઈન્ડ જીશાન અખ્તર કેનેડામાં પકડાયો

## મુંબઈ પોલીસે તેને ભારત પાછો લાવવાની પ્રક્રિયાઓ શરૂ કરી

મુંબઈઃ રાષ્ટ્રવાદી કૉંગ્રેસના નેતા બાબા સિદ્દીકી હત્યાકેસના માસ્ટરમાઇન્ડ જીશાન અખ્તર ઉર્ફે જસ્સી ઉર્ફે યાસીન અખ્તરને કેનેડા પોલીસે અટકાયતમાં લીધો છે. મુંબઈ પોલીસે આ અહેવાલને સમર્થન આપ્યું છે અને કહ્યું છે કે જીશાન અખ્તરને પ્રત્યર્પણ કરી ભારત લાવવાની પ્રક્રિયાઓ શરૂ કરવામાં આવી છે. પંજાબના જલંધરનો વતની જીશાન ગેન્ગસ્ટર લોરેન્સ બિશ્નોઇની ટોળકી સાથે જોડાયેલો છે. તે હત્યાના કાવતરામાં સામેલ હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર સિદ્દીકીની હત્યા બાદ જીશાન ફરાર થઇ ગયો હતો અને પાકિસ્તાનના ગેન્ગસ્ટર શહજાદ ભટ્ટીની મદદથી કેનેડા પહોંચી ગયો હતો. કેનેડા પોલીસે જીશાનને કયા ગુનામાં પકડયો તે જાણી શકાયું નથી.

જીશાન વિરુદ્ધ પંજાબમાં હત્યા, હત્યાનો પ્રયાસ, ખંડણી અને લૂંટ સહિત અને ગુના નોંધાયેલા છે. તે ગેન્ગસ્ટર લોરેન્સ બિશ્નોઇના ભાઇ અનમોલના સીધા સંપર્કમાં હતો. ૨૦૨૨માં જલંધર પોલીસે હત્યાના કેસમાં જીશાનની ધરપકડ કરી હતી અને પટિયાલા જેલમાં તે લોરેન્સ બિશ્નોઇ ગેન્ગના સભ્યોના સંપર્કમાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ૧૨ ઑક્ટોબર, ૨૦૨૪ના રોજ બાબા સિદ્દીકીની બાંદ્રા વિસ્તારમાં તેના પુત્ર જીશાન સિદ્દીકીની ઓફિસ બહાર ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. સિદ્દીકીની હત્યા બાદ જીશાન ફરાર હતો અને પોલીસ તેને શોધી રહી હતી. સિદ્દીકી પર હુમલાની જવાબદારી લોરેન્સ બિશ્નોઇ ગેન્ગે સ્વીકારી હતી.

સિદ્દીકી હત્યાકેસમાં પોલીસે મુખ્ય શૂટર શિવકુમાર ગૌતમ સહિત ૨૬ આરોપીઓની ધરપકડ કરી હતી. મુંબઈ પોલીસે ઉત્તર પ્રદેશ પોલીસ સાથે જોઇન્ટ ઓપરેશન હાથ ધરીને શિવકુમારને પકડી પાડ્યો હતો. બાદમાં તમામ આરોપીઓ વિરુદ્ધ મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ (એમસીઓસીએ) લગાવાયો હતો. ■

# મલયેશિયાથી પ્રત્યર્પણ દ્વારા લવાયેલો ચિચકર નવી મુંબઈ પોલીસની કસ્ટડીમાં

થાણેઃ નવી મુંબઈમાંથી જપ્ત કરાયેલા ડ્રગ્સના કેસમાં મલયેશિયાથી પ્રત્યર્પણ દ્વારા ભારત લવાયેલા નવીન ચિચકરની નવી મુંબઈ પોલીસે બુધવારે કસ્ટડી મેળવી હતી. ગયા મહિને ભારત લાવવામાં આવ્યા બાદ નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો (એનસીબી)એ ચિચકરની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ નવી મુંબઈમાંથી તાજેતરમાં જપ્ત કરાયેલા ગાંજાના કેસમાં ચિચકર મુખ્ય આરોપી છે.

મલયેશિયાથી ચિચકરને લાવવામાં આવ્યા પછી 'આંતરરાષ્ટ્રીય ડ્રગ સિન્ડિકેટ'ના સૂત્રધાર તરીકે નવી મુંબઈમાં રહેતા ચિચકર (૩૫)ની એનસીબીએ ધરપકડ કરી હતી. એન્ટી-નાર્કોટિક્સ એજન્સીઓ દ્વારા નોંધવામાં આવેલા અનેક કેસમાં ચિચકર ફરાર હતો.

ચિચકર દ્વારા ઑપરેટ કરાતા કાર્ટેલે કોકેન અને ગાંજા સહિત અંદાજે ૧,૧૨૮ કરોડ રૂપિયાના ડ્રગ્સનું ભારતમાં વેચાણ કર્યું હોવાનું કહેવાય છે. આ ડ્રગ્સ કાર્ગો શિપમેન્ટ્સથી અમેરિકાથી લાવવામાં આવ્યું હોવાનું તપાસમાં જણાયું હતું.

ભારત લાવવામાં આવ્યા પછી નવીન ચિચકરને નવી મુંબઈની તળોજા જેલમાં રાખવામાં આવ્યો હતો. ડ્રગ્સના કેસમાં નવી મુંબઈ પોલીસે બુધવારે તેની કસ્ટડી લીધી હતી, એમ આસિસ્ટન્ટ પોલીસ કમિશનર ભાઉસાહેબ ઢોલેએ જણાવ્યું હતું.

ગાંજાના વેચાણ સંબંધી માહિતી મળ્યા પછી એન્ટી-નાર્કોટિક્સ સેલ દ્વારા નવી મુંબઈના નેરુળ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવાયો હતો. આ કેસમાં અત્યાર સુધીમાં આરોપી તરીકે ૩૨ જણનાં નામનો સમાવેશ કરાયો છે, જેમાંથી ૧૮ આરોપીની ધરપકડ કરાઈ હતી. આ પ્રકરણમાં ચાર કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું. (પીટીઆઈ)■

# બોમ્બે હાઈ કોર્ટની કાર્યવાહીનું જીવંત પ્રસારણ કરવામાં આવશે

મુંબઈઃ કોર્ટની સુનાવણીમાં જાહેર જનતાની પહોંચ વધારવા અને ન્યાયિક પારદર્શિતાના હેતુસર હાઈ કોર્ટ તેની પાંચ બેન્ચની કાર્યવાહીનું લાઈવ પ્રસારણ શરૂ કરવા જઈ રહી હોવાનું બોમ્બે હાઈ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ આલોક આરાધેએ જણાવ્યું હતું.

મુખ્ય ન્યાયાધીશ આરાધે અને ન્યાયાધીશ સંદીપ વી. માનેની બેન્ચ સમક્ષ સુનાવણી દરમિયાન આ જાહેરાત કરવામાં આવી હતી, જ્યારે એડવોકેટ મેથ્યુઝ જે. નેદુમ્પરાએ કોર્ટની કાર્યવાહીનું લાઈવ પ્રસારણ કરવાની માગણી કરતી જાહેર હિતની અરજીનો ઉલ્લેખ કર્યો હતો. નેદુમ્પરા તરફથી હાજર રહેલા એડવોકેટ સુભાષ ઝાએ આ મુદ્દા પર તાત્કાલિક સુનાવણીની માગણી કરી હતી અને કહ્યું હતું કે લાઈવ સ્ટ્રિમિંગ માત્ર હાઈ કોર્ટમાં જ નહીં, પરંતુ નીચલી અદાલતોમાં પણ લાગુ થવું જોઈએ. દિલ્હીની નીચલી અદાલતોમાં આવી ટેક્નોલોજીનો ઉપયોગ પહેલાથી જ થઈ રહ્યો હોવાનું તેમણે જણાવ્યું. ■

# લઘુમતી કોલેજોમાં એફવાયજેસી એડમિશનમાં ક્વોટા બાબતે હાઇ કોર્ટે રાજ્ય સરકારને સવાલ કર્યો

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે બુધવારે મહારાષ્ટ્ર સરકારના ઠરાવ (જીઆર) પાછળના તર્ક પર સવાલ ઉઠાવ્યો હતો. ઠરાવમાં લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓને બંધારણીય અને સામાજિક અનામતનો અમલ કરીને પ્રથમ વર્ષના જુનિયર કોલેજમાં એડમિશન પ્રક્રિયા પાર પાડવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

ન્યાયમૂર્તિ એમ એસ કર્ણિક અને ન્યાયમૂર્તિ એન આર બોરકરની ખંડપીઠે સરકારી વકીલ નેહા ભીડેને કહ્યું હતું કે સરકાર છઠ્ઠી મેએ જારી કરાયેલા ઠરાવમાં સુધારો કરવા અથવા કલમ પાછી ખેંચવા માટે તૈયાર છે કે કેમ એની જાણકારી માંગે છે.

'તમે (સરકાર) લઘુમતી સંસ્થાઓને જીઆરના દાયરામાં શા માટે લાવ્યા? એમાંથી લઘુમતી સંસ્થાઓને હટાવી લો. દર વખતે તમારે અદાલતના આદેશની જરૂર નથી હોતી.

ખંડપીઠે સરકારી વકીલ નેહા ભીડેને કહ્યું હતું કે સુધારો પાછો ખેંચવો કે જારી કરવો મુશ્કેલ નથી. ખંડપીઠે સરકારી વકીલને જાણકારી મેળવવા જણાવ્યું હતું. આ મામલાની વધુ સુનાવણી ગુરુવાર પર મુલતવી રાખી હતી. (પીટીઆઈ)■

# મુંબઈમાં બહેતર બસ સર્વિસ માટે ટાસ્ક ફોર્સની રચના

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે મુંબઇ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર) માટે ઇન્ટિગ્રેટેડ બસ ટ્રાન્સપોર્ટ પ્લાન તૈયાર કરવા માટે ૧૨ સભ્યોની ટાસ્ક ફોર્સની રચના કરી છે. પ્રવાસીઓ એક જ ટિકિટ લઈ આસાનીથી મુસાફરી કરી શકે એ આ યોજનાનો ઉદ્દેશ છે.

શહેરી વિકાસ વિભાગ દ્વારા મંગળવારે બહાર પાડવામાં આવેલા સરકારી ઠરાવ (જીઆર) મુજબ બૃહન્મુંબઈ ઇલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ના જનરલ મેનેજર ટાસ્ક ફોર્સના અધ્યક્ષ હશે, જ્યારે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)ના પરિવહન અને ટ્રાફિક વિભાગના વડા તેના સચિવ તરીકે ફરજ બજાવશે.

થાણે, નવી મુંબઈ, કલ્યાણ-ડોમ્બિવલી, વસઈ-વિરાર, મીરા-ભાયંદર, ભિવંડી-નિઝામપુર, ઉલ્હાસનગર અને પનવેલના મ્યુનિસિપલ કમિશનરો આ પેનલનો હિસ્સો બનશે અને એમાં બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) અને એમએમઆરડીએના એડિશનલ મ્યુનિસિપલ કમિશનરો સામેલ હશે.

આ ટાસ્ક ફોર્સની રચના આ વર્ષે સાતમી એપ્રિલે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં થયેલી ગ્રોથ હબ રેગ્યુલેટરી બોર્ડની બેઠક દરમિયાન જારી કરવામાં આવેલા નિર્દેશો બાદ કરવામાં આવી હતી. પેનલને આ વિસ્તારમાં કાર્યરત તમામ જાહેર બસ પરિવહન સર્વિસને સાંકળી લેવા માટે એક વ્યાપક યોજના તૈયાર કરવાની કામગીરી સોંપવામાં આવી છે એવી સ્પષ્ટતા ઠરાવમાં કરવામાં આવી છે. (પીટીઆઈ)■

# વિકાસ પ્રકલ્પોના ખર્ચને પહોંચી વળવા સુધરાઈ હવે પ્લોટ લીઝ પર આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની આવકમાં ઘટાડા સામે કરોડો રૂપિયાના હાથ ધરેલા પ્રોજેક્ટના ખર્ચા વધી રહ્યા છે. તેથી પાલિકાએ આવકનો સ્રોત વધારવા માટે પોતાની માલિકીના કરોડો રૂપિયાના પ્લોટ લીઝ પર આપવાની છે, જેમાં ફોર્ટમાં આવેલી છત્રપતિ શિવાજી મહારાજ માર્કેટ અને વરલીની અસ્ફાલ્ટ પ્લાન્ટની જગ્યા લિલામ પદ્ધતિએ ભાડા પર આપવાની છે, જેની માટે અનેક કંપનીઓએ આગળ આવી છે. ફોર્ટ અને વરલીની જગ્યા મોકાની હોવા છતાં વરલી માટે વધુ બોલી લાગી હોવાનું જણાયું છે.

સુધરાઈએ આવક ઊભી કરવા માટે ભવિષ્યમાં પોતાના કામની નહીં હોય તેવી જગ્યાઓ લીઝ પર (ભાડા) આપીને મહેસુલ ઊભું કરવાનો નિર્ણય લીધો છે. તે માટે ત્રણ પ્લોટ લીઝ પદ્ધતિએ ભાડા પર આપવા માટે લોકો પાસે અરજી મગાવી હતી, જેમાં મલબાર હિલની જગ્યા બેસ્ટ ઉપક્રમ પાસે જ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને હવે ફક્ત વરલી અને ફોર્ટમાં આવેલી છત્રપતિ શિવાજી મહારાજ માર્કેટની જગ્યાની જ લિલામી કરવાની છે.

સુધરાઈની એકમાત્ર વરલીની અસફાલ્ટની ૧૦,૮૪૭ ચોરસ મીટરની જગ્યા લિલામી પદ્ધતિએ ભાડા પર આપવા માટે ફેબ્રુઆરીમાં બહાર પાડેલી જાહેરાતાં ૨૦૬૯ કરોડ રૂપિયા નક્કી કરવામાં આવ્યા હતા પણ કોઈ પ્રતિસાદ નહીં મળતા પ્લોટનો દર ઘટાડીને તેને ૭૫૫ કરોડ રૂપિયા કરવામાં આવ્યો હતો. આ જગ્યા માટે ત્રણ અરજી આવી છે અને તે માટે સૌથી વધુ બોલી ૭૮૩ કરોડ રૂપિયાની લગાવવામાં આવી છે.

## બાન્દ્રા લિંક સ્કવેર મૉલમાં આગ

# ફાયર સૅફટી સિસ્ટમમાં ખામી હતી, ફાયરબ્રિગેડ પણ ઘટના સ્થળે મોડી પહોંચી હતી

મુંબઈઃ બાન્દ્રા (પશ્ચિમ)માં લિંક સ્કવેર મૉલમાં ૨૯ એપ્રિલ, ૨૦૨૫ના લાગેલી આગની તપાસમાં મૉલમાં ફાયર ફાઈટિંગ સિસ્ટમમાં ગંભીર ખામીઓ હોવાનું જણાઈ આવ્યું છે. આ સિસ્ટમ ઓટોમેટિક હોવાને બદલે મેન્યુઅલ હતી અને તે પણ કામ કરતી ન હોવાનું જણાયું છે. તપાસ બાદ તેનો અહેવાલ સુધરાઈ કમિશનર ભૂષણ ગગરાણીને સબમીટ કરવામાં આવ્યો છે, જેમાં લાઈસન્સ ફાયર સેફટી એજન્સીને જવાબદાર ગણીને તેની સામે આકરા પગલાં લેવાની ભલામણ કરવામાં આવી છે.

જોઈન્ટ મ્યુનિસિપલ કમિશનર ગંગાધરણના નેતૃત્વમાં તપાસ ટીમે બાવીક કલાક ચાલેલી આગ કેટલી ઝડપથી લાગીને ફેલાઈ તેનું નિરીક્ષણ કર્યું હતું. બેઝમેન્ટમાં શોર્ટ સર્કિટને કારણે લાગેલી આગ બાદ ફાયરબ્રિગેડને ઘટના સ્થળે પહોંચવામાં થયેલા વિલંબની પણ તપાસ પણ કરવામાં આવી છે. અહેવાલમાં જણાવાયું છે કે મૉલને ચારે તરફથી કાચની બંધ કરવામાં આવ્યો હતો, તેને કારણે આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી. તેમાં પાછું મોબાઈલ ફોન, બૂટ, ઈલેક્ટ્રોનિક સામાન, રેડીમેડ કપડા, કોસ્મેટિક, લાકડાનું ફર્નિચર, ઈલેક્ટ્રિક ઉપકરણો અને ઈલેક્ટ્રિક કેબલ સહિતના અત્યંત જ્વલનશીલ પદાર્થોની હાજરીથી આગ વધુ તીવ્ર બની હતી. ઘટના દરમ્યાન મુખ્ય ફાયર સેફીટ સિસ્ટમ બિનકાર્યક્ષમ હોવાનું જણાયું હતું. ફાયર સપ્રેશન સિસ્ટમ, સ્પ્રીકલર વોટર સપ્લાય પણ કામ કરતા નહોતા.

# ક્લાસિફાઈડ


### ૧૨. યાત્રા સહેલગાહ

**શ્રીજી ટ્રાવેલ્સ**

4 સ્ટાર અને 5 સ્ટારમાં ફરવાવાળા માટે રાજસ્થાનનું ખૂબ જ રિઝનેબલ ભાવમાં, મીનીમમ ૧૦ જણાનું પેકેજ બ્રેકફાસ્ટ અને ડીનર, લક્ઝરી ગાડીમાં ફરવા સાથે જૂન, જુલાઈ, ઓગષ્ટમાં તમારી ડેટ મુજબ અને શ્રીલંકા, દુબઈ, સિંગાપુર, થાઈલેન્ડ, વિયેતનામ, ડોમેસ્ટિક ટુર, એર ટિકિટ, હોટેલ બુકિંગ માટે સંપર્કઃ 9820891965. (બી-૧૬૦૮૦)

■ વ્યક્તિગત પ્રવાસ Bfast Dinner સાઈટસીઈંગ ખાનગી કાર પ્રતિ યુગલથી શરૂ થાય છે કેરળ 40000, હિમાચલ 45000, આંદામાન 48000, ઉત્તરાંચલ 52000, સિક્કિમ 58000, થાઈલેન્ડ 44000, શ્રીલંકા 54000, સિંગાપોર 99000 એરફેર વિઝા વધારાના Best Deals લોનાવાલા, સિલ્વાસા, દમણ, ગોવા અને અન્ય સ્થળો માટે પણ અરહામ હોલિડે 9769977466/ 9892534488/9326373672. (બી-૧૬૦૩૫)

### ૧૪. નોકરી ખાલી છે

■ પાર્ટ ટાઈમ સુવર્ણ તક નિવૃત્ત/ હોમમેકર. Age: 45+. પગાર 7208494371/ 8652481180. (બી-૧૬૦૮૧)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૩૨. જમીન - મિલકત

2 BHK FLAT ON LEASE 640 sq. ft. Fully Furnished 2nd Floor D. N. Nagar, Andheri (West) Contact Nos. 7574894998. (B-16093)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**ACE પેસ્ટીસાઈડ**

(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૫૯૯૨-એ)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૫૯૮૨-ડી)



**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


છેલ્લા પાનાનું ચાલુ

## કર્ણાક બ્રિજનું

મૂકી દેવામાં આવશે એવી જાહેરાત મુંબઈ મહાનગરપાલિકાએ કરી છે.

દક્ષિણ મુંબઈના ૧૨૫ વર્ષ જૂના કર્ણાક બંદર બ્રિજને ૨૦૨૨ની સાલમાં તોડી પાડવામાં આવ્યો હતો. આ બ્રિજનું મુખ્ય બાંધકામ પૂરું થઈ ગયું છે. મંગળવારે પાલિકાના એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજિત બાંગરે કર્ણાણ બ્રિજના કામનું નિરીક્ષણ કર્યા બાદ જણાવ્યું હતું કે પુલનું મુખ્ય બાંધકામ વિક્રમી સમયમાં કરવામાં આવ્યું છે. બ્રિજના કામ માટે ૧૦ જૂન,૨૦૨૫ની ડેડલાઈન મુજબ પૂરું કરવામાં સફળતા મળી છે. હવે લેન માર્કિંગ, સ્ટ્રીટ લાઈટ અને પેન્ટિંગ, થર્મોપ્લાસ્ટ, કેટ આઈઝ જેવા નાના-મોટા કામ બાકી છે, જે આગામી ચારેક દિવસમાં એટલે કે ૧૪ જૂન સુધીમાં પૂરા કરી નાખવામાં આવશે. બ્રિજની ભારક્ષમતા, સ્થિરતા અને સુરક્ષા તપાસવા માટે ૧૩ જૂન, ૨૦૨૫ના લોડ ટેસ્ટ કરવામાં આવશે અને તેનાં પરિણામ ૪૮ કલાક એટલે કે ૧૫ જૂન, ૨૦૨૫ના અપેક્ષિત છે. લોડ ટેસ્ટનું સર્ટિફિકેટ મળ્યા બાદ વીરમાતા જિજાબાઈ ટેક્નોલોજીકલ ઈન્સ્ટિટ્યુટના નિષ્ણાતોની સલાહ લઈને અને એ બાદ ટ્રાફિક પોલીસ સાથે સમન્વય સાધીને બ્રિજને ટ્રાફિક માટે ખુલ્લો મૂકવામાં આવશે. દક્ષિણ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ, મસ્જિદ બંદર અને મોહમ્મદ અલી રોડ પરિસરના ટ્રાફિક માટે કર્ણાક બ્રિજ મહત્ત્વનો છે. કર્ણાક બ્રિજ જર્જરિત હાલતમાં હોવાથી મધ્ય રેલવેએ તેને જોખમી જાહેર કર્યો હતો અને ઑગસ્ટ, ૨૦૨૨માં તેને તોડી પાડવામાં આવ્યો હતો. મસ્જિદ બંદર પરિસરમાં પૂર્વ અને પશ્ચિમને જોડનારા આ બ્રિજનું કામ પાલિકાએ હાથ ધર્યું હતું. હાલ આર.સી.સી. ડેક સ્લેબ, ડામરીકરણ, પાલિકાની હદમાં પૂર્વ અને પશ્ચિમ બાજુનો એપ્રોચ રોડ જેવા કામ પૂરા થઈ ગયા છે.

કર્ણાક બ્રિજની કુલ લંબાઈ ૩૨૮ મીટર છે, જેમાં રેલવે હદમાં ૭૦ મીટરની છે. પાલિકાની હદમાં આવતા એપ્રોચ રોડની લંબાઈ ૨૩૦ મીટર અને છે, જેમાં પશ્ચિમમાં ૧૦૦ અને પૂર્વમાં ૧૩૦ મીટરની છે. રેલવે પાટા પર પુલને ઊભા કરવા માટે આરસીસી પીલરની ઊપર ૫૫૦ મેટ્રિક ટન વજનના ૭૦ મીટર લાંબા, ૨૬.૫૦ મીટર પહોળા અને ૧૦.૮ મીટર ઊંચાઈના બે ગર્ડર બેસાડવામાં આવ્યા છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત ૫૫૦ મેટ્રિક ટન વજનના દક્ષિણ બાજુએ લોખંડના ગર્ડર ૧૯ ઑક્ટોબર, ૨૦૨૪ના અને ઉત્તર બાજુએ લોખંડના ગર્ડર ૨૬ અને ૩૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રેલવે ભાગમાં ખસેડવામાં આવ્યા હતા. તે માટે સ્પેશિયલ બ્લોક લેવામાં આવ્યા હતા. ગર્ડર બેસાડવામાં આવ્યા બાદ બે ફેબ્રુઆરી , ૨૦૨૫થી પૂર્વમાં પાયાની ભરણીથી ડામર નાખવાના કામ ચાર મહિનામાં પૂરા કરવામાં આવ્યા છે. ટેક્નિકલી અત્યંત પડકારજનક અને જોખમી કામ હતું. આ પ્રોજેક્ટ માટે સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે. પૂર્વ અને પશ્ચિમમાં આરસીસી ડેક સ્લેબનું કામ પણ પૂરું થઈ ગયું છે. રોડ પર કૉંક્રીટ, માસ્ટિક, નોઈઝ બેરિયર્સ જેવા કામ પણ પૂરા થઈ ગયા છે. રેલવેની હદમાં એન્ટી ક્રશ બેરિયર્સ બેસાડવામાં આવ્યા છે. વિક્રોલીના બ્રિજનું મુખ્ય કામ પહેલી જૂને પૂરું કરી નાખવામાં આવ્યું હતું પણ તેના હજી નાના-મોટા કામ ચાલી રહ્યા હોવાથી તેને ખુલ્લો મૂકવામાં હજી ત્રણથી ચાર દિવસ લાગશે એવું એડિશનલ કમિશનર અભિજિત બાંગરે જણાવ્યું હતું.

## સરકારી સેવામાં હવે

થનારા કુલ અધિકારીઓની સંખ્યા, કાર્યનું સ્વરૂપ, મંજૂર પગાર આ જાહેરાતમાં ઉલ્લેખ કરવામાં આવશે. આ માધ્યમથી અરજીઓ મંગાવ્યા પછી, નિવૃત્ત અધિકારીઓને સંબંધિત સેવાઓમાં નિમણૂક કરવામાં આવશે. એક વર્ષનો પ્રારંભિક કરાર કરીને જરૂરિયાત મુજબ દર વર્ષે આ કરાર લંબાવવામાં આવશે. ગ્રુપ-એ અને ગ્રુપ-બી કેડરના અધિકારીઓ નિવૃત્તિ પછી કરાર આધારિત કામ કરી શકશે.

જોકે, સામાન્ય વહીવટ વિભાગે સ્પષ્ટતા કરી છે કે ગ્રુપ સી અને ગ્રુપ ડીના કર્મચારીઓને નિવૃત્તિ પછી કરાર આધારિત નિયુક્ત કરી શકાતા નથી. તેવી જ રીતે કરાર આધારિત નિવૃત્તિ પછી પણ કોઈ વિભાગીય તપાસ કરી શકાતી નથી. આ નિવૃત્ત અધિકારીઓને મૂળ પેન્શન, મોંઘવારી ભથ્થું, મુસાફરી ભથ્થું, રહેઠાણ ભથ્થું, ટેલિફોન ભથ્થું સહિત કુલ ૮૦,૭૫૦ રૂપિયા ચૂકવવામાં આવશે.

## ખાડાની ફરિયાદ કરવા

છે. તેથી ખાડાની ફરિયાદ કરવા વૉટ્સઍપ ચેટબૉટ સર્વિસ ચાલુ કરવાની સાથે જ ઍપ પર ખાડાની ફરિયાદ નોંધાવાની મુંબઈગરાને અપીલ કરી છે. મુસળધાર વરસાદની સાથે જ સતત વરસાદને કારણે રસ્તા પર ખાડા પડવાના હોવાનું સ્વીકાર કરી લેનારી સુધરાઈએ આ ખાડાનું ઝડપથી સમારકામ કરવા માટે 'પૉટહોલ ક્વિકફિક્સ' મોબાઈલ ઍપ અને વૉટ્સ ઍપ ચેટબૉટ (૮૯૯૯૨૨૮૯૯૯) સર્વિસ ચાલુ કરી છે. 'પૉટહોલ ક્વિકફિક્સ' મોબાઈલ ઍપ નવ જૂન, ૨૦૨૫થી નાગરિકો માટે ચાલુ કરવામાં આવી છે. પ્રશાસનના દાવા મુજબ રસ્તા પરના ખાડાના સમારકામની પ્રક્રિયામાં નાગરિકોનો પણ સહભાગ વધે અને નાગરિકોની ખાડા બાબતેની ફરિયાદની પ્રક્રિયા સરળ રહે તે માટે કાળજી લેવામાં આવશે. ઍપ્લિકેશન ઓપન કર્યા બાદ ફરિયાદ સફળતાપૂર્વક નોંધાવાની પ્રક્રિયા ફક્ત પાંચ કરતા ઓછા ક્લીકમાં ઉપલબ્ધ કરી આપવામાં આવી છે.

આ ઍપ ઍન્ડ્રોઈડ અને આઈ.ઓ.એસ આ બંને સિસ્ટમ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ છે. 'પૉટહોલ ક્વિકફિક્સ' આ મોબાઈલ અદ્યતન યુઝર ફ્રેન્ડલી છે. આ ઍપ દ્વારા નાગરિકો ખાડાના ફોટા, સ્થળ અને માહિતી અપલોડ કરીને ફરિયાદ નોંધાવી શકશે. મોબાઈલ ઍપ દ્વારા કરવામાં આવેલી ફરિયાદ સંબંધિત વિભાગને તાત્કાલિક મોકલીને સમારકામની પ્રક્રિયા ઝડપથી હાથ ધરવામાં આવશે. સમારકામ બાદ ફરિયાદની ફીડબેક પણ મોકલવામાં આવશે.

આ ઍપ એન્ડ્રોઈડ અને આઈ.ઓ.એસ આ બંને પ્લેટફોર્મ પર ઉપલબ્ધ છે. એ સિવાય વૉટ્સ ઍપ ચેટબૉટ (૮૯૯૯૨૨૮૯૯૯) સર્વિસ પર પણ ખાડાની ફરિયાદ કરી શકાશે. "Pothol" અથવા "PT" તેમ જ મરાઠીમાં રહેલા ખાડા શબ્દ પર ક્લીક કરીને ખાડાની ફરિયાદ કરી શકશે.

ખાડા સંદર્ભામાં ફરિયાદ કર્યા બાદ ૪૮ કલાકમાં આ ફરિયાદનું નિરાકરણ કરવામાં આવશે અને જો ફરિયાદનું નિરાકરણ નહીં લાવ્યા તો ઉચ્ચ અધિકારી તેની નોંધ લેશે. ખાડા પૂર્યા બાદ ફરિયાદીને ફીડબેક મોકલવામાં આવશે અને જો ફરિયાદી તેનાથી સંતોષ નહીં થાય તો તે ફરિયાદ રીઓપન કરી શકશે.

## નેશનલ કોમન

એસબીઆઈના સહયોગથી લોન્ચ કરવામાં આવ્યો હતો.

મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસ દ્વારા આ કાર્ડનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આની માહિતી મુંબઈ મેટ્રો-૩ દ્વારા ૧૦ જૂને તેના સત્તાવાર એક્સ એકાઉન્ટ પર આપવામાં આવી હતી.

મુંબઈ મેટ્રો લાઈન-૩, જેને એક્વા લાઈન તરીકે પણ ઓળખવામાં આવે છે, તે એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ છે જે કફ પરેડને આરે કોલોની સાથે જોડે છે. આ લાઇનની લંબાઈ ૩૩.૫ કિલોમીટર છે અને તેમાં ૨૭ સ્ટેશનો છે. મુખ્યત્વે ભૂગર્ભ લાઇન છે અને તે ભારત સરકાર અને મહારાષ્ટ્ર સરકાર વચ્ચેના સંયુક્ત સાહસ દ્વારા વિકસાવવામાં આવી રહી છે. અત્યારના તબક્કે આ કાર્ડ પર મેટ્રો-૧ (ઘાટકોપરથી વર્સોવા), મેટ્રો-૨એ (દહિસર-પૂર્વથી અંધેરી પશ્ચિમ) અને મેટ્રો-૭ (દહિસર-પૂર્વથી ગુંદીવલી) સાથે સાંકળવામાં આવ્યું હોવાથી પ્રવાસી આ બધી જ મેટ્રોમાં એનસીએમસી કાર્ડનો ઉપયોગ કરી શકશે. આ કાર્ડને બેસ્ટ બસની ચલો બસ એપ પર ઉપયોગ કરી શકાશે. મોનોરેલ અને ઉપનગરી રેલવે હજી પણ આ કાર્ડના ઉપયોગથી વંચિત છે અને ટૂંક સમયમાં તેના કાર્યક્ષેત્રમાં આવે એવી શક્યતા ઓછી છે. આ કાર્ડ મફતમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે જેમાં રૂ. ૧૦૦નું લઘુતમ અને રૂ. ૨૦૦૦નું મહત્તમ રિચાર્જ કરાવી શકાશે.

## મહારાષ્ટ્ર 'એફસીઆરએ'

નથી, પરંતુ વૈશ્વિક ભાગીદારી માટે એક ખુલ્લું પ્લેટફોર્મ બની ગયું છે.

### એફસીઆરએ પ્રમાણપત્રના ફાયદા

- વિદેશી સંસ્થાઓ અને વિદેશમાં રહેતા નાગરિકો તરફથી સીધી સહાય,
- ડબ્લ્યુએચઓ (હુ) જેવી સંસ્થાઓ તરફથી સીધું દાન,
- હવે વિદેશમાં રહેતા મહારાષ્ટ્રના નાગરિકો દ્વારા સરકારી ખાતામાં સત્તાવાર રીતે ભંડોળ જમા કરાવી શકાશે,
- વધુ ભંડોળ આવતાં વધુ દર્દીઓને સમયસર મદદ મળશે
- એફસીઆરએના ભંડોળનો ઉપયોગ કરીને ખર્ચાળ સારવાર શક્ય બનશે, અકસ્માતો, નવજાત શિશુઓ, કટોકટીની સર્જરી જેવા ગંભીર કિસ્સાઓમાં તાત્કાલિક ભંડોળ પૂરું પાડી શકાશે.

### વિશ્વસનીયતા અને પારદર્શિતાની સફળતા

મહારાષ્ટ્રનો મુખ્ય પ્રધાન રાહત ભંડોળ સેલ એફસીઆરએ પ્રમાણપત્ર મેળવનાર ભારતનો પ્રથમ અને એકમાત્ર સેલ બન્યો છે. સંવેદનશીલ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ દ્વારા આ પ્રમાણપત્ર મેળવવા માટે સમયસર ફોલો-અપ અને યોગ્ય દસ્તાવેજીકરણને કારણે આ શક્ય બન્યું છે. સેલના વડા રામેશ્વર નાઈકે એવી માહિતી આપી હત કે, તે માત્ર નાણાકીય સહાય જ નહીં, પણ સમાજને સંદેશ પણ મોકલે છે કે આરોગ્યસંભાળ પ્રણાલીમાં વિશ્વસનીયતા, પારદર્શિતા અને સામાજિક ભાગીદારી વધે છે.

# જૈન મરણ

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

મજેવાડી નિવાસી હાલ મીરા રોડ, મનસુખલાલ ધરમશી મેહતાના સુપુત્ર અનિલભાઈ (ઉં. વ. ૭૫) સોમવાર, તા. ૯-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. નીનાબેનના પતિ. નિખિલના પિતાશ્રી. ચાર્મીના સસરા. સ્વ. છબિલભાઈ, સ્વ. રમણીકભાઈ, સ્વ. ચંપકભાઈ, સ્વ. પ્રમોદભાઈ, સ્વ. વસંતબેન, સ્વ. સવિતાબેન, સ્વ. નિર્મળાબેન, સ્વ. નીલાબેન, સ્વ. સુશીલાબેન, સ્વ. જયાબેન, સ્વ. રમાબેન, સ્વ. પ્રમિલાબેન, સ્વ. કુસુમબેન અને સ્વ. હષવીણાબેનના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. નિખિલ મહેતા, ફ્લેટ નં. ૨૦૧, બિલ્ડિંગ નં. એ/૧૮, શાંતી ધામ શ્રી આરતી કૉમ્પ્લેક્સ, મીરા રોડ (ઈસ્ટ).

**સોરઠ વીસા શ્રીમાળી જૈન**

પીપલાણા નિવાસી, હાલ મુલુંડ, હરસુખલાલ કરમચંદ ભણશાળીના પત્ની રમાબેન (ઉં. વ. ૭૮) રવિવાર, તા. ૨-૬-૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. તેઓ નીરજ તથા જોલીના માતા. ભાગ્યશ્રી તથા પિયુષના સાસુ. આદિત્યના દાદી. અભિષેકના નાની. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાણકવાસી જૈન**

હાલ વિલે પાર્લે શામળજીભાઈ રૂપશી દોશીના સુપુત્ર પ્રદીપભાઈ (ઉં.વ. ૭૦) તે બીપીનભાઈ, ધીરેનભાઈ તથા ઇન્દુબેન અરવિંદભાઈ શાહના ભાઈ. સ્વ. મિતાબેનના પતિ. પ્રણવ તથા હાર્દિકના પિતાશ્રી. પૂનમચંદ પંચમિયાના જમાઇ. ૯-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

રૂપાવટીવાળા હાલ મલાડ, સ્વ. અમૃતલાલ ઓધવજી પારેખના ધર્મપત્ની ગં.સ્વ. મધુબેન (ઉં.વ. ૯૨) મંગળવાર તા. ૧૦/૬/૨૫ અરિહંતશરણ પામેલ છે. રસિકભાઈ, રીટાબેન, કમલેશભાઈના માતુશ્રી. છાયા, રીમા, મુકેશકુમારના સાસુ. વિધિના મોટીસાસુ. પિયરપક્ષ બાડીપડવાવાળા સ્વ. મનસુખલાલ વીરચંદના દિકરી. કમલેશ એ પારેખ ઈ/૩, ન્યૂ ગીતાંજલિ, રાહેજા ટાઉનશિપ, મલાડ ઇસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા જૈન**

સાયલા નિવાસી હાલ દહિસર સ્વ. અમૃતલાલ સુંદરજી શાહના પુત્ર તથા નલિનીબેનના પતિ વિનોદરાય શાહ (ઉં.વ. ૭૮) ૧૧/૬/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે વિરલ તથા શીતલના પિતા. અલ્પેશ તથા કોમલના સસરા. સુરેન્દ્રનગર નિવાસી સ્વ. જયંતીલાલ છોટાલાલ શાહ હાલ દાદરના જમાઈ. મેઘ, માનવ, રીયા તથા હિતના દાદા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કપાયાના માવજી લાલજી ભેદા (ઉં.વ. ૮૫) તા. ૧૦-૬-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી ગંગાબેન લાલજીના પુત્ર. સ્વ. રંજનબેનના પતિ. મનોજ, અલ્પેશ, કુંજલ, અનિષાના પિતા. ધનજી, કુંવરજી, હીરજી, લખમશીના ભાઇ. બારોઇના ઝમકુરબેન રતનશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ઠે. મનોજ ભેદા, ૯૮/૧૦૨, માયકલ બિલ્ડીંગ, રૂમ નં. ૧, ગ્રાઉન્ડ ફ્લોર, કામાઠી પુરા ૬ઠ્ઠી ગલી, એસ.પી. રોડ, મું.નં.૮.

નાની ખાખર હાલે મદુરાઈના હેમાબેન દેઢિયા (ઉં.વ. ૭૪) તા. ૯-૬-૨૫ના અવસાન પામેલ છે. મણીબેન કલ્યાણજીના પુત્રવધૂ. પ્રવિણચંદ્ર કલ્યાણજીના ધર્મપત્ની. અમિત, દિપ્સીના માતુશ્રી. રતનબેન રવજી છેડાના સુપુત્રી. દમયંતીબેનના બેન. પ્રાર્થના રાખેલ નથી. ફોન આવકાર્ય. નિ. હેમાબેન દેઢીયા, ૩/૪૩૦, અયાનર કોવીલ સ્ટ્રીટ, બેન્ક કોલોની, મદુરાઈ.

નાની તુંબડીના નલિન કેશવજી શાહ (બૌઆ) (ઉં.વ. ૬૯) તા. ૯-૬-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી સુંદરબેન કેશવજી પાલણના સુપુત્ર. મીનાબેનના પતિ. હેમલ, વૃત્તિના પિતા. નયના, નૂતન, હિતેશ, હીના, હિમાંશુના ભાઈ. દેશલપુર દિવાળીબેન જાદવજી ભારાણીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન, ત્વચાદાન, દેહદાન કરેલ છે. નિ : નલિન કેશવજી શાહ, ૧૪૦૨, જેડ ઈમ્પીરીયલ, ૩૬૧, ડો. આંબેડકર રોડ, માટુંગા, મું. ૧૯.

વડાલાના લક્ષ્મીચંદ લાલજી વીરજી છેડા (ઉં.વ. ૬૮) તા. ૯-૬-૨૫ના અવસાન પામ્યા છે. પાનબાઈ લાલજી વીરજી છેડાના સુપુત્ર. ચંદ્રીકાબેનના પતિ. નીરવ, ચિંતનના પિતાશ્રી. મગનભાઈ, શાંતિલાલ, વસંત, સ્વ. ચિમનના ભાઈ. ગુંદાલાના સુંદરબેન તલકશી પાસુ સંગોઈના જમાઈ. પ્રાર્થના : શ્રી માટુંગા કચ્છી શ્વે.મૂ. જૈન સંઘની શ્રી નારાણજી શામજી વાડી (બીજે માળે), ભાઉદાજી રોડ, માટુંગા-સે.રે., મુંબઈ-૧૯. ટા. ૪ થી ૫.૩૦. નિ. લક્ષ્મીચંદ લાલજી છેડા : ૧૫૦૧/૧૨૬, વિશાલ સાગર, પંતનગર, ઘાટકોપર (ઈસ્ટ).

ખારૂઆના ચાંપશી લીલાધર કારાણી (ઉં.વ. ૭૯) ૯-૬ના અવસાન પામેલ છે. આસબાઇ લીલાધર કારાણીના સુપુત્ર. લક્ષ્મીના પતિ. મયુર, જ્યોતિ, મીનલના પિતા. ઉમરશી, ભવાનજી, મોહન, શાંતાબેન, કલ્યાણબેનના ભાઇ. સણોસરા મણીબેન ગાંગજી દેવજી નાગડાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. મયુર કારાણી, ૨-બી/૧૦૩, ગાયત્રી દર્શન કો.ઓ.હા. સો., તુલીંજ રોડ, નાલાસોપારા (ઇ.).

નાની ખાખરના માતુશ્રી પુષ્પાબેન (પાનબાઈ) હીરજી દેઢિયા (ઉં.વ. ૯૩) ૯-૬-૨૫ના અવસાન પામ્યા છે. હીરજી (બાબુભાઈ) વેરશીના પત્ની. જખીબાઈ વેરશીના પુત્રવધૂ. જીતેન્દ્ર, પંકજ, અમૃત, હંસા, લતાના માતુશ્રી. પુનડી મણીબેન કુંવરજી પુનશીના પુત્રી. મગનભાઈ, કલ્યાણજી, બિદડા નાનબાઈ વિસનજી, મો.ખાખર જવેરબેન લાલજી, મેરાઉ નિર્મળા પ્રાણલાલ, ના.ખાખર દમયંતી પોપટલાલના બેન. પ્રા. માટુંગા ક.શ્વે.મૂ.જૈન સંઘ : નારાણજી શામજી વાડી, ટા. ૪ થી ૫.૩૦. નિ. પંકજ દેઢિયા : ૧૩૦૧, પ્રેમગિરીજા, ભાઉદાજી રોડ, માટુંગા, મું. ૧૯.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગામ જામનગર હાલ ઘાટકોપર, સ્વ. લાભુબેન હીરાલાલ વિકમશી શેઠના સુપુત્રી જશુમતી (જશુબેન) તા. ૧૦-૬-૨૫, મંગળવાર (ઉં.વ. ૭૯)ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. પ્રમીલાબેન મહેન્દ્રભાઈ શાહ, સ્વ. નવીનચંદ્ર, સ્વ. વિરેન્દ્રના બહેન. નીલાબેન અને હર્ષાબેનના નણંદ, કાનન અમિત ઠક્કર, અમિષા-હિતેશ ખટાઉ, લોપા, હર્ષિત, હાર્દિક, સ્નેહા, કિંજલના ફૈબા. હીના-નિખિલ શાહ, સ્વ. મયૂરભાઈ, દીપકભાઈના માસી. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ ઘાટકોપર, ગિરિશચંદ્ર દોશીના ધર્મપત્ની અલકાબેન (ઉં.વ. ૬૧) તે સેવંતીલાલ તથા લલિતાબેન દોશીના પુત્રવધૂ. દેવાંશીના માતુશ્રી. કમળાબેન જેચંદભાઈ ગાંધીના સુપુત્રી. જીતેન્દ્ર, પંકજ, સુધાબેન, રંજનબેન, અલ્પાબેન, અનુપમાના ભાભી. પ્રફુલચંદ્ર, પ્રદીપભાઈ, પરેશભાઈ, જયેશભાઈના બહેન તા. ૯-૬-૨૫ના અરિહંતશરણ થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૨-૬-૨૫ના ગુરુવારે ૪થી ૫.૩૦. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગરોડિયા નગર, ઘાટકોપર (ઈસ્ટ).

## મુંબઈમાં પૂરજનક

જલદી આવવાની સાથે જ માત્ર ૧૨ કલાકના ટૂંકા ગાળામાં ધોધમાર કહેવાય એમ ૨૦૦ મિ.મી. જેટલો વરસ્યો હતો. વરસાદની તીવ્રતા એટલી હતી કે તેમાં પાલિકાની તમામ તૈયારીઓમાં ગંભીર ખામીઓ જણાઈ આવી હતી. ફક્ત દક્ષિણ મુંબઈમાં જ ૮૦ નવા સ્થળોએ પાણી ભરાયા હોવાનું બહાર આવ્યું છે. પાલિકાના અધિકારીઓએ પૂરજનક પરિસ્થિતિ માટે હાલની ડ્રેનેજ લાઈનની અપૂરતી ક્ષમતાને જવાબદાર ગણાવ્યું હતું. હાલની ડ્રેનેજ લાઈન ટૂંકા ગાળામાં પડનારા ભારે વરસાદના પાણીનો નિકાલ કરવા માટે સક્ષમ ન હોવાનું ફરી એક વખત જણાઈ આવ્યું હતું. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ તાજેતરના વર્ષોમાં વાતાવરણમાં થયેલા મોટા ફેરફારની સાથે જ વરસાદની પેટર્ન પણ બદલાઈ ગઈ છે, જેને કારણે અનેક સમયે ટૂંકા ગાળામાં અમુક વિસ્તારોમાં જ ભારે વરસાદ પડી જતો હોય છે. અગાઉ મુખ્ય ડ્રેનેજ લાઈન (ગટર)ની પ્રતિ કલાક ૨૫ મિલીમીટર વરસાદના પાણીનો નિકાલ કરવાની ક્ષમતા રાખતી હતી. ૨૦૦૬માં મુંબઈમાં આવેલા વિનાશકારી પૂર બાદ આ નાળાઓને પ્રતિ કલાકની પંચાવન મિ.મી. વરસાદી પાણીનો નિકાલ કરી શકે તે મુજબ પહોળા કરવામાં આવ્યા હતા. જોકે હવે વરસાદ જે રીતે ટૂંકા ગાળામાં તીવ્ર સ્વરૂપનો વરસી જાય છે તેને જોતા હવે વરસાદી પાણીનો નિકાલ કરનારા નાળાઓની ક્ષમતા પ્રતિ કલાકની ૧૨૦ મિ.મી.વ રસાદ પાણીનો નિકાલ કરી શકે તેવા પહોળા કરવાની આવશ્યકતા નિર્માણ થઈ છે.

પાલિકા પ્રશાસને હવે દક્ષિણ મુંબઈમાં વરસાદી પાણીનો નિકાલ કરનારી ગટરોનો વિગતવાર સર્વે કરવા માટે એક નિષ્ણાત એજન્સીની નિમણૂક કરવાની છે, જે દરેક ગટર કેટલી હદ સુધી પહોળી કરવાની જરૂર છે, તેનો અભ્યાસ કરશે. એ સાથે જ તમામ ૨૪ વૉર્ડના આસ્ટિન્ટ કમિશનરોને તેમના સંબંધિત વિસ્તારમાં ડ્રેનેજ સિસ્ટમનો વિગતવાર અવલોકન અને મૂલ્યાંકન કરીને તેનો રિપોર્ટ સબમીટ કરવાની સૂચના પણ આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

# પારસી મરણ

સોરાબ હોરમઝજી ખજોતીયા તે મરહુમ રોશનના ધની. તે મરહુમો જરબાઈ હોરમઝજી ખજોતીયાના દીકરા. તે રોક્સેન ને શેરોનના પપ્પા. તે કારલ ને પેશાનના મમાવા. તે મરહુમો જર કેકી મેજરના જમઈ. (ઉં. વ. ૯૦) રે.ઠે. ખુશરો બાગ, પી-૧૭, શહીદ ભગતસિંહ રોડ, કોલાબા, મુંબઈ ૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૩-૬-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે કરાની અગ્યારીમાં છેજી.

ઓસ્તી જરુ આદર સીધવા તે એરવદ આદરના ધન્યાની. તે મરહૂમો ઓસ્તી હીલલા ને એરવદ જાહબક્સ રાનદેરીયાના દીકરી. તે એરવદ ફિરદોસના માતાજી. તે ઓસ્તી પરસીસના સાસુજી. તે મેહરુ એરવદ ફરોખ મરહૂમો એરચ ને બેહરામના બહેન. તે એરવદ ચેરાગના બપઈ. (ઉં.વ. ૮૨) રે.ઠે.: ૫૯૮-સી, વાડિયા બિલ્ડિંગ, ભોઈ તલીયે, જગન્નાથ શકરશેઠ રોડ, વાડિયા અગ્યારી પાછળ, ચીરા બઝાર, મુંબઈ-૪૦૦૦૦૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૩-૦૬-૨૦૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે વાડિયાજી આતશબહેરામમાં છેજી.

# હિન્દુ મરણ

સ્વ. નૂતનબેન જયેશભાઈ કક્કડ (ઉં. વ. ૭૭) રાજકોટ, અ.નિ. જયેશભાઈ કાંતીલાલ કક્કડના ધર્મપત્ની. તે ચિરાગભાઈ તેમ જ અમીબેન રાજનકુમાર નથવાણી, ટમીબેન જીતેનકુમાર સીમરીયા (જામનગર)ના માતુશ્રી અને રોશનીબેન ચિરાગભાઈ કક્કડના સાસુ. પ્રિયાંક અને ઈશિકાના દાદી. રાયપુર નિવાસી સ્વ. મુકુંદભાઈ પોપટની દીકરીનું તા. ૯-૬-૨૫, સોમવારે અવસાન થયેલ છે. પ્રાર્થનાસભા/ બેસણું તા. ૧૨-૬-૨૫, ગુરુવાર ૪.૩૦ થી ૬. સ્થળઃ યોગી સભાગૃહ, બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, કાલાવડ રોડ, રાજકોટ.

**કચ્છી લોહાણા**

સ્વ. ધરમશી ભગવાનજી તન્ના (રવાણી) ગામ ભુજના ધર્મપત્ની ગં.સ્વ. દમયંતીબેન (ઉં. વ. ૮૪) તે હાલે થાણા તા. ૯-૬-૨૫, સોમવારના શ્રીરામશરણ પામેલ છે. તે વેલજી દેવકરણ સોમૈયા (પીપરાણી) ગામ ગુંદાલાની સુપુત્રી. પ્રિતી તુલસીદાસ ભલ્લા, ગં.સ્વ. અલકા જગદીશ જોબનપુત્રા, મનીષ અને કેતનના માતુશ્રી. ભાવના અને કાશ્મીરાના સાસુજી. તે રજનીકાંત (બબુભાઈ), સ્વ. નવીનભાઈ, સ્વ. મંજુલાબેન, સ્વ. દેવયાનીબેન અને સ્વ. કુસુમબેનના ભાભી. વીણાબેનના જેઠાણી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૨-૬-૨૫ને ગુરુવાર ૫ થી ૭, ગોપુરમ હોલ, આર. પી. રોડ, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**કપડવંજ દશા શ્રીમાળી વણિક**

મૂળ વતન કપડવંજ, હાલ કાંદીવલી, રસિકલાલ પુંજાલાલ શાહ (ઉં. વ. ૯૨) તેઓ સ્વ. દમયંતીબહેનના પતિ. ઋષિકેશ, મુકેશ, તૃપ્તિ અને નંદીનીના પિતા. સ્વાતિ, આશા, હિમાંશુ અને મયંકના સસરા. મનન, કૃતિ, રુચિ અને અમીના દાદા તથા દ્વિજના નાના તા. ૧૦-૬-૨૫ મંગળવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧૨-૬-૨૫ના ૫ થી ૭. થટ્ટાઈ ભાટિયા સેવા હોલ, શંકર લેન, એસ. વી. રોડ જંકશન, કાંદીવલી (વેસ્ટ).

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

રોહીશાળા (તોતણીપાળા) હાલ મલાડ, સ્વ. અચરતબેન પ્રેમચંદભાઈ કોઠારીના સુપુત્ર બાબુલાલ (ઉં.વ. ૯૧) તા. ૧૦-૬-૨૫, મંગળવારના અક્ષરનિવાસી થયેલ છે. તે ભદ્રબેનના પતિ. અ.સૌ. શીલ્પા જયેશ, અ.સૌ. ફાલ્ગુની આશીશ, ગં.સ્વ. મીનાબેન દીપકકુમાર સંઘરાજકા. દીપિકાબેન રાકેશકુમાર પારેખના પિતાશ્રી. તે સ્વ. પન્નાભાઈ-સ્વ. રસીકભાઈ, સ્વ. જયાબેન મનસુખલાલ શેઠ, સ્વ. રસીલાબેન ચંદુલાલ ગાંધી, સ્વ. જ્યોતિબેન વિનોદરાય બાબરિયાના ભાઈ. સ્વ. શાંતિલાલ મથુરદાસ મોદીના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. સાકરબેન, સ્વ. કમળાબેન સુંદરજી નાગજી રૂખાણા કચ્છ ગામ તેરા હાલે ચેમ્બુરના સુપુત્ર વિજય (ઉં.વ. ૭૩) તે રક્ષાબેનના પતિ. મિથિલ (મનીષ)ના પિતા. સ્વ. ગંગાબેન મોનજી ખોટ કચ્છ ગામ નાગરેચાના જમાઈ. ગં.સ્વ. જયશ્રીબેન ગોવિંદજી ઠક્કર, વર્ષાબેન હરીશભાઈ, દિલીપ અને બિપિનના મોટાભાઈ તા. ૧૦-૬-૨૫ના રોજ રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ કોટડા (રોહા) હાલે જબલપુર અ.સૌ. કલ્પનાબેન (રૂક્મણીબેન) (ઉં.વ. ૮૮) સોમવાર તા. ૯-૬-૨૫ના શ્રીરામશરણ પામેલ છે. તે મોતીરામ માધવજી કોઠારીના ધર્મપત્ની. સ્વ. જેઠમલ માધવજી ભગદે ગામ કોઠારાવાલાની સુપુત્રી. સ્વ. ડો. પ્રતાપ કોઠારી (મલાડ)ના ભાભી. સ્વ. વાલજીભાઈ, દામજીભાઈ, શંકરભાઈ, સ્વ. હંસરાજભાઈ, ગીરીશભાઈ, સ્વ. તારાબેન, મંગળાબેન, ધનલક્ષ્મીબેનના બેન. પ્રાર્થનાસભા રાખેલ નથી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

દ્વારકાવાલા હાલ મુંબઈ, સ્વ. જયાબેન અને ગોરધનદાસ વલ્લભદાસ વિઠલાણીના સુપુત્ર લક્ષ્મીદાસ (ઉં. વ. ૮૯) તે સ્વ. વસુમતીબેનના પતિ. તે સ્વ. કરસનદાસ કાનજી પોપટના જમાઈ. સ્વ. જીતેન્દ્ર ગોરધનદાસ, વ્રજદાસ ગીરધરલાલ, હંસાબેન ધીરજલાલ પરમાણીના મોટાભાઈ. ભાવના કિશોર કાનાબાર, હેમા નિલેષ સરવૈયા, ગીતા રાજેશ પંચમતિયા, ભારતી (શાન્તુ) શૈલેષ પોપટ અને બીનાબેનના પિતા. દર્શના, મિલન, મનીષ, અશોક, હિરેનના અદા મંગળવાર તા. ૧૦-૬-૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧૨-૬-૨૫ના ૪.૩૦ થી ૬. ઠે.: શ્રી હાલાઈ લોહાણા મહાજન વાડી, ૧લે માળે, ૬/૧૦ ઠાકુરદ્વાર રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૨.

**દશા મોઢ માંડલિયા વણિક**

ચોરવાડ નિવાસી હાલ કાંદિવલી, ગં.સ્વ. વસુમતિ મોદી (ઉં.વ. ૭૭) તે ૯/૬/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. ચંદ્રકાંત સેવંતીલાલ મોદીના ધર્મપત્ની. હેમીના તથા ધવલના માતુશ્રી. કમલેશ તથા રુહીના સાસુ. ભુપેન્દ્રભાઈ, કૌશિકભાઈ, સ્વ. ભદ્રાબેન, સ્વ. હેમાક્ષીબેન ઇન્દુલાલ ગાંધીના ભાભી. પિયરપક્ષે સ્વ. અવંતિકા વ્રજલાલ શાહના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

હર્ષદભાઈ ગોકળદાસ ચિતલીયા (ઉં.વ. ૬૬) તે અમરેલીવાળા સ્વ. ગોકળદાસ કેશવલાલ ચિતલીયાના પુત્ર. સ્વ. શાંતિલાલ કારિયાના જમાઈ. જ્યોતિબેનના પતિ. રવીશ તથા રચનાના પિતા. પ્રકાશ, જયેશ, કિશોરના મોટાભાઈ. ૧૦/૬/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. બંનેપક્ષની પ્રાર્થનાસભા ૧૨/૬/૨૫ના ૪ થી ૬. એકો પોલીસ ક્લબ હાઉસ, અગ્રવાલ ગ્લોબલ સીટી વિરાર વેસ્ટ.

**લુહાર સુથાર**

ગામ લૂણીધાર નિવાસી હાલ કાંદિવલી, સ્વ. પ્રફુલભાઇ ગોકળભાઈ મકવાણા (ઉં.વ. ૫૧) ૭/૬/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે હીનાબેનના પતિ. પિયરપક્ષે વલસાડ નિવાસી ગં.સ્વ. કંચનબેન શાંતિભાઈ સિધ્ધપુરાના જમાઈ. નિતેશ, મનીષા પ્રકાશકુમાર પરમારના ભાઈ. મહેક તથા યુગના પિતા. પ્રાર્થનાસભા ૧૨/૬/૨૫ના ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**હિન્દૂ જનક્ષત્રિય**

મૂળગામ અમરેલીવાળા હાલ કાંદિવલી, પ્રદીપભાઈ જનશાલી (ઉં.વ. ૬૧) જે શેફાલિબેન જનશાલીના પતિ. સ્વ. નરોત્તમદાસ શામજીભાઈ જનશાલીના પુત્ર. કુણાલ જનશાલીના પિતાશ્રી. મિત્તલ જનશાલીના સસરાજી. સ્વ. દિનેશભાઈ નરોત્તમદાસ જનસાલી, સ્વ. દમયંતીબેન પુરુષોત્તમભાઈ ચૌહાણ, દેવિકાબેન વિનોદરાય પરમાર, શોભાબેન પ્રવિણચંદ્ર મકવાણા તથા મયુરીબેન રમેશભાઈ ચાવડાના ભાઈ. ૯/૬/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૨/૬/૨૫ના ગુરૂવાર ૫ થી ૭. લોહાણા બાલાશ્રમ, મથુરાદાસ એક્સટેન્શન રોડ, મંગુભાઇ દત્તાણી માર્ગ, અતુલટાવર પાસે, કાંદિવલી વેસ્ટ.

**નવગામ વિશા દિશાવાળ વણિક**

માણસા નિવાસી હાલ કાંદીવલી, મહેન્દ્રભાઈ ત્રિકમલાલ પરીખ (ઉં.વ. ૮૧) સોમવાર તા. ૯-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. કલાવતીબેનના પતિ. પિયુષ, ભાવેશ, મનીષા, શિતલના પિતાશ્રી. કેતના, પ્રીતિ, દીપકકુમાર, જયનાના સસરા. સ્વ. ઉર્મિલાબેન, આનંદીબેન, સુરેશભાઈના ભાઈ. શ્વસુરપક્ષ કેશવલાલ છનાલાલ શાહ કોલવડા-અમદાવાદ ધ્રૂવ, હિત, યશ, હર્ષના દાદા-નાના. પ્રાર્થનાસભા ગુરવાર તા. ૧૨-૬-૨૫ ૫ થી ૭, હાલાઈ લોહાણા મહાજન હોલ, બીજે માળે, શંકર ભગવાનના મંદિરની બાજુમાં, એસ.વી. રોડ કાંદિવલી પશ્ચિમ. બંને પક્ષની પ્રાર્થનાસભા સાથે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠિયા વણિક**

જામનગર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. ઈનાબેન (ઉં.વ. ૮૪) તે સ્વ. વસંતભાઈ જયંતીલાલ શેઠના ધર્મપત્ની. જીતેશ, કાશ્મીરાના માતુશ્રી. જાનવી, રાકેશભાઈ સંઘાણીના સાસુ. યાશિકા, યશના દાદી. શાહ અમૃતલાલ અમરસીના પુત્રી. સ્વ. વનમાળીભાઈ, સ્વ. ભગવાનભાઈ, લલીતભાઈ, સ્વ. હેમલતાબેન, સ્વ. ઈંદુભાઈ, અશ્વિનભાઈ, સ્વ. મંજુબેન, સ્વ. નિર્મલાબેન, સ્વ. પ્રમીલાબેન, સરલાબેન, જયશ્રીબેનના ભાભી, ૧૦ જૂન રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વડગનર નાગર**

શૈલેષભાઈ સ્વાદિયા (ઉં.વ. ૬૩) સ્વ. યજ્ઞેશ્વરીબેન ઉપેન્દ્રભાઈ સ્વાદિયાના પુત્ર તથા સ્વ. ભામિનીબેન બકુલભાઈ પંડયાના જમાઈ. શેફાલીબેનના પતિ. હર્ષ સ્વાદિયા તથા અ.સૌ. વેણુ રવિન માંકડના પિતા. સ્વ. ધીરેનભાઈ તથા સ્વ. ભારતીબેનના ભાઈ. તા. ૧૦-૬-૨૫, મંગળવારના સ્વર્ગવાસ થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૨-૬-૨૫, ગુરુવારના ૫ થી ૭. મહેશ્વરી ભવન, પ્લોટ નં. આર-૧૪/૧૫, ન્યૂ લિંક રોડ- એક્સટેન્સન, અંધેરી (પશ્ચિમ).

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે

(૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# મારી મુલાકાત ફ્રેડી મૂર સાથે થઈ...

(ભાગઃ ૪)

નામઃ ડેમી મૂર
સમયઃ ૨૦૨૫
સ્થળઃ હેલી, ઈડાહો
ઉંમરઃ ૬૨ વર્ષ

**મારા** પિતાના મૃત્યુનો આઘાત મારે માટે અસહ્ય હતો. મારી મા માટે પણ જ્યાં સુધી એ જીવતા હતા ત્યાં સુધી લડવા-ઝઘડવા અને ફરિયાદો કરવા માટેનું કારણ બની રહ્યા, પરંતુ એના મૃત્યુ પછી મારી માને સમજાયું કે, ડેન ગઈનસ એક ખૂબ સારો અને પ્રેમાળ માણસ હતો.

સાચું પૂછો તો મારા પિતા જીવતા હતા ત્યાં સુધી અમે રખડતા અને ભટકતા રહ્યા, પરંતુ મારા પિતાના મૃત્યુ પછી કદાચ મારી માને જીવનની ગંભીરતા સમજાઈ હોવી જોઈએ એટલે એણે ૧૯૮૧માં હોલિવૂડમાં એક નાનકડો અપાર્ટમેન્ટ ભાડે લીધો. મને અને મારા ભાઈને, '૮૧ના ક્રિસમસમાં એ પોતાની સાથે રહેવા લઈ આવી. મારું અધૂરું રહી ગયેલું શિક્ષણ મેં ફરી શરૂ કર્યું. ફેઅરફેક્સ હાઈસ્કૂલમાં એડમિશન લીધું. જ્યાં માઈકલ બલ્જરી (બેઝ ગિટાર પ્લેયર), ટીમોથી હટન (અભિનેતા) અને એન્થનિ કિડીસ (રેડ હોટ ચીલી પેપરના માલિક) જેવા લોકો મારા સહપાઠી હતા. મારી એક ફ્રેન્ડ નસ્ટાસ્જા કિનસ્કી એ વખતે હોલિવૂડની ફિલ્મોમાં નાનામોટા રોલ કરતી. ૧૬ વર્ષની ઉંમરે એ સારા એવા પૈસા કમાતી. પોતાના પરિવારની મદદ કરતી, એશથી પૈસા ઉડાવતી. મને એની ઈર્ષા આવતી. એકવાર એણે મને કહ્યું, 'તું પણ ખૂબ સુંદર છે. તને પણ કામ મળી જશે, જો તને કરવું હોય તો...' મેં મારી માને પૂછ્યું, પરંતુ એ ઈચ્છતી હતી કે હું મારું શિક્ષણ પૂરું કરું. પોતે શિક્ષણ પૂરું ન કર્યા બદલ મારી માને ખૂબ અફસોસ હતો. એને હવે લાગતું હતું કે જો એ ભણી હોત, તો એ જીવનમાં ઘણી આગળ વધી શકી હોત, કદાચ એટલે જ હું શિક્ષણ અધૂરું છોડું એ એને મંજૂર નહોતું, પરંતુ હું જે પ્રકારની જિંદગી જીવી હતી એમાં હવે શાળાની ડિસિપ્લિન અને શિક્ષણમાં ગોઠવાઈ શકવાનું મને અશક્ય લાગતું હતું!



પતિ ફ્રેડી મૂર સાથે ડેમી

એ ગાળામાં હું ફ્રેડી મુરને મળી. ૧૯૭૯ના ઓગસ્ટનો એ સમય હતો. અમે એક નાઈટ ક્લબમાં મળ્યા હતા. હું ૧૭ વર્ષની હતી અને ફ્રેડી ૩૦ વર્ષના. હું મારી બહેનપણીઓ સાથે નાઈટ ક્લબમાં ગઈ હતી. ફ્રેડી પણ એમના મિત્રો સાથે આવ્યા હતા. એ લ્યૂસીને પરણેલા હતા. શરૂઆતમાં અમે માત્ર મિત્રો હતા, પરંતુ ધીરે ધીરે અમારી દોસ્તી ગાઢ થઈ. એમની સાથે મારી મુલાકાતો વધતી ગઈ. એમણે મને અભિનયની ઘણી વાતો શીખવાડી, ઘણા મહત્ત્વના લોકોની ઓળખાણ કરાવી... પરંતુ, હવે વિચારું છું તો મને સમજાય છે કે, એ પ્રેમ હતો કે નહીં, એ વિશે આજે પણ મારા મનમાં અવઢવ છે. જે દિવસે લ્યૂસીને ખબર પડી કે, ફ્રેડી અને મારો અફેર ચાલે છે એ દિવસે લ્યૂસી હોટેલમાં રહેવા ચાલી ગઈ.

ફ્રેડી અને લ્યૂસીએ છૂટાછેડા લેવાનું નક્કી કર્યું ત્યારે મારી માએ મને એમના છૂટાછેડા માટે જવાબદાર ઠેરવીને ખૂબ ગાળો ભાંડી... એ કદાચ પોતાના પતિની બેવફાઈની સાથે ફ્રેડીની સરખામણી કરી રહી હતી, પરંતુ હું ફ્રેડી સાથે જીવવા કટિબદ્ધ હતી... મેં એની સાથે લગ્ન કરવાનું નક્કી કરી લીધું હતું. જે દિવસે મને ૧૮ વર્ષ પૂરા થયા એના ૧૫ દિવસની અંદર મેં અને ફ્રેડીએ લગ્ન કરી લીધાં. મારી બહેનપણી નસ્ટાસ્જા કિનસ્કીએ મને કહ્યું હતું કે, હું મારા પિતાના મૃત્યુનો શોક પચાવી નથી શકી માટે આ મોટી ઉંમરના પુરુષના પ્રેમમાં પડી છું. એણે વારેવારે મને કહ્યું કે, 'આ પ્રેમ નથી, ફાધર ફિક્સેશન છે...' પરંતુ હું એ વખતે તદ્દન બેફામ હતી. ફ્રેડી સફળ હતા, મને એમની સાથે ખૂબ સુરક્ષિત હોવાનો અહેસાસ થતો હતો, એટલે કોઈનું ય સાંભળ્યા વગર મેં એમની સાથે લગ્ન કરી લીધાં. જોકે, લગ્નની આગલી રાતે મારે મારા 'વાઉઝ' પર કામ કરવું જોઈએ એને બદલે હું મારી બેચલરેટ પાર્ટીમાંથી સરકી જઈને એક એવા બોયફ્રેન્ડને મળી જેની ઓળખાણ મોડલિંગના કામ વખતે થઈ હતી. એ રાત્રે-મારા લગ્નની આગલી રાત્રે, હું એક એવા માણસ સાથે પથારીમાં હતી જેને હું એ દિવસે ત્રીજીવાર મળી હતી. મને સમજાઈ જવું જોઈતું હતું કે, આ લગ્ન નહીં ટકે, પરંતુ ત્યારે કદાચ મારી સમજ શક્તિ ઓછી હતી. ૧૯૮૧માં અમે લગ્ન કર્યાં... મારે એટલું ચોક્કસ સ્વીકારવું જોઈએ કે, મારી કારકિર્દી ઘડવામાં ફ્રેડીએ ખૂબ મદદ કરી. એણે મને એક ફાઈન એક્ટ્રેસ બનાવી એટલું જ નહીં, વ્યવસાયિક નિર્ણયો કેવી રીતે લેવા એમાં પણ એણે માર્ગદર્શન આપ્યું.

મારી મા ઈચ્છતી હતી કે, હું મારા લગ્ન સંભાળું. કદાચ એ મને ઓળખતી હતી! હું એટલી નાની હતી કે, ફિલ્મી દુનિયાની ચમકદમકમાં હું ખોવાઈ જઈશ એવો એને ભય હતો. એ સતત મને મોડલિંગ અને ફિલ્મથી દૂર રહેવાનું કહેતી રહી, પરંતુ અંતે, એની મરજી વિરુદ્ધ મેં ૧૯૮૨માં જાહેરાતની નાની નાની ફિલ્મોમાં કામ કરવાનું શરૂ કર્યું. એ ફિલ્મોમાંથી સાયન્સ ફિક્શન-હોરર ફિલ્મ 'પેરાસાઈટ' માટે મારી પસંદગી થઈ. (ફ્રેડી મૂર પણ એમાં હતા) એ ફિલ્મ થ્રી-ડી હતી. ટેક્નોલોજી એ વખતે નવી હતી માટે ફિલ્મને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો. સાત મિલિયનની કમાણી સાથે ફિલ્મ ડ્રાઈવિંગ સર્કિટમાં સફળ રહી. મને કામ મળવા લાગ્યું, પરંતુ મારી દોસ્ત નસ્ટાસ્જા કિનસ્કીની સલાહ મુજબ મેં નાનકડા રોલ કરવાની ના પાડવા માંડી. લગભગ છ મહિના મારી પાસે કોઈ સારું કામ નહોતું, પરંતુ એબીસી ટેલિવિઝનની સિરીઝ 'જનરલ હોસ્પિટલ'માં મને જેકી ટેમ્પલટનની ભૂમિકા મળી, લોકોને એ ખૂબ ગમી. એ પછી 'સેન્ટ એલમોઝ ફાયર' અને 'અબાઉટ લાસ્ટ નાઈટ' જેવી ફિલ્મો મેં કરી. એટલું જ નહીં, એ ગાળામાં લોકો મને 'બ્રેટ પેક' કહીને સંબોધતા. 'બ્રેટ પેક' એ યુવાન, મોટે ભાગે શ્વેત, કલાકારોના જૂથને આપવામાં આવતો શબ્દ હતો જેઓ વારંવાર કિશોરલક્ષી ફિલ્મોમાં સાથે અભિનય કરતા હતા. આ એવી ફિલ્મો હતી જેના મોટાભાગના કલાકારો ૨૦ વર્ષથી નાના હોય અને એ ફિલ્મોના એ સિરીઝના વિષયો પણ કિશોર કે યુવાવયના લોકો માટે જ પસંદ કરવામાં આવ્યા હોય... હું નાની હતી, એવી-યુવા અને કિશોરવર્ગને આકર્ષતી ફિલ્મોમાં કામ કરતી હતી, એ સાચું, પરંતુ મને એ સંબોધન ગમતું નહીં.

આ સંબોધન કે લેબલનો અંત ત્યારે આવ્યો જ્યારે મેં ૧૯૮૮માં કાર્લ શુલ્ત્ઝ દ્વારા નિર્દેશિત ફિલ્મ 'ધ સેવન્થ સાઈન'માં અભિનય કર્યો. એ પછી આવી 'ઘોસ્ટ, અ ફ્યુ ગુડ મેન' બહુચર્ચિત અને લોકોને ખૂબ ગમેલી ફિલ્મ 'ઈનડિસન્ટ પ્રપોઝલ' (ડાયના મર્ફી) અને 'ડિસ્ક્લોઝર'. (મેરડીથ જોન્સન) એ પછી 'ધ હંચબેક ઓફ નોસ્ટ્રેડેમ', એક એનિમેશન ફિલ્મ જેમાં એમેરેલ્ડાના પાત્ર માટે મેં અવાજ આપ્યો.

૧૯૮૫માં ફ્રેડી સાથેના લગ્ન પૂરાં થયાં. હું કોઈ રીતે એની સાથે રહી શકું એમ નહોતી... લગ્ન પછીના થોડા સમયમાં ફ્રેડી સાવ બદલાઈ ગયા. શરૂઆતમાં એ મને કારકિર્દી ઘડવા માટે પ્રોત્સાહન આપતા, પરંતુ લગભગ બે વર્ષ પછી એમણે જોયું કે, હું સફળતાનાં પગથિયાં ઝડપથી ચડી રહી છું, કદાચ એટલે કે પછી ફિલ્મ કલાકારો અને મોડેલ્સની સાથે મારી વધતી જતી દોસ્તીને કારણે, પરંતુ ફ્રેડી અચાનક રોક-ટોક લગાવવા લાગ્યા. મારી વધતી જતી કમાણી ઉપર પણ એમણે અધિકાર જમાવવાનો શરૂ કર્યો. હું વધુને વધુ વિદ્રોહી થવા લાગી.

૧૯૮૪માં જોન ક્રાયર સાથે અને રોબર્ટ લોવ સાથે મારા ટૂંકા અફેર્સ રહ્યા. એ ગાળામાં ફ્રેડીએ મને રોકવાનો પ્રયત્ન કર્યો, પણ એ અફેર્સમાં જ દમ નહોતો એટલે એ ઝડપથી પૂરા થઈ ગયા. (ક્રમશઃ)■

ભારતની વીરાંગનાઓ
ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

## ભારતસુંદરી બની વિશ્વસુંદરી

# લીલા નાયડૂ



**આસમાનમાં** એક ચંદ્ર પૂર્ણિમાનો અને એક ચંદ્ર અમાસનો....!

પૂનમની રાત્રિએ આકાશમાં ચંદ્ર સોળે કળાએ ખીલેલો જોવા મળે છે, પણ બીજા દિવસથી ચંદ્રની ચડતી કળામાં પડતી થવા લાગે છે. અમાસની રાત્રિ આવતાં સુધી તો ચાંદ ડૂબી જાય છે... ક્યારેક ઝળહળતો ચાંદ તો ક્યારેક અમાસનો ડૂબેલો ચાંદ જાણે કહે છે કે જેની પૂનમ છે એની અમાસ પણ છે!

લીલા નાયડૂના જીવનના ઉતારચડાવ જોતાં કહી શકાય કે એણે પોતાના જીવનમાં પૂનમ પણ જોઈ અને અમાસ પણ. મિસ ઇન્ડિયા બનીને એ પૂર્ણિમાના ચંદ્રની જેમ ઝળહળી, ફિલ્મોમાં અભિનય કળાનાં કામણ પાથર્યા અને કારકિર્દીના ચંદ્રની કળા પડતીની થતાં અમાસના ચંદ્રની જેમ ડૂબી ગઈ...

લીલા નાયડૂનો જન્મ મુંબઈમાં ૧૯૪૦માં થયેલો. પિતા ડૉ. પટ્ટીપતિ રમૈયા નાયડૂ પ્રસિદ્ધ પરમાણુ ભૌતિક વૈજ્ઞાનિક એટલે કે ન્યુક્લિઅર સાયન્ટિસ્ટ હતા. તેઓ આંધ્ર પ્રદેશના ચિતૂર જિલ્લાના મદનપલ્લેના રહેવાસી હતા. તેઓ પેરિસમાં માદામ ક્યુરીની પ્રયોગશાળા ચલાવતા. માતા ડૉ. માર્થે માંગે નાયડૂ સ્વિસ-ફ્રાન્સીસી મૂળની હતી. તેણે સોરબોનથી પીએચડી કરેલું. માર્થે માંગેના સાત ગર્ભપાત પછી આઠમા ગર્ભધારણમાં લીલાને જન્મ થયેલો. સ્વાભાવિક જ માર્થે અને પટ્ટીપતિ લીલાના જન્મને પગલે ખુશીથી ઝૂમી ઊઠેલાં. ઓળી ઝોળી પીપળ પાન, દીકરીનું રાખ્યું લીલા નામ...

લીલા મુગ્ધાવસ્થામાં પ્રવેશી ત્યારે પટ્ટીપતિ સપરિવાર ફરી એક વાર ભારત પાછા ફર્યા. મુંબઈ પરત આવ્યા બાદ લીલાએ મિસ ઇન્ડિયા પ્રતિયોગિતામાં ભાગ લેવાની તૈયારીઓ શરૂ કરી. વર્ષ ૧૯૫૪માં લીલાએ ફેમિના મિસ ઇન્ડિયા પ્રતિયોગિતામાં ભાગ લીધો. ખિતાબ જીતીને ભારતસુંદરી બની. આ જ વર્ષમાં પ્રતિષ્ઠિત વોગ મેગેઝિને વિશ્વની સૌથી દસ ખૂબસૂરત સ્ત્રીઓમાં મહારાણી ગાયત્રીદેવી સાથે લીલા નાયડૂનો સમાવેશ કર્યો. ભારતસુંદરી લીલા નાયડૂ હવે વિશ્વસુંદરી પણ બની ગયેલી.

દરમિયાન, માત્ર સત્તર વર્ષની વયે લીલા નાયડૂએ ઓબેરોય જૂથના પોતાનાથી ઉંમરમાં સોળ વર્ષ મોટા તિલકરાજ મોહનસિંહ ઓબેરોય સાથે લગ્ન કરી લીધાં. થોડા સમય પછી જોડિયા દીકરીઓ પ્રિયા અને માયાનો જન્મ થયો. જોકે તિલકરાજ અને લીલા વચ્ચે મતભેદ અને પછી મનભેદ થવા લાગ્યાં. છૂટાછેડા થયા. જિંદગીનું એક પ્રકરણ પૂરું થયા પછી લીલા નાયડૂએ નવું પ્રકરણ આલેખવાનું શરૂ કર્યું. રાજ કપૂર લીલાને પોતાની ફિલ્મમાં નાયિકાની મુખ્ય ભૂમિકામાં લેવા ઉત્સુક હતા, એમણે એકબે વાર નહીં, ચાર ચાર વાર લીલા નાયડૂ સમક્ષ ફિલ્મનો પ્રસ્તાવ મૂક્યો. પણ ઓક્સફર્ડ જવા ઈચ્છુક લીલાએ ચારેય વાર સવિનય ઇનકાર કરી દીધો.

લીલા નાયડૂએ ચાર વાર ફિલ્મનો પ્રસ્તાવ ઠુકરાવ્યો, પણ વિધિના લેખમાં કોણ મેખ મારી શકે! બન્યું એવું કે જાણીતાં સ્વતંત્રતા સેનાની અને તસવીરકાર કમલાદેવી ચટ્ટોપાધ્યાયે લીલા નાયડૂની એક તસવીર ખેંચેલી. કમલાદેવીએ આ તસવીર ફિલ્મમેકર ઋષિકેશ મુખરજીને દેખાડેલી. લીલાની મનમોહક તસવીર જોઈને ઋષિકેશ મુખરજીએ મનોમન એને પોતાની ફિલ્મમાં ચમકાવવાનું નક્કી કરી લીધેલું. એમણે કેટલીયે વાર ફિલ્મની સંપૂર્ણ કથા-પટકથા સાથે લીલા નાયડૂ સમક્ષ ફિલ્મ કરવાનો પ્રસ્તાવ મૂક્યો. આખરે લીલાએ નમતું મૂકવું પડ્યું. અનુરાધા ફિલ્મ કરવા લીલા રાજી થઈ.

અનુરાધા ૧૯૬૦માં પ્રદર્શિત થયેલી લીલાની પહેલી ફિલ્મ હતી. લીલા નાયડૂને આ ફિલ્મથી દેશભરમાં નવી ઓળખ મળી. બોલિવૂડમાં લીલાની ફિલ્મો ધીમી ગતિએ પ્રદર્શિત થઈ રહેલી. ૧૯૬૨માં ઉમ્મીદ આવી. ત્યાર બાદ એ સમયે ખૂબ ગાજેલા નાણાવટી મર્ડર કેસ પર આધારિત 'યે રાસ્તે હૈં પ્યાર કે' આવી. આ જ અરસામાં સત્યજીત રે અમેરિકન એક્ટર મર્લન બ્રાંડો, લીલા નાયડૂ અને શશી કપૂરને સાથે લઈને ઇંગ્લિશ ફિલ્મ 'ધ જર્ની' બનાવવા માગતા હતા. પણ આ ફિલ્મ ક્યારેય ન બની શકી. ૧૯૬૪ની 'બાગી' પછી લીલાને ફિલ્મ મળવાનું લગભગ બંધ થઈ ગયેલું.

સિનેજગતની નિષ્ફળતા પછી લીલા નાયડૂએ પોતાનું નિર્માણગૃહ શરૂ કર્યું. પોતાના નિર્માણગૃહ દ્વારા લીલા હાંસિયામાં ધકેલાયેલા લોકો વિશે ડોક્યુમેન્ટરી બનાવવા માગતી હતી. એણે પહેલી ડોક્યુમેન્ટરી ધ સર્ટન ચાઈલ્ડહૂડ બનાવી. બીજી ડોક્યુમેન્ટરી હાઉસલેસ બોમ્બે બનાવી. પણ આર્થિક સંકડામણને કારણે અધૂરી જ રહી. પછી એણે પ્રોડક્શન હાઉસ બંધ કરી દીધું. મુંબઈના એક મેગેઝિનમાં કામ કરવાનું એણે શરૂ કર્યું. દરમિયાન, ૧૯૬૯માં મશહૂર લેખક ડોમ મોરાઈસ સાથે લીલાએ લગ્ન કર્યાં. લીલા અને ડોમ વિશ્વભરમાં પ્રવાસ કરીને કેટલોક સમય દિલ્હીમાં રહ્યાં. પછી મુંબઈમાં સ્થાયી થયાં. જોકે ડોમ સાથેનું લગ્નજીવન પણ લાંબું ન ટક્યું. ડોમ સાથે ૧૯૯૦ના અંત સુધીમાં લીલાનું લગ્નજીવન આટોપાઈ ગયું.

બીજી વાર લગ્નજીવન તૂટવાની સાથે લીલા પણ તૂટી ગઈ. એણે દુનિયા સાથે એક અંતર ઊભું કરી લીધું. કોલાબામાં કાચી ઇંટોથી બનેલા એક વિશાળ ઘરમાં રહેવા લાગી. લીલાના મિત્ર સુનીલ મૂર્તિના કહેવા પ્રમાણે, એ વખતે એની સાથે તમિળ સેવક સેલવમ હતો. સેલવમ લીલા માટે ભોજન બનાવતો, દવાઓ આપતો, ઘરની સાફસફાઈ કરતો અને આખા દિવસની ભરાયેલી એશટ્રેમાંથી સિગારેટનાં ઠૂંઠાં ખાલી કરતો. જોતજોતામાં લીલાનાં નાણાં સમાપ્ત થઈ ગયાં. એથી એણે ગુજરાન ચલાવવા પોતાનું ઘર ભાડે આપવું પડ્યું.

એક દિવસ સુનીલ લીલાને મળવા ગયો ત્યારે જોયું કે લીલાના વાળ સફેદ થઈ ગયેલા, ચહેરા પર કરચલીઓ પડી ગયેલી અને વસ્ત્રના નામે એક મામૂલી ગાઉન પહેરેલો. લીલા નશામાં ધૂત રહેતી. ધીમે ધીમે એણે કોઈનેય મળવાનું બંધ કરી દીધું. લીલાને મળવા ગયેલો એક મિત્ર ઘણી વાર રાહ જોયા પછી બહારથી જ ગુડ બાય કહીને ચાલ્યો ગયો. લીલા એકલીઅટૂલી પડી ગયેલી. એવામાં ઇન્ફલુએન્ઝાએ ભરડો લીધો. એનાં ફેફસાંએ કામ કરવાનું બંધ કરી દીધું. ૨૮ જુલાઈ ૨૦૦૯ના લીલાએ જીવનલીલા સંકેલી લીધી.... લીલાનું જીવન સંદેશ આપે છે કે, જીવન ચંદ્ર જેવું છે. એક ચંદ્ર પૂર્ણિમાનો હોય છે અને એક ચંદ્ર અમાસનો પણ! ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# ઉછળતી લાગણીના સમુદ્ર વચ્ચે એક શાંત-સ્થિર તરુણીનો મિજાજ પલટાય ત્યારે...

ગ્રીવા... નામ તો સરસ હતું એનું, પણ સ્કૂલમાં સહુ એને 'રોબોટ' કહી બોલાવતા. કોઈ એને સામે આવીને તો આવું ના કહેતા, કારણ કે તરુણોમાં એવી હિંમત મોટાભાગે હોતી નથી. હા, પણ પાછળથી બદબોઈ કરવાનો એક પણ મોકો ચૂકતા નહીં. જોકે ગ્રીવાને એનાથી કંઈ ફરક પણ ના પડતો. એ ક્યારેય કોઈ રીએક્શન ના આપતી. મોટાભાગે ક્લાસમાં સાવ ઠંડીગાર, બરફ સમાન એ મૂર્તિવંત બેસી રહેતી.

ગ્રીવા એમ કંઈ પથ્થર નહોતી. એ બધું જ અનુભવી શકતી. બસ, એ થોડી વધુ પડતી શાંત હતી. એકદમ સ્થિર. નાનપણમાં ચારેકોર એના વખાણ થતાં. કેટલી શાંત છે, કોઈ તોફાન મસ્તી નહીં, કોઈ કજિયા નહીં. ઘરમાં લોકો એનાં ઓવારણા લેતાંઃ

'અરે, અમારે તો ગ્રીવા ઘરમાં છે કે નહીં એ પણ ખ્યાલ ના આવે. એટલી બધી ડાહી. ભગવાન સહુને આવી દીકરી આપે... '.

જોકે, આ જ અતિ ડાહી છોકરી પંદરેક વર્ષની થતાં હવે ક્યારેક ભાવહીન લાગવા માંડી હતી. ટીનએજમાં ગ્રીવાની આસપાસ લાગણીઓને ખુલ્લેઆમ પ્રદર્શિત કરતાં તરુણોનો તોટો નહોતો. એ ઉછળતાં સમુદ્ર જેવા ટીનએજર્સ વચ્ચે ગ્રીવા શાંત-સ્થિર સરોવર સમાન હતી એટલે એનું મૌન લોકોને કનડવા લાગેલું. એ કનડગતના પરિણામ સ્વરૂપ એના પર અજીબ હોવાના લેબલ્સ લાગવાના શરૂ થયા હતા.



એવામાં બળતામાં ઘી હોમવાનું કામ કર્યું એના દાદીના અકાળે થયેલા અવસાને. દાદી ગ્રીવાના પ્રાણપ્રિય. ઘરમાં ગ્રીવાનો પક્ષ લેનારાં ને બહાર ગર્વથી પૌત્રીના વખાણ કરનારાં, પણ દાદી પાછળ ગ્રીવા રોઈ ના શકી. બીજા બધાં ભાઈ-બહેનોએ રીતસર પોક મૂકેલી, ત્યારે ગ્રીવા સૂનમૂન દીવાલને ટેકો દઈ બે હાથ ખોળામાં રાખી બેસી રહી. સગા-સંબંધીઓએ આ વર્તન બરાબર નોંધ્યું. એ સમય બોલવાનો તો હતો નહીં, પણ એમની નજરો ગ્રીવાને વીંધતી હતી. એ જોઈ માસીએ એકાદ વાર પ્રેમથી પીઠ પસવારી કહ્યું, 'બેટા, તું રોઈ શકે છે. એમ મનમાં ધરબી નહીં રાખવાનું દુઃખને...' પણ ગ્રીવા જડવત્ બેસી રહી.

એ રાત્રે, રૂમમાં ઓશીકા પર મોં દબાવી ગ્રીવા છૂટ્ટા મોંએ રોઈ પડી. આમ ચૂપચાપ આંસુ સારી લેવા એના માટે સરળ હતા. દુનિયા સામે મન હળવું કરવું એને બહુ અઘરું લાગતું.

બસ પછી તો શું? ધીમે-ધીમે જેમ સ્કૂલમાં એનું નામ પડી ગયેલું રોબોટ. એમ પરિવારમાં પણ એના પર ટેગ લાગ્યો હતો 'ઈમોશનલેસ'. એકાદવાર નાનીમા મેણું મારી ગયેલાંઃ

'તારી દાદી પાછળ ના રોઈ, અમારા માટે તો તને શું લાગણી હોવાની'. મમ્મીને પણ અચાનક એ ઘટના યાદ આવી ગઈ, જ્યારે પોતાને સખ્ત ઉલ્ટીઓ થતી જોઈને પણ ગ્રીવા કંઈ ખાસ પરેશાન નહોતી થઈ.

હવે ગ્રુપ પ્રોજેક્ટ્સમાં એને કોઈ પૂછતું નહોતું કે 'તને શું લાગે છે?' ઘરમાં પણ કોઈ નિર્ણયો લેવામાં એને સામેલ કરવામાં આવતી નહીં. ગ્રીવાની મરજી-નામરજીનું હવે કોઈ મહત્ત્વ જ ના રહ્યું. 'તને તો બધું ચાલશે...' એવું કહી વાત ટાળી દેવાની એની આસપાસના લગભગ તમામ લોકોને આદત પડવા લાગી. ફ્રેન્ડ્સના ગ્રુપમાં પણ પાર્ટીઓનાં આમંત્રણ મળવું ઓછું થઈ ગયું, કારણ કે, એમ એ ક્યારેય પ્રસંગોપાત કોઈ જગ્યાએ જવા-આવવાની ના પાડતી નહીં, પણ ત્યાં ગયા પછી એ બેસી રહેતી એટલે સાથે જનારા કંટાળી જતાં અને કંટાળામાંથી જન્મ લેતો અણગમો.

એવાં જ અણગમાવશ એક વખત બાયોલોજી ક્લાસમાં સજીવો વિશે ભણતાં એની ફ્રેન્ડે કમેન્ટ મારી ગયેલીઃ

'ગ્રીવુડી, તું ક્યાં સજીવ છો?' ક્લાસમાં હાસ્યનું મોજું ફરી વળેલું, પણ એણે કોઈ જવાબ ના આપ્યો. ક્યારેક એ વિચારતી કે બીજા સાચા હશે. મારામાં જ કંઈક કમી છે. કદાચ મને જ કોઈ ભાવનાઓ મહેસૂસ નથી થતી. જેમ બીજા લોકો લાગણીઓ વ્યક્ત કરી શકે છે એમ હું કેમ નથી કરી શકતી. એ પરીક્ષામાં સારા ગ્રેડ આવવાથી ના તો ખુશીમાં ઝૂમી ઉઠતી ને ઓછા માર્ક્સથી ના આંસુઓ સારી શકતી.

હવે, ગ્રીવાએ પોતાના મૌનથી પીડાવાનું શરૂ કર્યું. પ્રાણ ને પ્રકૃતિ સાથે જાય એવો ખ્યાલ તો આ કાચી ઉંમરે એને હતો નહીં એટલે એ જાતને બદલવાની કોશિશમાં મચી પડી. એમાં પ્રથમ જ પ્રયાસમાં ઊંધે કાંધ પછડાય. થયું એવું કે, એના જ ક્લાસમાં ભણતી ગ્રીવા કરતાં તદ્દન વિરુદ્ધ સ્વભાવની, ભયંકર આખા બોલી લીલા આજે ઉદાસ બેસેલી. ગ્રીવાને થયું કે જાતને બદલવાનો આ સારો મોકો છે. એ પોતાની જગ્યાએથી ઊઠી ધીમા પગલે લીલા પાસે પહોંચી, પાંચેક મિનિટ પછી માંડ એટલું બોલી શકી, 'આર યુ ઓકે? ત્યાં તો લીલા તાડૂકી. 'તું દેખાડો કરમાં...'

મહામહેનતે ગ્રીવાએ જવાબ આપ્યો, 'દેખાડો નથી કરતી, પણ....' ગ્રીવા હજુ કંઈ આગળ બોલે એ પહેલા લીલા તો વીફરીઃ 'ખોટાડી ના થા. તને કોઈના દુઃખથી શું ફેર પડે. રોબોટ નહીં તો!'. એમ કહી ગ્રીવાને એવો ધક્કો માર્યો કે એ લગભગ બેન્ચ પરથી ગબડતા માંડ બચી. આવું દ્રશ્ય જોઈ ત્યાં બેસેલા બધા ખડખડાટ હસી પડ્યા. એ હસવાના ખખડાટે ગ્રીવા ના મગજને ઠનકાવી દીધો. જિંદગીમાં પહેલીવાર એ બરાડીઃ 'તમે લોકો સમજો છો શું હું નથી બોલતી એનો મતલબ હું કાંઈ અનુભવી નથી શકતી એમ? હું તમારા કરતાં વધારે અનુભવી શકું છું. ખબરદાર, આજ પછી મને રોબોટ કહી છે તો. અને હા, તમારી જેમ જાહેરમાં લાગણીઓના નામે તાયફાઓ કરવાનો મારો સ્વભાવ નથી, પણ આજની જેમ મજબૂર કરશો તો હવે કોઈને નહીં છોડીશ... એવી વલે કરીશ કે સહુને નાની યાદ આવી જશે!' આટલું કહી એ સડસડાટ ત્યાંથી નીકળી ગઈ. ગરીબડી ગાય જેવી ગ્રીવાએ આજે ફૂંફાડો માર્યો એ વાત વાયુવેગે પ્રસરી ગઈ.

ધીરે-ધીરે એના વિશેની વાતો થોડી ઓછી થઈ ગઈ. સાર્વજનિક રૂપથી તો આજે પણ ગ્રીવા શાંત જ છે. ના એ ખુશીમાં ઉછળે છે ને ના ગુસ્સામાં ઘાંટા પાડે છે. અને હા, હજુ પણ અમુક લોકો એને ઠંડી સમજે છે, પરંતુ જે લોકો એને જાણે છે એ હવે એના વિશે વાત કરતાં પહેલા સો વાર વિચાર જરૂર કરે છે. ■

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# દુપટ્ટાનું અપ ટુ ડેટ



દુપટ્ટો ભારતીય પરિધાનનું એક મહત્ત્વપૂર્ણ અંગ છે, જે સૌંદર્ય અને શિસ્ત બંનેનો સંકેત આપે છે. સમયના પ્રવાહ સાથે દુપટ્ટાના ઉપયોગ, ડિઝાઇન અને મહત્ત્વમાં ઘણો ફેરફાર આવ્યો છે. આજે દુપટ્ટો ફક્ત ઔપચારિકતા પૂરું પાડતી ઍક્સેસરી નહીં, પણ સ્ટાઇલ સ્ટેટમેન્ટ બની ગયો છે. ઘણી મહિલાઓ દુપટ્ટો પહેરવાનો પસંદ જ નથી કરતી જ્યારે અમુક મહિલાઓ દુપટ્ટો પહેર્યા વગર ઘરની બહાર જ નથી નીકળતી. દુપટ્ટો પહેરવાથી ગ્રેસફૂલ લગાય છે, ડીપેન્ડિંગ કે તમે દુપટ્ટો કઈ રીતે પહેર્યો છે. દુપટ્ટો ડ્રેસની શોભા તો વધારે જ છે પરંતુ ઓવરઓલ લુકમાં કઈ રીતે વધારો કરી શકાય તે દુપટ્ટા પર આધાર રાખે છે. ચાલો જાણીયે કઈ ટાઇપનો દુપટ્ટો કઈ રીતે અને ક્યા ગારમેન્ટ સાથે મિક્સ એન્ડ મેચ કરી શકાય.

જો દુપટ્ટો પહેરવો હોય તો, સૌથી પહેલા તમારે એ ડિસાઈડ કરવું પડે કે, તમને કઈ ટાઈપના દુપટ્ટા ગમે છે એટલે કે, ફ્લોઈ દુપટ્ટા, કોટન, સિલ્ક, પ્લેન કે પછી પ્રિન્ટેડ. તમે તમારી ચોઈસ મુજબ અને તમારી ઉંમર મુજબ દુપટ્ટાની પસંદગી કરી શકો. જેમકે, પ્રિન્ટેડ ડ્રેસ સાથે પ્લેન દુપટ્ટા સારા લાગે છે. જો પ્લેન દુપટ્ટો ફ્લોઈ ફેબ્રિકમાં હોય તો ગળાની આજુબાજુ ડ્રેપ કરી શકો. ફ્લોઈ દુપટ્ટો એટલે કે, જે દુપટ્ટો ફ્લોઈ ફેબ્રિકમાં હોય એટલે કે, શિફોન, જોર્જેટ, વિસ્કોસ. આ ફેબ્રિકના દુપટ્ટા શોલ્ડર પર રહેતા નથી તેને સપોર્ટની જરૂર હોય છે. તેથી તેને ગળાની આજુબાજુ ડ્રેપ કરી પહેરવામાં આવે છે. અને જો પ્લેન દુપટ્ટા બીજા કોઈ ફેબ્રિકમાં હોય એટલે કે, કોટન કે ક્રશના દુપટ્ટા તો તેને પણ ડ્રેપ કરી જ પહેરવાંમાં આવે છે કારણકે, પ્લેન દુપટ્ટા ઓપન રાખીને પહેરવામાં નથી આવતા. પ્લેન દુપટ્ટા જ્યારે ડ્રેપ કરી પહેરવામાં આવે છે ત્યારે ઓવરઓલ લુકમાં માત્ર એક એલિમેન્ટ એડ થાય છે. જો તમારે અલગ લુક આપવો હોય તો, તમે પ્રિન્ટેડ ડ્રેસ સાથે કોન્ટ્રાસ્ટ કલરનો પ્લેન દુપટ્ટો પહેરી શકો.

પ્રિન્ટેડ દુપટ્ટા તમારા ઓવર ઓલ લુકમાં વધારો કરે છે. પ્રિન્ટેડ દુપટ્ટા તમે ઓપન રાખી શકો. પ્રિન્ટ દુપટ્ટામાં ઘણી વેરાઈટી આવ છે. તમે તમારા ડ્રેસ મુજબ અને કઈ ઇવેન્ટમાં જવાના છે તે મુજબ દુપટ્ટાની પ્રિન્ટ સિલેક્ટ કરી શકો. પ્લેન ડ્રેસ સાથે પ્રીન્ટેડ દુપટ્ટા ખૂબ જ સુંદર લાગે છે. જેમકે, પ્લેન બ્લેક કલરના ડ્રેસ સાથે સિલ્કનો વારલી પ્રિન્ટનો દુપટ્ટો એક આગવી છાપ ઊભી કરશે. અથવા તો,ગોલ્ડન બેજ કલરના પ્લેન ડ્રેસ સાથે મરૂન કલરનો બનારસી દુપટ્ટો પહેરી શકાય. જ્યારે પણ પ્રિન્ટેડ દુપટ્ટો પહેરવાંમાં આવે ત્યારે તે દુપટ્ટાં હંમેશાં ખુલ્લો રાખી પહેરવામાં આવે છે તેથી ડ્રેસનો ઉઠાવ આવે. પ્રિન્ટેડ દુપટ્ટાની પ્રિન્ટ પરથી નક્કી કરી શકાય કે, તમારો લુક કેઝ્યુઅલ છે કે ફોર્મલ કે પછી વેડિંગ લુક. બાંધણી, પટોળા અને લહેરિયા દુપટ્ટા પણ પ્રિન્ટેડ દુપટ્ટામાં જ આવી જાય. ઓફિસ મીટિંગમાં મરૂન, બ્લેક કે ઓફ વાઈટ ડ્રેસ સાથે તમે કલમકારીનો દુપટ્ટો પહેરી શકો.

ઘણા દુપટ્ટાનું ફેબ્રિક એવું હોય છે કે આપણે જેમ સેટ કરીયે તેમ જ રહે છે જેમકે, સિલ્ક અને દોરીયાના દુપટ્ટામાં જો પ્લીટવાળી રાખવામાં આવે તો, તે દુપટ્ટા એમના એમ જ રહે છે. અથવા તો આવા દુપટ્ટાંને જો માત્ર શોલ્ડર પર પિન રાખી લોક કરવામાં આવે તો, આ દુપટ્ટા જગ્યા પરથી હલતા નથી અને દુપટ્ટો ઓપન રાખવાથી ડિઝાઇન પણ બરાબર દેખાય છે. પ્લેન ફ્લોર લેન્થ ગાઉન સાથે પણ પ્રિન્ટેડ દુપટ્ટા સારા લાગી શકે. તમે ડેનિમ સાથે પણ પ્રિન્ટેડ દુપટ્ટા પહેરી શકો. ઘણી મહિલાઓ સાડી સાથે પણ દુપટ્ટા પહેરે છે. એટલે કે, પ્લેન સાડી હોય અને બીજા શોલ્ડર પર ઇવેન્ટને અનુરૂપ કોન્ટ્રાસ્ટ કે પ્રિન્ટેડ દુપટ્ટો હોય. દુપટ્ટો હંમેશાં એક એલિમેન્ટ એડ કરે છે જેનાથી તમારા વ્યક્તિત્વમાં નિખાર જરૂરથી આવશે.

આજની મહિલાઓ દુપટ્ટા પહેરવા વિષે પોતાની પસંદગી રાખે છે. કેટલીક યુવતીઓ અને સ્ત્રીઓને લાગે છે કે દુપટ્ટા તેમની મુક્તતાને અવરોધે છે અથવા તે જરૂરી નથી ખાસ કરીને વર્કપ્લેસ કે સામાન્ય જિંદગીમાં. બીજી તરફ, ઘણી મહિલાઓ દુપટ્ટાને સ્ત્રીત્વનો ભાગ માને છે. તેઓના માટે દુપટ્ટો માત્ર એક કપડું નથી, પણ આત્મવિશ્વાસ અને શૈલીનો એક અભિન્ન ભાગ છે. દુપટ્ટો હવે ફક્ત પરંપરાનો ભાગ નથી રહ્યો, તે આધુનિક સ્ત્રીના વ્યક્તિત્વનો એક અભિન્ન તત્ત્વ બની ગયો છે. પહેરવો કે નહિ આ પસંદગી છે, પાબંદી નહિ. ■

ફેશન પ્લસ
પ્રતીમા અરોરા
feedback.ladki@bombaysamachar.com

# મહાનગરોમાં ધૂમ મચાવી રહી છે સાયબરપંક ફેશન



હિંદુસ્તાનના મહાનગરોમાં શહેર દિલ્હી, મુંબઇ, બેંગલુરુ અને પુણેના ૧૮થી ૩૦ વર્ષના અર્બન એલીટ વચ્ચે હાલના દિવસોમાં સાયબરપંક ફેશન મજબૂતીથી પગ જમાવી રહી છે. સોશ્યલ મીડિયા, મ્યુઝિક ફેસ્ટિવલ્સ અને સ્ટ્રીટ ફેશન ઇવેન્ટ્સે તેને ખૂબ પ્રોત્સાહન આપ્યું છે. વાસ્તવમાં સાયબરપંક ફેશન એક એવી સ્ટાઇલ છે જેમાં ઝડપથી નવી જનરેશનને પોતાની પકડમાં લઇ રહેલી ઊભરતી ટેક્નોલોજી, વિદ્રોહી વિચારધારાનું મિશ્રણ અને છલ્લી સદીના ૮૦ના દાયકાના સાયન્સ ફિક્શન અને આજના સાયબર વર્લ્ડનું ફ્યૂઝન મળીને એક એવું એલીટ વાતાવરણ બનાવે છે જે ડિઝિટલ સંસ્કૃતિ અને રેબલ એટીટ્યૂટ સાથે મળીને બનેલું ફ્યૂઝન હોય છે. પોતાની પારંપરિક સંસ્કૃતિથી વિદ્રોહ કરનારા શહેરી યુવાઓને સાયન્સ ફિક્શન પોતાની બોલ્ડનેસ અને અનેક પ્રકારના મૂલ્યોને ધ્વસ્ત કરવાના કારણે ખૂબ પસંદ આવે છે. આવીજ કાંઇક લાગણી આ સાયબરપંક ફેશનમાં પણ હોય છે. એટલા માટે બ્લેડ રનર, ધ મેટ્રિક્સ અને અકીરા જેવી સાયન્સ ફિક્શનથી પ્રેરિત આ ફેશન સ્ટેટમેન્ટ યુવાઓને ખૂબ પસંદ આવે છે. તેની કેટલીક ખાસિયતો અન્ય ફેશનોથી તેને બિલકુલ અલગ કરે છે.

**ડાર્ક અને મેટેલિક રંગ:** બ્લેક, ગ્રે, સિલ્વર અને નિઓન હાઇલાઇટ્સ

**ટેક સ્પાયર્ડ ડિઝાઇન:** આ ફેશનની ડિઝાઇન ટેક્નોલોજીથી ખૂબ પ્રભાવિત હોય છે. એલઇડી લાઇટ, વાયર જેવી એક્સસરીઝ અને ફ્યૂચરસ્ટિક ગોગલ્સ સાથે તેને કેરી કરવામાં આવે છે.

**લેધર અને સિન્થેટિક મટિરિયલ્સ:** આ ફેશનમાં જેકેટ્સ, બોડીસૂટ અને કોટસેટ્સ લેધર અને સિન્થેટિક મટિરિયલ્સના બનેલા હોય છે.

**અગ્રેસિવ સ્ટાઇલિંગ:** સ્પાઇક્સ, ચેઇન, એબ્નોર્મલ શૂઝ

**એંડ્રોગિનસ લૂક:** આ ફેશને કેરી કરનારા યુવા જેન્ડર ન્યૂટ્રલ અથવા મિક્સ મેચ ફેશનના દીવાના હોય છે.

આખરે કેમ ટ્રેડ થઇ રહી છે સાયબરપંક ફેશન

ટિયર-૧ શહેરોના યુવાઓ વચ્ચે સાયબરપંક ફેશન એટલા માટે ટ્રેડ કરી રહી છે કારણ કે આ યુવાઓને ડિઝિટલ યુગ સાથેના જોડાણનો અનુભવ કરાવે છે. કારણ કે વાસ્તવમાં સોશ્યલ મીડિયા, ગેમિંગ અને મેટાફર કલ્ચરે યુવાઓને આ તરફ આકર્ષિત કર્યા છે.

**રિબેલ થોટ્સ અને આઇડેન્ટિટી**

મોટાં શહેરોના અલ્ટ્રા અર્બન યુથ આ ફેશનને કલ્ચરલ રેજિસ્ટેન્ટ અને ભીડથી અલગ દેખાવાની રીત માને છે એટલા માટે તેની તરફ આકર્ષિત હોય છે.

કોસપ્લે અને ફેસ્ટિવલ- ઇડીએમ, કોમિક-કોન અને ફ્યૂચર ફેસ્ટ જેવી ઇવેન્ટમાં ફેશન સામાન્ય થઇ ગઇ છે.

**જનરેશન ઝેડની પ્રયોગશીલતા**

વાસ્તવમાં યુવાઓ વચ્ચે સાયબરપંક ફેશન એટલા માટે ટ્રેડ કરી રહી છે કારણ કે જનરેશન ઝેડ જૂની ફેશનો અને તેના નિયમોને તોડીને કાંઇક નવું અજમાવવાનો પ્રયાસ કરી રહ્યા છે એટલા માટે તેમને એક એવું કલ્ચરલ સ્ટેટમેન્ટ જોઇએ છે જે તેમને તમામની વચ્ચે ચિહ્નિત કરે. હાલમાં સાયબરપંક ફેશન એક એવી એન્ટી સ્ટેબિલિશમેન્ટ અને ટેક હ્યૂમન ફ્યૂચરિઝમનું પ્રતીક છે. આ સ્ટાઇલ બતાવે છે કે એક સામાન્ય વ્યક્તિ ટેકનોલોજી સાથે સશક્ત અને ફ્યૂચરસ્ટિક હોઇ શકે છે પછી ભલે તેની વિરુદ્ધ હોય. એક રીતે આ ફેશન સિસ્ટમની વિરુદ્ધ રચનાત્મક વિદ્રોહ છે.

આ વર્ષે હિંદુસ્તાનના સમર ફેશનમાં મોટાં શહેરોમાં યુવાઓ વચ્ચે સાયબરપંક ફેશન ધૂમ મચાવી રહી છે. દેશમાં કેટલાક જાણીતા બ્રાન્ડ્સ, ડિઝાઇનર અને ક્રિએટર્સ જે તેને સામાન્ય લોકો સુધી લઇને આવે છે. હાલમાં આ ફેશનની સૌથી મજબૂત કડી છે. દિલ્હી, બેસ્ટ હ્યુમન એક એવી બ્રાન્ડ છે જે યુવાઓની સાઇકોલોજીને સારી રીતે વાંચતા આવડે છે અને આ ગરમીમાં હ્યુમન બ્રાન્ડમાં સાઇકોલોજીકલ અને ટેક થીમ્સનો જલવો છે. હ્યુમન બ્રાન્ડના ઓવરસાઇઝ સ્ટ્રીટ વેર પણ ખૂબ લોકપ્રિય છે. વધુ એક બ્રાન્ડ જે અહી ખાસ કરીને મુંબઇમાં સાયબરપંકને ઈન્ડિયન ક્રાફ્ટ સાથે મિક્સ કરે છે તે છે નોર બ્લેક અને નોર વ્હાઇટ.

બેંગલુરુમાં જાજા બોઆ, અર્બન ફ્યૂચરસ્ટિસ અને ડિસ્ટોપિયન ફેશનને પ્રમોટ કરે છે અને યુવાઓ વચ્ચે ઇન્સ્ટાગ્રામમાં ખૂબ લોકપ્રિય છે. કુલ મળીને સાયબરપંક ફેશન જેને એનએચ-૭ વીકેન્ડર, સનબર્ન ફેસ્ટિવ જેવા પ્લેટફોર્મ આગળ વધારે છે. સાયબરપંક ફેશનના લોકપ્રિય ભારતીય ઇન્ફ્લૂએન્સરમાં કૃત્તિકા ખુરાના વોહગર, ડાન્સર શક્તિ મોહન, સિદ્ધાર્થ બત્રા અને અનન્યા પાંડે લોકપ્રિય કરી રહ્યાં છે. કૃત્તિકા ખુરાના જેણે તાજેતરમાં જ પોતાના લૂક્સમાં નિયમ-૬ ટૈક એસ્થેટિક્સ એક્સસરીઝ અપનાવી હતી. જ્યારે અનન્યા પાંડેએ પોતાના તાજેતરના અનેક વીડિયો મ્યુઝિકમાં આ ફેશનને પ્રમોટ કરી છે. આ કારણ છે કે આ ફેશન ફક્ત ટ્રેડમાં જ નથી, પરંતુ જાણકારોના મતે આગામી અનેક વર્ષો સુધી મેટાવર્ષ, એઆર, વીઆર ઇવેન્ટ્સ અને મ્યુઝિક ફેસ્ટિવલ જેવા કાર્યક્રમો થતા રહેશે.

કુલ મળીને સાયબરપંક જેવી ફેશન ફક્ત કપડા અને ડિઝાઇનર હોતા નથી પરંતુ પોતાના સમયગાળાની ધડકન પણ હોય છે. એટલા માટે આ સમયની ફેશન જીવંત રહે એટલા માટે જરૂરી છે કે આ સમયગાળાની યુવા પેઢી નવીને નવી ફેશનને અપનાવતી રહે. સાયબરપંક ફેશન ફક્ત એલીટ ક્લાસના યુવાઓમાં ખૂબ લોકપ્રિય છે, પરંતુ તેનો બિઝનેસ વધીને ૩.૫થી ૪ હજાર કરોડ રૂપિયા સુધી પહોંચી રહ્યો છે. જેનાથી ખ્યાલ આવે છે કે ટિયર-૧ના યુવાઓ દેશના અન્ય યુવાઓ પર કેટલો પ્રભાવ ધરાવે છે. ■

ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

# દીકરી કે ગાય?

ગુલઝાર સાહેબની થોડાં વર્ષો પૂર્વે આવેલી ‘હુતુતુ’ નામક ફિલ્મમાં બળવાખોર નાયિકા તબ્બુ એક સંવાદ બોલે છે:

-‘યે સભી ગાલિયાં મા-બહેનસે હી ક્યો બની હૈ...?’

- એક જ લાઈનના આ સંવાદમાં ગુલઝાર સા’બે આજના સમાજમાં નારીની પરિસ્થિતિનો ચિતાર ખડો કરી દીધો છે.

* નારી એટલે તુચ્છ ચીજ વસ્તુ,
* નારી એટલે મિલકત.
* નારી એટલે ગુલામ.

- પુરુષ પ્રધાન સમાજમાં નારીને એટલી હદ સુધી તુચ્છ અને ઉતરતી કક્ષાની ગણવામાં આવે છે કે તમામ ભૂંડી ગાળો પણ મા-બહેન ઉપરથી શરૂ થાય છે.

- મુઠ્ઠીભર નારીવાદી મહિલાઓ નારીને આ સ્થિતિમાંથી બહાર લાવવા વર્ષોથી પ્રયાસ કરી રહી છે. પછી તે કોઈ પણ સમાજની હોય! સ્ત્રીઓએ પરણ્યા પછી ‘દીકરી ને ગાય દોરે ત્યાં જાય...’ની કહેવત મુજબ પતિના ઘરે જઈને તેની, કુટુંબ- પરિવારની જિંદગીભર ગુલામી કરવાની હોય છે.

* ત્યાં તેણે પતિ અને સાસરિયાઓનાં કહ્યામાં રહેવાનું.
* ચૂલો અને ઘર-ગૃહસ્થી સંભાળવાના
* તમામ પ્રકારની બાંધછોડ પણ તેણે જ કરવાની.

- અભણ કે સુશિક્ષિત તમામ સ્ત્રીઓની આજે ચાંદ ઉપર પગલાં માંડી આવેલી સ્ત્રીઓના આધુનિક જમાનામાં પણ- વધતે ઓછો અંશે આ જ ગતિ છે. દલિત, મુસ્લિમ, સવર્ણો જેવા સમાજનું પ્રમાણ તેમાં નોંધપાત્ર છે.

- કન્યા જન્મે ત્યારથી આ બધી સલાહ તેને પતિગૃહે વળાવાય ત્યાં સુધી સતત અપાયા કરે છે.

- બીજા શબ્દોમાં કહીએ તો ઈરાદાપૂર્વક તેને આપણે એક ભાવિ ગુલામ તરીકે જ ઉછેરીએ છીએ.

- બદલામાં તેને
* ત્યાગમૂર્તિ...
* કરૂણામૂર્તિ જેવા રૂપકડા વિશેષણો જ માત્ર મળે છે,

- ‘દીકરીને ગાય દોરે ત્યાં જાય’ જેવી કહેવતો,

-‘દીકરી તો પારકી થાપણ કહેવાય’ જેવા રૂઢિપ્રયોગો અને લગ્ન વખતે કન્યાદાનની પ્રથા...

* આ બધા રીત-રિવાજો,
* બધી સલાહો અને
* ભૂંડી ગાળો

- સમાજમાં પરાપૂર્વથી સ્ત્રીઓ સામે ચાલતા ષડયંત્રનો પુરાવો આપે છે.

- લગ્નમંડપમાં કોઈ મા-બાપે શા માટે ‘કન્યાદાન’ આપવું જોઈએ?

- શું કન્યા તેમની મિલકત છે?

- કન્યા તેની ચીજવસ્તુ છે કે તેમના અંતરનો અંશ?

- કન્યા નિર્જીવ વસ્તુઓનું પોટલું છે કે એક જીવતું જાગતું અરમાનભર્યું અસ્તિત્વ?

- તમને શું લાગે છે?

- શા માટે દીકરીએ ગાયની જેમ તેને દોરીએ ત્યાં જવું જોઈએ? ■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# આવા જેકીનું શું કરવું?




જેકી ઉર્ફે જયકિશન, સોળમી છોકરીનું ઇન્ટરવ્યૂ લેવા અને પસંદ કરવા વડીલો સાથે નિક્કી ઉર્ફે નિકિતાનાં ઘરે પહોંચ્યાં. રસ્તામાં એનાં મોમ-ડેડ સતત સલાહનું આક્રમણ કરતાં રહ્યાં. અનુક્રમે જોઈએ તો.....

‘જો, આ સોળમી છોકરી છે. એ હાથમાંથી જવી ન જોઈએ. આનાથી વધારે સારી છોકરી દીવો લઈને શોધવા જઈશું, તો પણ નહીં મળે. સમજ્યો? અને હા, સુશીલ ને ભણેલું ખાનદાન છે. આમ વારે વારે વાળને ઉછાળ ઉછાળ ના કરતો. અને હા, પાછળની ચોટલી વાળેલી છે, તે કાઢીને કાંસકો મારી વાળ સીધા કર. આ છોકરી જેવાં ચેનચાળા મને બિલકુલ પસંદ નથી.’

‘મોમ, ચિલ કર ચિલ. મેરે લિયે ભી તો કોઈ હસીના ઉપરવાલેને બનાઈ હોગી. સમજી?’ (માથે પડેલા જમાઈ તો સાંભળ્યું છે ભાઈ, પણ અહીં તો માથે પડેલો વારસદાર! એટલે ચિલ તો કરવું જ રહ્યું.)

‘કન્યા વિષયક જે કંઈ તપાસ કરવાની છે તે બધી અમે કરી લીધી છે. એટલે છોકરીને એક કલાક સુધી પ્રશ્નો પૂછીને ખોટી હેરાન નહીં કરતો. આગળની પંદર છોકરીઓની જે ફરિયાદ આવી છે, તે તું જાણે જ છે.’

‘જો મોમ, જેની સાથે મારે રહેવાનું હોય, તેને પ્રશ્નો તો પૂછવા જ પડે. આપણે ભણેલાં ગણેલાં અને સ્માર્ટ છીએ, એવી છાપ ઊભી કરવાની આ એક મેથડ છે..યુ નો.!

(આ વખતનો સંઘ પણ કાશીએ નહીં પહોંચશે એ વાત નક્કી છે.)

‘ભલભલા અભણ અને ગમાર છોકરા પણ પરણી ગયા ને તું કેમ રહી ગયો એનો શાંતિથી વિચાર કર.’ દર વખતે જ્યારે કન્યા જોવા જવાનું થાય, ત્યાર પહેલાં વેવાઈ-વેવાઈ અને વેવણ -વેવણના ઇન્ટરવ્યૂ સામસામે ચાલે. એક પણ પક્ષ નીચો પડે જ નહીં. બંને પોતપોતાનાં વારસને બત્રીસ લક્ષણો ને બત્રીસ લક્ષણી છે એ પુરવાર કરીને જ જંપે છે. વડીલો એકબીજાનો ઇન્ટરવ્યૂ લેતાં હોય, ત્યારે છોકરો અને છોકરી એકબીજાને નિહાળવાનું નયનસુખ માણી લેતાં હોય છે. છોકરી પોતાના વાળને વારે વારે આગળ લાવીને સેટ કરે તો છોકરો પોતાના વાળમાં આંગળા નાખતો હોય કે ઘડીક મોબાઇલમાં તો ઘડીક છોકરીને ત્રાંસી આંખે નિહાળતો હોય. (છોકરી ને છોકરો વિચારતાં હોય કે આ સિનિયરો એમની મંત્રણા બંધ કરે, તો અમારો ગજ વાગે ને?)

આખરે ચા-પાણી થાય અને ઘરનો મોભી છોકરા-છોકરીને વાતચીત કરવા એક ઓરડો આપે. જેકી અને નિક્કીને પણ અંદરને ઓરડે એક ખુરશી ઉપર બેસાડી, એક કન્યા (કદાચ ભવિષ્યની સાળી) બારણું આડું કરીને બારણે કાન માંડીને ઊભી રહે છે.

જેકી ખોંખારો ખાઈને ફ્રેન્ડલી એપ્રોચ કરતાં કહેશે, ‘તો નિક્કી, આ તારું નિકનેમ છે?’ (જેકીને મમ્મીની વાત યાદ હતી કે ઇન્ટરવ્યૂમાં બફાટ કરવો નહીં.)

‘કેમ? તમને પસંદ નથી? મને પણ તમારું નિકનેમ જેકી પસંદ નથી. પણ મેં તમને કંઈ કહ્યું? મેં કહ્યું કે નામ બદલી નાખો?’

‘ના ના. આતો મેં અમસ્તું જ પૂછ્યું નિક્કી.’

‘તો આમ અમસ્તો ટાઇમપાસ કરવા આવ્યા છો? આવો બાલિશ સવાલ? ઓહ ગોડ!’

‘ના, ના. આ તો તમને ફ્રેન્ડલી કરવા સરળ પ્રશ્ન પૂછ્યો.’

‘એટલે શું અમે ફ્રેન્ડલી નથી? જે ફ્રેન્ડલી હોય એ બધા જ ગ્રેટ હોઈ શકે. એવું તમારું માનવું છે?’

‘ના, ના. સાવ એવું નથી. આ તો જસ્ટ વાતની શરૂઆત કરવા જરા સહેલો પ્રશ્ન પૂછ્યો.’

‘એટલે શું અહીં બોર્ડની પરીક્ષા આપવા હું બેઠી છું?’

બાજી બગડેલી જોઈને જેકીએ વાતની દિશા બદલી.

‘તમને રસોઈ ઉપરાંત બીજું શું શું કરતાં આવડે? આઈ મીન, તમને શેમાં શેમાં રસ છે?’

‘તમે જે કંઈ પ્રશ્નો પૂછ્યા, એવા જ બધા જ સવાલોના જવાબો તમારે મને આપવાના હોય, તો તમે મને શું જવાબ આપો, જેકી?’ નિક્કીએ ધારદાર પ્રશ્ન પૂછ્યો.

‘તમે પણ શું સાવ બાલિશ સવાલો કરો છો? છોકરાઓને વળી ક્યાં રસોઈ કરવાની હોય છે અને એને ક્યાં બીજા ફિલ્ડમાં રસ લેવાનો હોય છે? અમારે તો તૈયાર થાળીએ બેસવાનું અને મન ફાવે તે કરવાનું. વી આર અ ફ્રી બર્ડ!’

જેકીનો જવાબ સાંભળીને નિક્કી અકળાઈ ઊઠી. ‘મિ. જેકી, દા. ત. તમે મને નોકરી કરાવશો, તો આપણે બંનેએ સાંજે ઘરે આવીને સાથે મળીને રસોઈ કરવી પડશે. લગન પછી યુ આર નોટ અ ફ્રી બર્ડ. હવે એ જમાનો ગયો. હવે તો ખભે ખભા મિલાવીને કામ કરવું પડે છે. તમારા અને મારા કામના કલાકો, ઊંઘવાના, ફરવાના, મોજમજાના કલાકો સરખા જ રાખવાના રહેશે.’

જેકીએ આવા જવાબોની અપેક્ષા રાખી જ નહોતી એટલે હવે ખોટી અકડાઈ છોડીને જમીન ઉપર આવ્યે જ છૂટકો! એ વાત સમજાતાં એણે એની મમ્મીનું ઉદાહરણ આપતાં કહ્યું :

‘નિક્કી, મારી મમ્મી નોકરી પણ કરે છે અને ઘરનાં બધા કામ તેમજ રસોઈ પણ કરે છે. એટલે તારે પણ આ વાત સ્વીકારવી પડે. આપણી સમાજ વ્યવસ્થા શ્રેષ્ઠ છે. એ આપણે ક્યાં નથી જાણતાં? થોડા દિવસ તને આકરું લાગશે. પછી તું ટિપિકલ હાઉસવાઇફ કમ વર્કિંગ વુમન બની જશે. ઇટ્સ નો ટફ... યુ સી...’

‘આઈ સી એવરીથિંગ મિ. જેકી, પણ મને તો ખરેખર તમારા વિચારો ઉપર પ્રશ્ન થાય છે. તમે કયા યુગમાં જીવો છો? જમાનો ક્યાંનો ક્યાં પહોંચ્યો છે અને તમે હજી પુરાતન યુગમાં જીવો છો? તમે તમારી મમ્મીનું ઉદાહરણ આપ્યું, તો લો, હવે હું મારી મોટીબહેનનું ઉદાહરણ આપું છું. અમેરિકામાં હસબન્ડ-વાઇફ નોકરી કરે છે અને સાંજે આવી રસોઈ, બાળકોનાં ડાયપરથી લઈને સાફસફાઈ પણ સાથે મળીને કરે છે. આવું કરનારાં જ અમેરિકા સુધી પહોંચી શકે છે. તમે જેટલા સવાલો પૂછશો, એ જ સવાલો તમને સામે વાગશે. તમે મારી કસોટી કરશો, તો હું તમારી કરીશ. તમારી અપેક્ષા છે, તો મારી પણ અપેક્ષા છે જ. જે તમારે પૂરી કરવી રહી. આ મુલાકાત આપણી આખરી છે એમ સમજી આપણે છૂટા પડીએ છીએ... મિ. જેકી.’

‘નિક્કી, કોઈ વચલો રસ્તો કાઢી શકાય કે નહીં?’

‘ના, વૈચારિક ભૂમિકા તપાસતાં તમારી સાથે એક દિવસ પણ ટકી ન શકાય. આઈ એમ સોરી...’

સોળમીવાર પણ હારેલો જેકી, વિચારે તો શું વિચારે? મમ્મી પૂછશે, શું થયું? છોકરીની હા આવી? તેં જ બફાટ કર્યો લાગે છે. આ તારો મવાલી જેવો દેખાવ જ પહેલાં તો એને ના ગમ્યો હશે. હવે પેલાં પટોળા મારે ક્યાં નાખવાં? હવે એક કામ કર. તું જાતે જ કોઈ શોધી લે. નહીંતર વાંઢાઓની જમાતમાં એક વાંઢો વધારે!

આવા જેકીએ શું કરવું જોઈએ? તમે જ કહો ને! ■

આજની ટૂંકી વાર્તા

# વ્યસન

દુર્ગેશ ઓઝા
feedback.ladki@bombaysamachar.com

**પપ્પા, બિલાડી થોડુંક જ દૂધ પીએ તોય તમને વાંધો, પણ તમે તો અઠવાડિયામાં સિગારેટનું આખું પાકીટ ફૂંકી મારો છો, પંદર-વીસ ફાકી ખાઈ જાઓ છો એનું કાંઈ નહીં!?**

'પણ પપ્પા, એ તમને ક્યાં કાંઈ કરે છે? શી ઈઝ ક્વાઈટ ઈનોસન્ટ એન્ડ ક્યુટ. ધિસ કેટ ઈઝ વેરી ડેલિકેટ. એ તો બિચારી મારા ખોળામાં છાનીમાની શાંતિથી બેસે છે. તમારા ખોળામાં થોડી આવે છે?'

'મારા ખોળામાં આવે તો ખરી! એને ખબર છે કે મારી નજીક ફરકે એટલે લાકડી પડવાની જ. મારે ઘરમાં કૂતરા-બિલાડાં કાંઈ ન જોઈએ. એ બધાં ગંદાં-ગોબરાં હોય. ને દૂધ કેટલું મોંઘું આવે છે તેનું તને ભાન છે? પૈસા કાંઈ ઝાડ પર નથી ઊગતા. ડોન્ટ ડુ ઓલ ધિસ રબિશ અન્ડરસ્ટેન્ડ?'

'પપ્પા...! આખા દી'માં એક વાર સવારે ને બીજી વાર સાંજે એમ ખાલી બે જ વાર બિલાડીને દૂધ પીવડાવું છું, ને એય ફક્ત એક નાનકડી રકાબીમાં. એમાં તો તમે!'

'સો વાતની એક વાત. નથિંગ ડુઈંગ. તુ પૈસાનું પાણી ન કર. ખબરદાર આજ પછી જો તેં...'

'પપ્પા, બિલાડી થોડુંક જ દૂધ પીએ તોય તમને વાંધો, પણ તમે તો અઠવાડિયામાં સિગારેટનું આખું પાકીટ ફૂંકી મારો છો, પંદર-વીસ ફાકી ખાઈ જાઓ છો એનું કાંઈ નહીં!? એમાં ખોટો ખર્ચો થાય એનું કંઈ નહીં! ને હું બિલાડીને તમારી પાસે આવવાય ન દઉં. એને ચેપ લાગે. ગંદી-ગોબરી એ નથી, પણ તમે...'

એક સણસણતા તમાચાનો ભોગ બનેલો વત્સલ આગળ બોલી ન શક્યો. ને રેખા રસોડામાંથી બહાર દોડી આવી. 'આ શું? તમે તે માણસ છો કે? આપણો દીકરો હવે મોટો થઈ ગયો. એને આમ તમાચો મારવાનું કારણ? તમને શરમ નથી આવતી?'

બીજા દિવસે સવારે રેખાએ ફરિયાદ કરી. 'સાંભળો જરા. જોને આ વત્સલ હઠ પકડીને બેઠો છે! તમે જરાક એને સમજાવો. કહે છે કે હવેથી સવારે દૂધ નહીં પીઉં.'

'એ દૂધ ન પીએ એમાં તું મારું લોહી શું કામ પીએ છે?' એમાં હું શું કરું? એને હવે દૂધ નહીં ભાવતું હોય.'

'મજાનું ભાવે છે. વાત એમ નથી. એ એમ કહે છે કે સવારનું મારા ભાગનું દૂધ બિલાડીને...'

'એટલે તું કહેવા શું માગે છે? હું સિગારેટ છોડી દઉં એમ? તમે મા-દીકરો ભેગાં થઈ મારી સિગારેટની પાછળ શું કામ પડ્યાં છો? વોટ ઈઝ ઓલ ધિસ નોનસેન્સ?'

'હું ક્યાં તમને એવું કહું છું? એને ડોક્ટરે કેલ્શિયમ માટે દૂધ પીવાનું ખાસ કહ્યું છે. તમે જરાક સમજાવો. એ નહીં પીએ તો...'

'રેખા માય ડિયર. ફર્સ્ટ એપ્લાય યોર માઈન્ડ એન્ડ ધેન રિપ્લાય. એ તો ખાલી ત્રાગું કરે છે. હી ઈઝ ટ્રાઈંગ ટુ બી ઓવરસ્માર્ટ. હમણાં એની મેળે ઠેકાણે આવી જશે. મારે ઓફિસે જવાનો ટાઈમ થઈ ગયો છે. મહેરબાની કરી તું મને આ માથાકૂટથી દૂર જ રાખ, પ્લીઝ. ને સાંજ પડે એટલી વાર છે. પાજી બિલાડી! મારી મારીને એની ખો ન ભુલાવી દઉં તો મારું નામ...'

ઓફિસમાંય લોકેશનો ધૂંધવાટ ઓછો ન થયો. એણે પોતાની અલાયદી કાચની કેબિનમાં પડદો પાડ્યા વિના ઉપરાછાપરી બે-ત્રણ સિગારેટ ફૂંકી મારી. ક્યારનોય આ બધો તાલ જોઈ રહેલો સહકર્મચારી રાકેશ શાહ અંદર ધસી ગયો. રાકેશ પણ એની જ સમકક્ષ કેડરમાં કામ કરતો હતો. તેને લોકેશનો દિલોજાન દોસ્ત તો ન કહી શકાય, પણ હા, બેય વચ્ચે સારું એવું ટ્યુનિંગ ખરું. રિસેસમાં ઘણુંખરું બંને સાથે જ લંચ લેતા અને વાનગી ને વાતો શેર કરતા.

'મિ. લોકેશચંદ્ર જોશી? વોટ હેપન્ડ ડિયર? આજે મૂડ ખરાબ છે કે શું? જોકે આજે દિવસ જ ખરાબ ઊગ્યો છે એવું લાગે છે. યુ નો પેલો મહેશ પાંત્રીસ વરસની નાની ઉંમરમાં ગુજરી ગયો તે? એને કેન્સર નીકળ્યું. આખો દી બસ સિગારેટ ફૂંકતો જ બેઠો હોય! બે દી'માં એક પાકીટ તો ખાલી કરી જ નાખે! પછી થાય શું? વેરી સેડ એન્ડ બેડ.' જો જે હોં... તું કાંઈ ભળતું માની ન બેસતો. તને એમ હશે કે આ બહાને હું તને? પણ ના, મને કોઈને વણમાગી સલાહ ચોપડાવવાની આદત જ નથી. યુ નો વેરી વેલ ધેટ ટુ સ્મોક ઈઝ હોરિબલ જોક વિથ વન્સ ઓવ્ન લાઈફ. આઈ નો ધેટ આઈ એમ નોટ યોર ફાસ્ટ ફ્રેન્ડ બટ... આ તો એની સાથે તારે સંબંધ એટલે મેં તને ખાલી માહિતી આપી. બાકી મનેય ખબર છે કે આવી આદતમાંથી છૂટવું સહેલું નથી. એના માટે જબરી હિંમત ને પ્રબળ ઈચ્છાશક્તિ જોઈએ. એ જેવા તેવાનું કામ નહીં. ઈટ ઈઝ નોટ ચાઈલ્ડ્સ પ્લે ડિયર? રાકેશ ઘડી-બે ઘડી, અટક્યો, લોકેશ સામે ધારદાર નજર માંડી રહ્યો. ને પછી આગળ બોલ્યોઃ

'તારા કરતાં થોડા ઓછા વ્યસની પણ ઝટ આ કુટેવ છોડી નથી શકતા ત્યારે તારા જેવો અઠંગ વ્યસની તો એને ક્યાંથી મૂકી શકે? તારું એ ગજું નહીં. આ ભવમાં તો તું સિગારેટનું બંધાણ છોડી રહ્યો! ઈટ ઈઝ નોટ ઈમ્પોસિબલ, બટ આઈ થિંક ફોર યુ ઈટ ઈઝ વેરી...! જો, ફરી કહું છું. આ તો વાતમાંથી વાત નીકળી એટલે આમ કહેવાઈ ગયું. બાકી મને તારી અંગત વાતમાં ઝાઝું માથું મારવાનો અધિકાર થોડો છે? મારો કહેવાનો આશય એ જ કે ઘણા મોટી મોટી વાતો તો કરે, પણ જ્યારે અમલમાં મૂકવાની વાત આવે ત્યારે જાત જાતના બહાનાં કાઢી ફસકી જાય. જોકે એમાં તારો વાંક નથી. કોઈ વિરલા જ એકઝાટકે આવી લતને લાત મારી શકે ને એમ કરી પોતાનું ને કુટુંબનું જીવન ફરી નંદનવન બનાવી શકે. આવું કરવાની તારામાં તાકાત છે? મને તો નથી લાગતું. ને જો હોય તો એ ચમત્કાર જ ગણાય. સિગારેટ ફૂંકવી સહેલી, પણ આવી કુટેવને ફૂંકી મારવી મુશ્કેલ. ને એમાંય તારા માટે તો એ...'

રાકેશે તો આ વાતે મોટું લેક્ચર ઠોકી દીધું. કુટેવનો વિષય છેડ્યો ને એમ કરી લોકેશને છંછેડ્યો. આટલું કહી રાકેશ કેબિનની બહાર...

લોકેશ પહેલાં તો મનોમન અકળાઈ ઊઠ્યો. 'ઈડિયટ્સ! બધા જ મારી સિગારેટની આદત પાછળ આદું ખાઈને પડ્યા છે. તારી જાતનો રાકલો! 'ના, ના' કહીને બધું કહી દીધું! મને ભોટ સમજે છે?' પણ પછી ગુસ્સો ઊતરી જતાં એણે શાંત ચિત્તે વિચાર્યું. 'આ રાકેશ એના મનમાં સમજે છે શું?' એ થોડી વાર વ્યગ્રતાપૂર્વક અલાયદી કેબિનમાં આંટા મારતો રહ્યો. ને પછી સડસડાટ કેબિનની બહાર આવી એણે રાકેશને કહ્યું, 'સિગારેટ આ છોડી દીધી જા. હવે જિંદગીમાં એને હાથ લગાડે એ બીજા? તું મને મિ. લોકેશને ચેલેન્જ કરે છે?! આઈ એમ નોટ પુઅર ફેલો ડિયર રાકેશ!' લોકેશ જોશમાં ને જોશમાં આવી પ્રતિજ્ઞા લઈ લીધી ને પછી એ પોરસાયો. 'આજે તો ઘરે પણ એવું સરપ્રાઈઝ આપવું છે કે બધા જોતા રહી જશે જોતા...'

ઘેર પહોંચીને હજી તો એ કાંઈ કહે એ પહેલાં તો પત્નીએ બીજી ફરિયાદ કરી.' હવે વાત હદ વળોટી ગઈ છે. વત્સલે આજ ન કરવાનું કર્યું. એના હાથમાં તમારી ફાકી કોણ જાણે ક્યાંથી આવી ગઈ! એણે એમાંથી ચપટી ફાકી લઈ લીધી. એને ચોળીને હજી તે મોઢામાં ઓરવા જાય ત્યાં જ મારું ધ્યાન ગયું એટલે મેં ઝપ દઈને ઝૂંટવી લીધી નહીંતર...? છોકરો હાથથી જશે. આ બધું તમારા લીધે થયું...! યુ આર રિસ્પોન્સિબલ ફોર ઓલ ધિસ નોનસેન્સ. રાધર યુ આર ઈરરિસપોન્સિબલ ફાધર. અત્યારે એ તમને ખબર ન પડે એમ બહાર બિલાડીને દૂધ પીવડાવે છે, પોતાના ભાગનું. હા, એણે દૂધ ન પીવાના સમ ખાધા છે. દીકરો કોનો? તમારો જને? બેય એકબીજાનાં માથાં ભાંગો એવા છો. કોઈ પોતાની લીધી પ્રતિજ્ઞા મૂકે એમ નથી. નાઉ ઈટ ઈઝ ઓવરલિમિટ... ઈનફ ઈઝ ઈનફ!'

ને લોકેશનો પિત્તો ગયો. 'શું ? તમે બધા તો મારી પાછળ આદું ખાઈને પડી ગયા છો. એટલે હવે મારે ફાકી પણ છોડી દેવાની, એમ? આર યુ ક્રેઝી?'

'એટલે...??! તમે સિગારેટ છોડી દીધી એમ!!'

'હા, આજથી મેં કાયમને માટે સિગારેટ છોડી દીધી છે.'

'વાહ મારા ડાહ્યા પતિદેવ. રોકિંગ... નાઈસ જોકિંગ...! ક્યારે છોડી દીધી? હવે છોડ્યા છોડ્યા. આ નવી વળગેલી ફાકીની લત છોડી નથી શકતા ત્યાં સિગારેટની વર્ષો જૂની કુટેવ છૂટે એ વાતમાં શો માલ છે? પહેલાં ફાકી તો છોડી જુઓ! પછી સિગારેટની માંડજો. એક દી પણ જો તમે ફાકી વગર રહી શકો તો હું જાહેરમાં તમારી આરતી ઉતારું.' રેખાએ ચાબખા મારવા ચાલુ કરી લોકેશને ચેલેન્જ કરતાં આગળ કહ્યુંઃ 'ને જો કાયમ માટે ફાકીને તિલાંજલિ આપી દો તો મારી ચામડીના જોડા બનાવી તમને પહેરાવું. પર વો દિન કહાં કી મિયાં કે પાંવ મેં જૂતી! ફાકી છોડવાની ત્રેવડ નથી ને પાછા કહે છે મેં સિગારેટ છોડી દીધી! વાહ! ક્યા બાત હૈ? મૂરખ બીજાને બનાવજો, મને નહીં. ગુસ્સો કે ફાકી બેમાંથી એકેય થૂંકી નાખવાની નથી તમારી તાકાત કે નથી તમારી...'

'બસ! ખબરદાર હવે એકપણ શબ્દ આગળ બોલી છે તો... ભગવાનને ખાતર તારાં લેફ્ટ-હેન્ડેડ કોમ્પ્લિમેન્ટ્સ બંધ કર.' લોકેશે અનેક ફાકીથી ભરચક એવા પાઉચનો ઘા કર્યો ને પછી બોલ્યો. 'જા, આજથી ફાકીય બંધ, હવે રાજીને તમે બધાં...?'

થોડી વાર ઘરમાં સોપો પડી ગયો. પછી કળ વળતાં લોકેશ નરમાશથી બોલ્યો,

'રેખા, હું ડિંગ નથી મારતો. હું ઓફિસેથી આવ્યો ત્યારે મેં તોરમાં ને તોરમાં પેલા રાકેશનો પડકાર ઝીલી લઈ સિગારેટ છોડવાનો સંકલ્પ લઈ લીધો હતો. ઈટ ઈઝ ફેક્ટ. નાઉ આઈ એમ પરફેક્ટ ડિયર. હું તમને બધાને આ વાત કહી અચંબામાં નાખવા થનગની રહ્યો હતો પણ ત્યાં તો તેં...!'

'સાચું બોલો છો તમે? સાચે જ તમે બેય વસ્તુથી આજીવન અળગા રહેશો?! આર યુ શ્યોર? તમારી વહાલામાં વહાલી વસ્તુના સમ ખાઈને કહો જોઉં.' રેખા આનંદભેર પૂછી રહી.

'રેખા, મારી વહાલામાં વહાલી વસ્તુ તો સિગારેટ છે... એના સમ ખાઈને કહું છું કે...! હા હા હા...!' લોકેશ હસી પડતાં આગળ બોલ્યો, 'ના પ્રિયે, તું મને સૌથી વધુ વહાલી છે. તારા સમ બસ? આજે હું ખૂબ ખુશ છું. માથાકૂટ થઈ, પણ અંતે સૌ સારાંવાનાં થયાં, પરંતુ એક વાતનો અફસોસ છે. મારો જાણીતો પેલો મહેશ જીવનથી હાથ ધોઈ બેઠો. કેન્સર હતું એને. જોકે મને નવાઈ એ વાતની છે કે સિગારેટ તો દૂરની વાત હતી, એને ચા પીવાનીય ટેવ ન હતી. ઈટ ઈઝ વેરી શોકિંગ એન્ડ સરપ્રાઈઝિંગ. મેં એને છેલ્લા છ મહિનાથી જોયો પણ નથી. બસ, આટલી વારમાં એને આ કુટેવ ક્યાંથી વળગી ગઈ એ એક કોયડો છે. હવે એ માત્ર ફોટામાં જ જોવા મળશે એનો અફસોસ છે.'

'તારે એને સદેહે જોવો હોય તો હજી તું એને જોઈ શકીશ. એ છ મહિના માટે ટ્રેનિંગ અર્થે વિદેશ ગયેલો. એ કાલે જ હજી ગામમાં આવ્યો છે.' પાછળથી એક અવાજ આવ્યો ને લોકેશ ચમક્યો. એણે અવાજની દિશામાં નજર કરી. એ રાકેશ હતો ને અચંબો બેવડાયો. રાકેશની પાછળ મહેશ પણ ઊભો હતો, જીવતોજાગતો!

રાકેશ આગળ બોલ્યો 'તને એ કહેવત યાદ છેને કે લાગે તો તીર, નહીંતર તુક્કો? એમ એવું જ કંઈક કર્યું છે. ને મને એ વાતનો આનંદ છે કે આમાં બધાનું સારું થયું ને બધાની જીત થઈ, તારી પણ...! દોસ્ત, હું તારી આગળ ખોટું બોલ્યો. સોરી, પણ આ આખોય પ્લાન રેખાભાભીનો હતો. તું ઓફિસે પહોંચે એ પહેલાં જ મારી ઉપર એમનો ફોન આવ્યો હતો ને એટલે...! ને સારા કામમાં ના કેમ પાડવી? મહેશે સિગારેટને કદી હાથ નણ નથી લગાડ્યો. એને કેન્સર-બેન્સર કાંઈ નથી. એ બધું હંબગ છે. હા, આજે કુટેવનું કેન્સર મરી ગયું એ સાચી વાત છે ને એ જ મોટી વાત છે.'

'ને બીજી સાચી વાત હવે હું કહું છું. આપણા વત્સલે ફાકીને હાથ પણ નથી લગાડ્યો. આ બધી તો મારા ભેજાની નીપજ હતી!' રેખાએ પણ સ્પષ્ટતા કરી.

'સાલા નાટકિયાઓ! મને ઉલ્લુ બનાવવાની તમારી હિંમત જ કેમ થઈ? હાઉ ડેર યુ...? લોકેશ ઊંચે અવાજે બોલી પોતે પણ ગુસ્સો કરવાનું નાટક કરી રહ્યો ને રાકેશ તથા મહેશ બેયને ભેટી પડ્યો. પછી પત્ની સામે કૃત્રિમ રોષભેર નજર કરી એનેય બાથમાં લઈ લીધી. એણે વત્સલને બૂમ પાડી બોલાવ્યો ને એના બરડે પોતાનો હાથ પ્રેમપૂર્વક પસવારવા લાગ્યો.

... બીજા દિવસે લોકેશ ખુરશીમાં બેઠો હતો ત્યાં જ વત્સલે એના ખોળામાં બિલાડી મૂકી દીધી ને પછી ભાગ્યો. લોકેશ કહે, 'બેટમજી, ભાગે છે ક્યાં? અહીં આવ. તુંય ભેગાભેગો ખોળામાં બેસી જા એટલે બેયને એકાદ ફટકારું.' ત્યાં તો બિલાડીએ 'મ્યાઉં, મ્યાઉં' આદર્યું. વત્સલ તો બેફિકરપણે ખોળામાં ચડી બેઠો ને બિલાડીના 'મ્યાઉં મ્યાઉંના ચાળા પાડી રહ્યો. લોકેશે બેયને હળવી ટપલી મારી. ને પછી બેયને વહાલથી રમાડતા ઘાંટો પાડ્યો.' એય રેખા, આ જોને પાજી બિલાડી, 'મ્યાઉં મ્યાઉં' કરી મારું માથું પકવી દીધું. ને આપણા દીકરાએ પણ...! હવે બેયને દૂધ આપ એટલે વાત પૂરી થાય...'

થોડા દિવસ પછી બિલાડી લોકેશના ખોળામાં બેફિકરપણે ચડી બેઠી. લોકેશ એને વહાલથી હાથ ફેરવતો રહ્યો. થોડી વાર પછી એણે બિલાડીને મારવાનો ડોળ કર્યો, પણ બિલાડીએ 'જોયું-ન જોયું' કર્યું. ખોળામાંથી ઊતરે એ બીજા...! એણે નિશ્ચિંતપણે લોકેશ સામે જોયું ને ફરી 'મ્યાઉં મ્યાઉં' આદર્યું. લોકેશે પત્ની રેખા સામે જોયું ને પછી બોલ્યો, 'આ બિલાડી અસલ તારા જેવી છે. લુચ્ચી, પણ પરાણે વહાલી લાગે એવી... હવે આ વ્યસનનું શું કરવું.?! એ કોઈ કાળે છૂટે એવું લાગતું નથી.'

(સમાપ્ત)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| विहीर | પંખો |
| विंचू | ગુસ્સો |
| विकोप | વેંત |
| वीजणा | કૂવો |
| वीत | વીંછી |

### ઓળખાણ પડી?



ભાવનગરના મેયરપદ પર રહી હાલ કેન્દ્રીય પ્રધાનમંડળમાં રાજ્ય કક્ષાના પ્રધાન બનેલા સન્નારીની ઓળખાણ પડી?


અ) ભારતી પટેલ બ) સાવિત્રી ઠાકુર ક) નિમુ બાંભણીયા ડ) રક્ષા ખડસે

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ એ | ૨ ના | ય | ત | | ૩ અ | ૪ લ | ૫ ગા | વ | |
| ૬ ખ | મી | | | ૭ પ્ર | | ૮ વા | ડી | | ૯ અ |
| લા | | ૧૦ બા | ળ | સ | હ | જ | | ૧૧ ખા | સા |
| ૧૨ સ | ૧૩ હ | જ | | ન્ન | | ૧૪ મ | ૧૫ રો | | ઘા |
| | જા | | ૧૬ વં | તા | ૧૭ ક | | ૧૮ ક | સ | ર |
| ૧૯ નિ | રો | ૨૦ ધ | ક | | ૨૧ રાં | ૨૨ ક | ડી | | ણ |
| ષ્ફ | | ખા | | ૨૩ ઉ | જ | ળી | | ૨૪ ખ | તા |
| ળ | | રો | | ત્ફ | | | ૨૫ જી | વ | |
| ૨૬ તા | ૨૭ સ | | ૨૮ અ | ષ્ટ | ૨૯ ક | | ૩૦ જા | ડા | ૩૦અ ઈ |
| | ૩૧ વા | સ્ત | વ | | ૩૨ સ | હ | જી | વ | ન |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ



**આડી ચાવી**

૧. લાગણી, અનુભૂતિ (૪)
૪. રણ, મારવાડ (૪)
૬. ગમે તેવો બકવાસ કરવો તે (૩)
૯. એક ફળ (૩) (જો.છૂ.)
૧૦. દુનિયા, વિશ્વ (૨)
૧૨. --- બંધ એટલે તરત, તાબડતોબ (૩)
૧૩. જોરદાર, જબરું (૫)
૧૪. રોજેરોજ (૪)
૧૫. મુસ્લિમોની પ્રાર્થના (૩)
૧૭. એક કઠોળ (૨)
૧૯. ખ્રિસ્તી સાધ્વી (૨)
૨૦. ઉતાવળ, બાવરાપણું (૪)
૨૨. જોખમી, જીવલેણ (૫)
૨૪. સાહેબ (અં.) (૨)
૨૫. --- કરવા એટલે સંબંધ તજવો (૩)
૨૭. --- કરવું એટલે હરાવવું (૨)
૨૮. પ્રતિજ્ઞા (૨)
૨૯. પત્ની મકાનને --- બનાવે (૨)
૩૧. ગુસપુસ, કચવાટ (૪)
૩૨. ચબરાક, હોંશિયાર (૩)

**ઊભી ચાવી**

૧. અનુદારતા, સાંકડાપણું (૫)
૨. દિલ (૩)
૩. --- નાકે દિવાળી (૨)
૫. સૌંદર્ય (૨)
૭. કાયમ, હંમેશ (૫)
૮. કંટાળો આપે એવું (૬)
૧૧. --- સરી કે વૈદ વેરી (૩)
૧૨. મનુષ્ય --- પ્રાણી છે (૩)
૧૩. પૈસો, નાણું, સોનું (૨)
૧૪. એક માછલી, મીઠાઈ (૩)
૧૬. આપણી વાત --- કોઈ જોઈએ (૪)
૧૭. વાઘરીની સ્ત્રી (૪)
૧૮. મૃત્યુની ઘાંટી (૨)
૨૦. રસ પડે એવું (૪)
૨૧. વાળ વિનાનું માથું (૨)
૨૨. ખેડૂત અનાજ ---માં ભરે (૨)
૨૩. ઝીણી ઝીણી વિગત (૪)
૨૬. ગધેડો (૩)
૩૦. વાતાયન (૨)

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. ભાઈના સસરાના એકમાત્ર જમાઈની દીકરીના મામા ભાઈને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) ભત્રીજો બ) સાળો ક) સાઢુભાઈ ડ) પિતરાઈ

### જાણવા જેવું

જૈનો શરીરના પાંચ પ્રકાર માને છેઃ ઔદારિક શરીર એટલે બાહ્યસ્થૂલ શરીર, કાર્મણ શરીર એટલે પ્રાણીનાં વિવિધ કર્મોરૂપી શરીર, તૈજસ શરીર એટલે સ્થૂળ શરીરમાં પાચનક્રિયા વગેરે કરનાર શરીર, હારક શરીર એટલે સૂક્ષ્મ શરીર અને વૈક્રિય શરીર એટલે યોગસિદ્ધિથી પ્રાપ્ત થતું, નાનું મોટું કરી શકાય તેવું શરીર.

### સુડોકુ-૯૦૧૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૨ | ૫ | | ૩ | | | ૧ | |
| ૬ | | | ૭ | | | | | |
| | | | | ૬ | | ૯ | | ૩ |
| | ૫ | ૭ | | | | | | ૮ |
| ૩ | | ૧ | | ૫ | | ૭ | | ૨ |
| ૮ | | | | | | ૩ | ૯ | |
| ૪ | | ૮ | | ૯ | | | | |
| | | | | | ૧ | | | ૯ |
| | ૩ | | | ૮ | | ૪ | ૫ | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૧૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૮ | ૩ | ૫ | ૨ | ૧ | ૪ | ૯ | ૭ |
| ૧ | ૭ | ૫ | ૮ | ૪ | ૯ | ૬ | ૨ | ૩ |
| ૪ | ૯ | ૨ | ૩ | ૬ | ૭ | ૮ | ૫ | ૧ |
| ૩ | ૫ | ૬ | ૨ | ૧ | ૪ | ૭ | ૮ | ૯ |
| ૮ | ૧ | ૪ | ૯ | ૭ | ૫ | ૩ | ૬ | ૨ |
| ૭ | ૨ | ૯ | ૬ | ૩ | ૮ | ૫ | ૧ | ૪ |
| ૨ | ૬ | ૧ | ૪ | ૮ | ૩ | ૯ | ૭ | ૫ |
| ૫ | ૩ | ૮ | ૭ | ૯ | ૨ | ૧ | ૪ | ૬ |
| ૯ | ૪ | ૭ | ૧ | ૫ | ૬ | ૨ | ૩ | ૮ |

### ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

આપેલા વાક્યમાં કદાચ માટેનો હિન્દી શબ્દ શોધી કાઢો

આસપાસ આકાશમાં અંતરમાં આભાસ, ઈશ્વરનો છે સર્વ ઠેકાણે વાસ.

### નોંધી રાખો

ડિગ્રી તો તમે ભરેલી ફીની રસીદ જેવી છે. તમારું યોગદાન અને તમારો વ્યવહાર તમારા શિક્ષણની પારાશીશી છે.

### માઈન્ડ ગેમ

બલૂનમાં કયા ગેસનો ઉપયોગ કરવામાં આવે છે એ જણાવો. બાળકોના રમવાના ફુગ્ગા ઉપરાંત હવાઈ બલૂનમાં પણ વપરાય છે.

અ) હિલિયમ બ) નાઈટ્રોજન ક) આર્ગોન ડ) ઓક્સિજન

### ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| संगनमत | મસલત |
| समई | દીવી |
| सवय | આદત |
| सव्य | ડાબું |
| सगट | સહિત |

ગુજરાત મોરી મોરી રે: નણંદ

ઓળખાણ પડી? બાનુ મુશ્તાક

માઈન્ડ ગેમ: ક્લોરિન

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: રાયણ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ભારતી બુચ (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) નીતા દેસાઈ (૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૭) ખુશરૂ કાપડિયા (૮) નુતન વિપીન શાહ (૯) લજિતા ખોના (૧૦) પુષ્પા પટેલ (૧૧) શ્રદ્ધા આશર (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) મીનળ કાપડિયા (૧૪) મહેશ દોશી (૧૫) નિખિલ બંગાળી (૧૬) તાહેર ઔરંગાબાદવાલા (૧૭) શીરીન ઔરંગાબાદવાલા (૧૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૯) અમીશી બંગાળી (૨૦) પ્રવીણ વોરા (૨૧) મુલરાજ કપૂર (૨૨) મહેશ એન. સંઘવી (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) ભારતી બુચ (૨૬) અંબરીષ ઓઝા (૨૭) અરવિંદ કામદાર (૨૮) જગદીશ ઠક્કર (૨૯) અલકા વાણી (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વિણા સંપટ (૩૨) દિપીકા દોશી (૩૩) જ્યોત્સના ગાંધી (૩૪) ઈનાક્ષી દલાલ (૩૫) હિના દલાલ (૩૬) રમેશ દલાલ (૩૭) ડાયના સંતોકે (૩૮) નિતિન જયંતિલાલ બજરિયા (૩૯) પુષ્પા ખોના (૪૦) કિશોર બી. સંઘરાજકા (૪૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) ધીરેન ઉદેશી (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા યમાણી (૪૭) ડો. પ્રકાશ કટકિયા (૪૮) હેમા હરીશ ભટ્ટ

# પુરુષ




ઈન્દોરનો સનસનાટીભર્યો મર્ડર કેસ

# અહીં જો પાત્રોની અદલાબદલી થઈ ગઈ હોત તો?

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

**મધ્ય પ્રદેશ** - ઇન્દોરના એક યુવાન રાજા રઘુવંશીએ પોતાની નવપરિણીત પત્ની સોનમ સાથે મેઘાલયમાં હનીમૂનનું આયોજન કર્યું. બંને નવદંપતીના ઉત્સાહ સાથે પૂર્વોત્તરના આ સુંદર રાજ્યમાં ગયા. શરૂઆતમાં બધું બરાબર હતું, પરંતુ એક અઠવાડિયા બાદ ખબર પડી કે પતિ રાજા રઘુવંશીની હત્યા થઈ છે અને નવવધૂ સોનમ ગાયબ છે..!

આ ઘટનાએ સમાજ અને મીડિયામાં ચકચાર મચાવી દીધી, પરંતુ એક વાત આશ્ચર્યજનક હતીઃ એક અઠવાડિયા સુધી ન તો મીડિયામાં કે ન તો સમાજમાં એવી કોઈ થિયરી આવી કે સોનમ જીવતી હોઈ શકે અને એણે જ હત્યા કરી હોઈ શકે. આખરે જ્યારે પોલીસે તપાસ કરી, ત્યારે જાણવા મળ્યું કે સોનમે જ રાજાની હત્યા કરી હતી અને એ ઉત્તર પ્રદેશ તરફ ભાગી ગઈ હતી. આ ઘટના એક ગંભીર પ્રશ્ન ઊભો કરે છેઃ શું આપણા સમાજની માનસિકતા સ્ત્રી અને પુરુષ પ્રત્યે જુદા જુદા માપદંડો ધરાવે છે?

હવે ધારી લો કે આ જ ઘટનામાં પાત્રોની અદલાબદલી થઈ હોત એટલે કે, સોનમની હત્યા થઈ હોત અને રાજા ગાયબ હોત તો સમાજ અને મીડિયાની પ્રતિક્રિયા કેવી હોત? લગભગ નિશ્ચિત છે કે પહેલી જ મિનિટથી એવી ચર્ચા શરૂ થઈ ગઈ હોત કે રાજાએ જ હત્યા કરી હશે અને એ હત્યા કરીને છટકી ગયો હશે. મીડિયા તો રાજાના ઘરની બહાર ધામા નાખી એના પાત્ર પર શંકા કરતું એના પરિવારને રંજાડતું હોત. રાજાને ગુનેગાર ગણીને મીડિયા ટ્રાયલ શરૂ થઈ ગયું હોત. અને દેશભરમાં સનસનાટી મચી ગઈ હોત !

આ કેસમાં, સોનમ ગાયબ હતી ત્યારે એવું કોઈ અનુમાન કેમ ન લગાવવામાં આવ્યું? આ પ્રશ્ન આપણી સમાજની માનસિકતા પર સીધો આંગળી ચીંધે છે.

આપણા સમાજમાં એક વિચિત્ર પૂર્વગ્રહ જોવા મળે છેઃ પુરુષ હંમેશાં ગુનેગાર હોઈ શકે, જ્યારે સ્ત્રીને ગુનેગાર તરીકે જોવાની શક્યતા નહિવત્ ગણાય. આ માનસિકતા એવી છે કે જો કોઈ ગુનો થાય અને તેમાં પુરુષ સામેલ હોય તો તરત જ શંકાના દાયરામાં લઈ લેવાય છે, પરંતુ જો સ્ત્રી ગાયબ હોય કે શંકાના દાયરામાં હોય તો પહેલું અનુમાન એ જ કરવામાં આવે કે એ ભોગ બની હશે, ગુનેગાર નહીં. આ દ્વિ-માપદંડ આપણા સમાજની મનોવૃત્તિને દર્શાવે છે, જે પુરુષ પ્રત્યે અન્યાયકારક છે. ન્યાયતંત્રમાં ભલે બધા સમાન હોય, પરંતુ સમાજની નજરમાં પુરુષે જ મહદ અંશે શંકાનો ભોગ બનવું પડે છે.


આ મેઘાલયના કેસમાં, જો રાજા ગાયબ હોત, તો મીડિયા અને સમાજે પણ એના ચારિત્ર્ય તરફ આંગળી ચીંધીને બિનસત્તાવાર રીતે એને ગુનેગાર ઠેરવી દેવામાં આવ્યો હોત, પરંતુ સોનમના કેસમાં આવું કંઈ થયું નહીં. આ દ્વિ-માપદંડનું મૂળ કારણ એ છે કે આપણા સમાજમાં સ્ત્રીને નિર્દોષ અને નબળી ગણવાની પ્રથા રહી છે, જ્યારે પુરુષને હંમેશાં શક્તિશાળી અને સંભવિત ગુનેગાર તરીકે જોવામાં આવે છે. આવી માનસિકતા ન્યાયના સિદ્ધાંતોની વિરુદ્ધ છે અને પુરુષો પ્રત્યે ભેદભાવ ઊભો કરે છે.

આ પણ કેવી વિધિની વક્રતા છે કે હમણાં છેલ્લાં ત્રણ ચાર મહિનામાં જે પણ હત્યાના કિસ્સા થયા છે એમાં પોતાના પ્રેમીની મદદથી પત્નીએ જ પતિની હત્યા કરી છે...તાજા સોનમના કિસ્સામાં આ જ અદલોદલ સિનારિયો છે!

બીજા શબ્દોમાં કહીએ તો પુરુષ જ મહદઅંશે ગુનેગાર એ માનસિકતા બદલવાની જરૂર છે. સમાજે સ્ત્રી અને પુરુષ બંનેને સમાન નજરે જોવું જોઈએ. કોઈ પણ ગુનામાં શંકા ઉઠાવતા પહેલાં તથ્યો અને પુરાવાઓના આધારે નિર્ણય લેવો જોઈએ, નહીં કે જાતિના આધારે. મીડિયાએ પણ જવાબદારીપૂર્વક કામ કરવું જોઈએ અને બિનજરૂરી ટ્રાયલ ટાળવું જોઈએ.

આ રાજા-સોનમ કેસ આપણને એક મહત્ત્વનો પાઠ શીખવે છેઃ ન્યાયની ખોજમાં સમાજે પૂર્વગ્રહો છોડીને તટસ્થ રહેવું જોઈએ, જેથી ન્યાયની ભાવના અકબંધ જળવાઈ રહે. ■





## ડિયર હની... તારો બન્ની
પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## કામવાળીને માન-સન્માન કેમ નહીં?

ડિયર હની,

ઘરમાં ગૃહિણીનું મહત્ત્વ છે એટલું જ કદાચ કામવાળી બાઈનું મહત્ત્વ છે, પણ એને આપવું જોઈએ માન કે સન્માન ઘરના સભ્યો દ્વારા અપાતું નથી. (એમ તો ગૃહિણીને પણ એટલું મહત્ત્વ ક્યાં અપાય છે!)

જોકે, વાસ્તવિકતા એ છે કે કોઈ ઘર ગૃહિણી કે કામવાળી બાઈ વિના ચાલતું નથી. ઘરવ્યવહારમાં એ બંને મહત્ત્વના અંગ છે અને આજના સમયમાં તો કામવાળી વિના કોઈને ચાલતું નથી. કામવાળી કોઈ દિવસ રજા માગે તો ઘરનું આખું તંત્ર ખોરવાઈ જાય છે. આજે પતિ - પત્ની બંને કામે જતા હોય ત્યારે તો કામવાળી બાઈ કે પછી મહારાજનું મહત્ત્વ ઘણું વધી ગયું છે.

આમ છતાં, આપણે કામવાળીને કેમ માન નથી આપતા... એ એક માણસ છે એ કેમ સ્વીકારતા નથી? તારે અને મારે આ વિશે ઘણીવાર ચર્ચા થઇ છે. મને બા યાદ આવી જાય છે. એમનો કામવાળી સાથેનો વ્યવહાર આજે ય યાદ છે. એક માજી આપણે ત્યાં કામ કરતાં હતાં. ઉંમર વધી ગયેલી એટલે કામ સીમિત કરી શકતાં હતાં, પણ બાએ એમને ક્યારેય એમ ન્હોતું કહ્યું કે 'હવે તમે કામ પર ના આવતાં'. એ ઓછું કામ કરતાં, પણ બા ચલાવી લેતાં. એમની ઉંમરનો લિહાજ કરતાં. એમનું પેટ ભૂખ્યું ના રહે એની દરકાર પણ કરતાં.

મને એ ય યાદ છે કે, એ પછી અન્ય કામવાળી આવી એની સાથે પણ બાનો વ્યવહાર એવો જ હતો. બા અને એમની વચ્ચે એવો નાતો બંધાઈ જતો કે, કામવાળી પોતાની ઘરની કોઈ સમસ્યા હોય તો બાને કહેતી. બા એનો ઉપાય કરી આપતાં. મને લાગે છે કે, તારામાં પણ એ ગુણ છે. આપણે ત્યાં કામવાળી આવે છે એની સાથે તારો જ નહિ મારો પણ પારિવારિક નાતો બની ગયો છે. તું ક્યારેક બીમાર પડી હોય તો એણે તારી સેવા પણ કરી છે. અને એની દીકરી પણ એવી જ આપણા સાથે ભળી ગઈ છે.

મને એ સમજાતું નથી કે, કોઈ કામવાળી નીચલી જાતની છે એમ સમજી એની સાથે સારો વ્યવહાર નથી કરતા. એમને બચેલું કુચેલું ભોજન આપી પુણ્યનું કામ કર્યું હોય એવું સમજે છે. અને હા, બહુ ઓછાં ઘરોમાં એવું બને છે કે, કામવાળીને ઘેર બેસાડીને જમાડી હોય. બીજી બાજુ જ્યારે એ રજા માગે છે ત્યારે તો ઘરની માલકણ જાણે આભ તૂટી પડ્યું હોય એવો દેખાવ કરી કેવું કેવું સંભળાવે છે.: 'તમારે તો વારેવાર રજા જોઈએ છે. અમારે શું કરવાનું? આ ઘરનાં કામ કોણ કરશે? કહી દઉં છું કે, રજા લેશો તો પગાર કપાઈ જશે...'. આવું ઘણાં ઘરમાં સંભળાવી દેવામાં આવે છે, પણ આપણે એ કેમ સમજતા નથી કે ઘરના પુરુષ સભ્યો ઘણીવાર રજા લે છે ત્યારે એમને તો ઓફિસમાં હક રજા મળે છે. કામવાળી માટે એવા કોઈ નિયમ નથી. આવો ભેદભાવ શા માટે?

તું તો કામવાળી અને એના પરિવારનું બરાબર ધ્યાન રાખે છે. એકવાર વહેલી સવારે સુગર ફોલનાં કારણે તું પડી ગઈ ત્યારે કામવાળી જ તુરંત આવી પહોંચી હતી. અને તું પણ એ ધ્યાન રાખે છે કે, ઘેર કોઈ જમણવાર હોય તો કામવાળીના ઘેર માટે એક થાળી જુદી કરી રાખે છે. એકવાર કામવાળી અને એના પતિ વચ્ચે ઝગડો થયેલો અને એનું કારણ અન્ય કોઈ સ્ત્રી હતી. કામવાળી એના પતિને તારી પાસે લાવી હતી અને હું પણ હાજર હતો અને બન્નેને આપણે સમજાવ્યા હતા એ પછી એમના ઘરસંસાર સુખેથી ચાલવા લાગ્યો હતો.

એમનાં સંતાનોની ફી માટે પણ આપણે એને મદદ કરી. અરે! હવે તો એમના ઘેર કોઈ એવું શાક બન્યું હોય તો એ મારા માટે જરૂર મોકલે છે. એજ રીતે, તારા હાથની કેટલીક વાનગી પણ કામવાળીનાં સંતાનોને બહુ ભાવે છે. આમ એ બધા આપણા પરિવારજન બની ગયા છે. 'બાવર્ચી'થી માંડી 'હીરો નં. ૧' સુધીની ફિલ્મો આપણે જોઈએ છે અને એ જોતા જોતા આપણી આંખોભીની થઇ જાય છે, પણ કામવાળી સાથે વ્યવહાર કરીએ ત્યારે એ બધું કેટલી સહજતાથી ભૂલી જઈએ છીએ.

કોરોના કાળમાં બધાં ઘરોમાં કામવાળીને મનાઈ ફરમાવી ત્યારે એમનાં પરિવારોને કેવી મુશ્કેલી પડી હતી? અને લોકોએ ત્યારે એમનો પગાર પણ કાપી લીધો હતો. એમની મુશ્કેલી કેટલી વધી ગઈ એ આપણે કોઈએ જરાય લક્ષમાં લીધું નહોતું. કામવાળીનું શોષણ પણ કેટલું થાય છે. એમનો પગાર વધારવાની વાત આવે ત્યારે કેટલો કકળાટ કરીએ છીએ. ઘરના સભ્યોને મોંઘવારી વધે તો પગાર વધે એ વાત સ્વીકારીએ પણ કામવાળી માટે એ નિયમ લાગુ પડાતો નથી. ઉદારીકરણ પછી કામવાળી બાઈઓની કે મહારાજની સંખ્યામાં ખાસ્સો વધારો થયો છે, પણ આપણે એમના પ્રત્યે ઉદાર બન્યા નથી.

તારો બન્ની

## સંધ્યા છાયા

# આ રીતે પણ સમાજને ઉપયોગી બની શકીએ...

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

**નિવૃત્તિ** કાળે, જીવન સંધ્યાએ પહોંચેલા લોકો સમાજને વિવિધ રીતે ઉપયોગી થઈ શકે છે. સમાજને ઉપયોગી થવા સાથે આવક પણ રળી શકે છે. સુમતિબહેને એવી જ પ્રવૃત્તિ પસંદ કરી હતી, જેનાથી એ સમાજને ઉપયોગી થઈ શક્યાં સાથે સાથે પોતાનો જીવન નિર્વાહ ચલાવી શકે તેટલી કમાણી પણ કરી શકે છે.

આવો, આ વખતે આપણે આ સુમતિબહેનને મળીએ...

સુમતિબહેન અને સુમનભાઈ સુખી દાંપત્ય. એક પુત્ર અને એક પુત્રી બંનેને પરણાવી દીધાં હતા. સુમનભાઈનો પોતાનો વ્યવસાય અને સુમતિબહેન શાળામાં શિક્ષિકા. સાઠ વર્ષે સુમતિબહેન તો રિટાયર્ડ થઈ ગયાં, પરંતુ સુમનભાઈ હજુ પણ કાર્યરત હતા. સુમનભાઈને ઘરમાં બેસવું ગમે નહીં અને વ્યવસાયમાં એમનો બહુ જીવ. વ્યવસાય છોડી દે તો એમને ચેન પડે નહીં. તેથી સુમતિબહેન પણ કાંઈ બોલતાં નહીં. સુમતિબહેન વિચારતાં કે એમને કામ કરવું ગમે છે તો ભલે કરતા. સુમનભાઈની તંદુરસ્તી પણ સારી. પતિ-પત્ની બંનેનું ખાવાનું પણ સત્વશીલ. કોઈને પણ ઈર્ષ્યા જન્માવે એવું આ દંપતી! કોણ જાણે કોની નજર લાગી ગઈ કે સુમતિબહેન ઉપર દુખનો ડુંગર તૂટી પડ્યો.

૧૯ ઓક્ટોબર, ૧૯૮૮નો એ ગોઝારો દિવસ. સુમનભાઈને અમદાવાદ કામ અર્થે જવાનું હતું. સુમનભાઈ ઈન્ડિયન એરલાઈન્સની ફ્લાઈટમાં મુંબઈથી અમદાવાદ જવા રવાના થયા. અમદાવાદ એરપોર્ટની નજીક પહોંચી જ રહ્યા હતા અને અચાનક ૧૩૫ પેસેન્જર (ક્રૂ સભ્યો મળીને) સાથેનું પ્લેન ક્રેશ થઈ ગયું અને ૧૩૫માંથી ૧૩૩ પેસેન્જર મૃત્યુને ભેટ્યા. આ ૧૩૩ મુસાફરોમાં સુમનભાઈ પણ હતા. સાવ સાજા-સારા સુમનભાઈ એક ક્ષણમાં કાળનો કોળિયો થઈ ગયા. દીકરો અમદાવાદ - દીકરી બેંગલોર અને સુમતિબહેન મુંબઈ.... એ બધાં સાવ દિગ્મૂઢ બની ગયાં. શું કરવું એની સમજ જ પડતી ન હતી. દીકરા-દીકરીએ માને પોતાની સાથે લઈ જવાની જીદ કરી પણ સુમતિબહેને ના પાડી દીધી. સુમતિબહેને કહ્યું, ''જે ઘરમાં તમારા પપ્પાની યાદો છે તે ઘરમાં જ હું રહેવાનું પસંદ કરીશ. હું આ ઘર છોડીને ક્યાંય આવવાની નથી અમે બંનેએ આ ઘરમાં અમારા જીવનની સુંદર પળો વીતાવી છે.

''તું અહીં એકલી શું કરીશ?' દીકરીએ પૂછ્યું.

'કાંઈક તો કરીશ સુમતિબહેને કહ્યું.'

સુમતિબહેન એકલાં જ રહેતાં હતાં એ દરમિયાન એમની બહેનપણીની દીકરીને મુંબઈમાં છ મહિનાનો કોઈ કોર્સ કરવાનો હતો. એ બહેનપણી વડોદરા રહેતી હતી. બહેનપણીએ પોતાની દીકરીને સુમતિબહેનને ઘેર રાખવાની વિનંતી કરી. સુમતિબહેને એ દીકરીને છ મહિના પોતાની સાથે રાખી. આ સમય દરમિયાન તેમને ખ્યાલ આવ્યો કે ગુજરાતનાં શહેરો કે ગામડાંઓમાંથી ઘણી દીકરીઓ મુંબઈમાં અભ્યાસ અર્થે કે પછી કમાવા માટે આવતી હોય છે. એમને મુંબઈમાં રહેવાની મુશ્કેલી પડે છે. હોસ્ટેલ હોય પણ મોંઘી પડે, વળી ઘણી વાર તો જગ્યા જ ન મળે.




સુમતિબહેનનું ઘર મોટું હતું તેમાં બંક બેડ મૂકીને ૧૪-૧૫ યુવતીઓનો સમાવેશ થઈ જ જાય અને પોતાને એકલા રહેવામાંથી મુક્તિ મળી જાય. આટલી બધી યુવતીઓનો સહવાસ મળે. પેલી એક દીકરી એમની સાથે રહેતી હતી ત્યારે સુમતિબહેનને બહુ જ ગમતું હતું. એ દીકરી કામ પર જાય એનો તેઓ ડબ્બો ભરી દેતાં, ચા-નાસ્તો કરાવી દેતાં. રાતના એના આવવાની રાહ જોતાં. એ દીકરીને ભાવતી વાનગીઓ બનાવીને બંને સાથે બેસીને જમતાં. જમતાં જમતાં પેલી છોકરી આખો દિવસ શું કર્યું તેની વાતો કરતી. છોકરીની મમ્મી તો રાજીની રેડ થઈ ગઈ અને બસ, સુમતિબહેનને ત્યારથી જીવનની એક નવી દિશા મળી ગઈ. જે દીકરીને પોતાને ઘેર સુમતિબહેને રાખી હતી એની જ એક બે બહેનપણી આવી રીતે પેઈંગ ગેસ્ટ તરીકે રહેવા આવી. પછી તો માઉથ પબ્લિસિટીથી ૧૨-૧૩ છોકરીઓ આવી ગઈ. સુમતિબહેનનું ઘર કલરવથી ભરાઈ ગયું. સુમતિબહેન બધી જ દીકરીઓને ચા-નાસ્તો, ટિફિન અને રાતનું જમવાનું પણ આપતાં એ પછી પણ કિફાયતી દરે. સુમતિબહેન સૌની મા જેવાં હતાં એટલે અહીં રહેતી છોકરીઓનાં માતા-પિતા નચિંત હતાં. સુમતિબહેને રસોઈ કરવા માટે બે બહેન રાખી લીધાં હતાં. વળી જે છોકરીઓ રસોઈના સમયે ઘેર હોય તેમને પણ સુમતિબહેન રસોઈમાં મદદ કરવા માટે ઉત્સાહિત કરતાં, જેથી એમને રસોઈ બનાવવામાં રસ પડે અને રસોઈ બનાવતા આવડી પણ જાય.

સુમતિબહેન શિક્ષિકા રહી ચૂક્યાં હોવાને કારણે એમને ત્યાં રહેતી દીકરીઓને શિસ્ત શીખવતાં, પોતાનો બેડ, રૂમ, ટોઈલેટ વગેરે સ્વચ્છ રાખવાના, કપડાં જ્યાં ત્યાં ફેંકવાના નહીં, સમયસર ઊઠવાનું અને હા, રાતે મોડામાં મોડું નવ વાગ્યા સુધી પાછાં આવી જવાનું એનાથી મોડું થાય તો સુમતિબહેન ધૂળ કાઢી નાખે તેથી ડરને કારણે કોઈ મોડું આવવાની હિંમત કરે જ નહીં. સુમતિબહેન ક્યારેક ગુસ્સો કરે પણ હંમેશાં પ્રેમ જ કરે. દીકરીઓને અહીં પોતીકું લાગતું, ઘરની યાદ આવતી નહીં. એમનાં માતા-પિતા મળવા આવતાં ત્યારે સુમતિબહેનનો આભાર માનતાં

દીકરીની પરીક્ષા હોય ત્યારે રાતે જાગીને છોકરીઓ વાંચતી હોય તો સુમતિબહેન પણ મોડે સુધી જાગે. એક થર્મોસમાં ચા અને બીજા થર્મોસમાં કોફી બનાવીને ભરી રાખે જેથી પોતે સૂઈ જાય પછી વાંચતા વાંચતા છોકરીઓને ઊંઘ આવે તો ચા-કોફી પીઈને ઊંઘ ઉડાડી શકે. તેમનું રિઝલ્ટ આવવાનું હોય ત્યારે છોકરીઓ જેટલી એક્સાઈટેડ હોય તેટલા જ ઉત્સાહિત સુમતિબહેન હોય. વર્ષો સુધી સમાજને આ રીતે ઉપયોગી થઈને એ જીવ્યાં. જીવનના નવ દાયકા સ-રસ, અર્થપૂર્ણ જીવન જીવીને સુમતિબહેન સ્વર્ગે સિધાવ્યાં. આજે પણ એમને ત્યાં રહીને ભણેલી દીકરીઓ સુમતિબહેનને યાદ કરે છે. ■

# ગુજરાતમાં છેલ્લાં પાંચ વર્ષમાં ૬૧૬ બાળકને મુક્ત કરાવીને ₹ ૭૨.૮૮ લાખનો દંડ વસૂલાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બાળમજૂરીને નાથવા માટે દર વર્ષે તા. ૧૨ જૂનને 'વિશ્વ બાળમજૂરી વિરોધી દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. ભારત સરકાર બાળ મજૂરીની સમસ્યાને સમાપ્ત કરવા માટે અનેક પગલાં લઈ રહી છે.

ભારતીય બંધારણની કલમ-૨૩માં જોખમી ઉદ્યોગોમાં બાળકોને મજૂરી માટે રાખવા પર પ્રતિબંધ મુકાયો છે. જે અંતર્ગત ગુજરાતમાં બાળમજૂરીના દૂષણને નાથવા માટે શ્રમ આયુક્તની કચેરી દ્વારા છેલ્લાં પાંચ વર્ષમાં ચાર હજારથી વધુ રેડ પાડીને ૬૧૬ બાળકોને મુક્ત કરાવીને મજૂરીએ રાખનાર આવા એકમો પાસેથી રૂ. ૭૨.૮૮ લાખથી વધુનો દંડ વસૂલવામાં આવ્યો છે. ગુજરાતમાં બાળમજૂરીનાં દૂષણને નાથવા માટે શ્રમ આયુક્તની કચેરી કાર્યરત છે. આ કચેરી દ્વારા છેલ્લાં પાંચ વર્ષમાં ૬૧૬ બાળકોને બાળમજૂરીમાંથી મુક્ત કરાવવામાં આવ્યાં છે.

જાન્યુઆરી ૨૦૨૦થી એપ્રિલ ૨૦૨૫ સુધીમાં રાજ્યભરમાં ૪,૮૨૪ જેટલી રેડ કરીને ૪૫૫ બાળ શ્રમિકો અને ૧૬૧ તરુણ શ્રમિકો એમ કુલ ૬૧૬ બાળ-તરુણ શ્રમિકોને મુક્ત કરાવ્યા છે. જે અંતર્ગત મજૂરીએ રાખનાર આવા એકમો પાસેથી કુલ રૂ. ૭૨.૮૮ લાખ કરતાં વધુનો દંડ પણ વસૂલવામાં આવ્યો છે. રાજ્યમાં આ કાયદા હેઠળ છેલ્લાં પાંચ વર્ષમાં દોષિતો સામે કુલ ૭૯૧ ફોજદારી કેસ દાખલ કરવામાં આવ્યા છે અને કુલ ૩૩૯ એફ.આઈ.આર. નોંધવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકારે વર્ષ ૧૯૮૬માં બાળમજૂરી નિષેધ અને નિયમન કાયદો પસાર કર્યો હતો. આ અધિનિયમ ૦ થી ૧૪ વર્ષનાં બાળકોને કોઈપણ પ્રકારના કામ પર રાખવા માટે સંપૂર્ણ પ્રતિબંધ મુકાયો છે.

આ ઉપરાંત ૧૪ થી ૧૮ વર્ષના તરુણોને જોખમી ધંધાઓમાં પ્રતિબંધ અને બિનજોખમી ધંધા- વ્યવસાય પર રાખવા માટે જરૂરી નિયમો હેઠળ જોગવાઈ કરવામાં આવી છે. ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬માં આ અધિનિયમમાં કરાયેલા સુધારા બાદ કાયદાનું નામ 'બાળ અને તરુણ શ્રમયોગી (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ' કરવામાં આવ્યું છે. બાળ અને તરુણ શ્રમયોગી (પ્રતિબંધ અને નિયમન) કાયદાનો ભંગ કરનાર સામે દંડની જોગવાઈ કરવામાં આવી હતી જેમાં ગુજરાત સરકારે સુધારો કર્યો છે. આ કાયદામાં દંડની જોગવાઈમાં સુધારો કરનાર ગુજરાત એકમાત્ર રાજ્ય છે.

ગુજરાતમાં કરવામાં આવેલા સુધારા મુજબ કાયદાના ભંગ બદલ ૬ માસથી બે વર્ષ સુધીની કેદ અથવા રૂ. ૨૦ હજારથી લઈને એક લાખ સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જ્યારે દોષિતો આ જ પ્રકારનો ગુનો બીજીવાર કરે તો તેવા સંજોગોમાં ૧ વર્ષથી લઈને ૩ વર્ષ સુધી જેલની સજાની જોગવાઈ કરવામાં આવી છે.

# ગુજરાતમાં કોરોનાના ૧,૨૦૦થી વધુ એક્ટિવ કેસ, સરકારે લોકોને સાવચેતી રાખવા અપીલ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કોવિડ-૧૯ના ૧,૨૦૦ થી વધુ એક્ટિવ કેસ નોંધાયા છે, રાજ્યના આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે બુધવારે જણાવ્યું હતું કે કેસના ઉછાળા માટે જવાબદાર વેરિયન્ટ અગાઉના કેસ કરતા ઓછો ગંભીર છે, છતાં લોકોએ સાવચેત રહેવાની અને લક્ષણો દેખાય તો પોતાને અલગ રાખવાની જરૂર છે. પત્રકારો સાથે વાત કરતા પટેલે કહ્યું હતું કે, રાજ્યનો આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ કેન્દ્ર સરકારના સંપર્કમાં છે અને પરિસ્થિતિ પર નજર રાખી રહ્યો છે. તેમણે કહ્યું હતું કે, ભારતમાં કોરોના સંક્રમણના ઉદ્ભવ પછી, આ ચોથી વખત છે જ્યારે કોરોના વાઈરસના કેસ વધી રહ્યા છે. અમે સતત કેન્દ્ર સરકાર અને કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના સંપર્કમાં છીએ. આ નવા કેસ માટે જવાબદાર વેરિયન્ટ ઓમિક્રોન પરિવારનો છે, જે ઓછો ગંભીર છે. આરોગ્ય પ્રધાને વધુમાં કહ્યું હતું કે, આ વેરિયન્ટ બહુ હાનિકારક નથી, પરંતુ લોકોએ સાવચેતીનાં પગલાં લેવાની જરૂર છે કારણ કે દરરોજ કેસ ધીમે ધીમે વધી રહ્યા છે.શરદી, ખાંસી કે ગળામાં દુખાવો હોય તેવા લોકોએ પોતાને અલગ રાખવા જોઈએ અને સારવાર શરૂ કરવી જોઈએ. સગર્ભા સ્ત્રીઓ, વૃદ્ધો અને અન્ય બિમારીઓ ધરાવતા લોકોએ વધારાની સાવચેતી રાખવી જોઈએ અને જાહેરસ્થળોએ જવાનું ટાળવું જોઈએ. આરોગ્ય વિભાગ સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને તમામ જરૂરી પ્રોટોકોલ અને આરોગ્ય માળખા, જેમ કે હૉસ્પિટલોમાં બેડ, દવાઓ અને તબીબી ઓક્સિજન પુરવઠો, ગોઠવવામાં આવ્યો છે. સત્તાવાર આંકડા મુજબ, ગુજરાતમાં કોવિડ-૧૯ના હાલમાં ૧,૨૨૭ એક્ટિવ કેસ છે, જેમાં ૧૧ જૂન બુધવારના ૨૨૩ કેસનો સમાવેશ થાય છે. આમાંથી ૨૩ દર્દીઓને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યારે ૧,૨૦૪ દર્દીઓને ઓપીડી આધારિત સારવાર આપવામાં આવી રહી છે. કોરોનાની આ વર્તમાન લહેરમાં તાજેતરમાં અમદાવાદમાં એક ૧૮ વર્ષીય મહિલાનું મૃત્યુ થયું હતું.

# અમદાવાદમાં ભગવાન જગન્નાથની જળયાત્રા યોજાઈ, ભગવાન મામાને ઘરે ગયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ૨૭ જૂનના રોજ યોજાનારી ભગવાન જગન્નાથજીની રથયાત્રા પૂર્વે જળયાત્રા યોજાઇ હતી. જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. ભગવાન જગન્નાથજીનો જળયાત્રાનો પ્રારંભ નિજ મંદિરેથી વાજતે ગાજતે શોભાયાત્રા સાથે થયો હતો. જેમાં ગજરાજાઓ તેમજ વિવિધ ભજન મંડળી સહિત મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા.

ભગવાન જગન્નાથની જળયાત્રામાં ૧૪ ગજરાજ તેમજ ૧૦૮ પારંપારિક કળશ અને ૧૦૦૮ મહિલાઓ જોડાઈ હતી. તેમજ ૬૦૦ ધ્વજપતાકા સાથે સાબરમતી નદીમાં ગંગાપૂજન કરવામાં આવ્યું હતું. તેની બાદ ૧૦૮ કળશમાં જળ ભરી મંદિરમાં લાવી મહાજળાભિષેક કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંતો મહંતો અને અગ્રણીઓ હાજર રહ્યા હતા.

ભગવાન જગન્નાથની જળયાત્રામાં ૧૦થી વધુ ભજન મંડળી જોડાઈ હતી. તેમ જ ૫૦૧ લોકો અલગ અલગ રંગોમાં ધ્વજ અને ઝંડી સાથે જોડાયા છે. ૫૧ લોકો ચાંદીની છડી અને છત્ર સાથે ૧૦ જેટલી કાવડમાં ભગવાન જગન્નાથજી માટે પ્રસાદ લઇને આવ્યા હતા. ભગવાન જગન્નાથજીના જળાભિષેક બાદ ભગવાને ગજવેશના દર્શન આપ્યા હતા.

ભગવાન જગન્નાથના દર્શન બાદ પરંપરા મુજબ ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલરામ મામાને ઘરે જશે. તેથી મંદિરના હવે નિગ્રહના દર્શન રહેશે. જેના પગલે સરસપુર મંદિર ખાતે ભગવાનના આગમાનની તૈયારીઓ કરવામાં આવી રહી છે.

# રાષ્ટ્રવ્યાપી કૃષિ સંકલ્પ અભિયાનનું બારડોલીમાં આજે સમાપન થશે

## સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર સુગર કેનનું ઈ-ખાતમુહૂર્ત થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી સરદાર સાહેબની ૧૫૦મી જન્મ જયંતીનું આ વર્ષ દેશભરમાં એક ભારત, શ્રેષ્ઠ ભારતની સંકલ્પના સાકાર કરતા કાર્યક્રમોથી ઉજવાઈ રહ્યું છે. એટલું જ નહીં, વડા પ્રધાને વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન તા. ૨૯મી મે થી ૧૨ જૂન સુધી દેશના રાજ્યોમાં યોજીને ખેડૂત અને ખેતીને આત્મનિર્ભર બનાવવાનો પણ માર્ગ ચીંધ્યો છે.

આ વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનનો કેન્દ્રીય કૃષિ પ્રધાન શિવરાજસિંહ ચૌહાણે ૨૯ મેએ ઓરિસ્સાથી રાષ્ટ્રીય પ્રારંભ કરાવ્યો હતો તેનું સમાપન હવે કેન્દ્રીય કૃષિ પ્રધાનની ઉપસ્થિતિમાં ગુરુવાર તા. ૧૨મી જૂને સરદાર સાહેબની કર્મભૂમિ બારડોલીમાં ખેડૂત સંમેલન સાથે થવાનું છે. વડા પ્રધાને આત્મનિર્ભર ખેડૂત-આત્મનિર્ભર ખેતીના આપેલા ધ્યેયને સિદ્ધ કરીને કૃષિ ટેક્નોલોજી ગામડે ગામડે પહોંચાડવા અને ખેડૂતોને માઇક્રો ન્યુટ્રીયન્ટના યોગ્ય ઉપયોગ સહિતની ટેકનોલોજી વિશે માહિતગાર કરવા યોજવામાં આવેલા આ વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનમાં ગુજરાતના ૩૧ જિલ્લાઓના ૨,૨૫૦ ગ્રામ્ય ક્લસ્ટર દ્વારા ચાર લાખથી વધુ ખેડૂતોને આવરી લેવાયા છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય કૃષિ પ્રધાન શિવરાજસિંહ ચૌહાણ આ અવસરે રાજ્યના ખેડૂતો માટે પોરબંદર જિલ્લામાં તૈયાર થયેલા બાગાયતી પાકોના સેન્ટર ઓફ એક્સેલન્સ, પેટલાદ તાલુકામાં કેળાં અને શાકભાજી માટેના સેન્ટર ઓફ એક્સલન્સ તેમજ કચ્છમાં કાર્યરત થયેલા પ્રાઇમરી પ્રોસેસિંગ સેન્ટરના ઈ-લોકાર્પણ કરશે.

આ ઉપરાંત કુલ ૨૫ હજાર મેટ્રિક ટન સંગ્રહ ક્ષમતા ધરાવતા ૧૪ ગોડાઉનના ઈ-લોકાર્પણ અને બારડોલીમાં સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર સુગરકેનનું ઈ-ખાતમુહૂર્ત પણ આ ખેડૂત સંમેલનમાં કરવામાં આવશે. ગુરુવારે તા. ૧૨મી જૂને સવારે ૧૦:૦૦ કલાકે બારડોલીના સાંકરી બી.એ.પી.એસ. મંદિર કોમ્પ્લેક્સમાં રાજ્ય સરકારના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા યોજાનારા આ ખેડૂત સંમેલનમાં કૃષિપ્રધાન રાઘવજીભાઈ પટેલ પણ ઉપસ્થિત રહેવાના છે.

# અમદાવાદમાં મુખ્ય પ્રધાનની અધ્યક્ષતામાં યોગ શિબિર યોજાઈ, ૧૫ હજારથી વધુ લોકોએ ભાગ લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ - ૨૦૨૫'ની ઉજવણીના ભાગરૂપે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત નિઃશુલ્ક 'યોગ શિબિર - કોમન યોગ પ્રોટોકોલ પ્રશિક્ષણ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

વહેલી સવારે ખુશનુમા માહોલમાં ૧૫ હજારથી વધુ શહેરીજનો આ યોગ શિબિરમાં સહભાગી બન્યા હતા. આ યોગ શિબિરમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સહિત સર્વે મહાનુભાવોએ પણ યોગાભ્યાસ કર્યો હતો.

આ પ્રસંગે યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા ગૃહ વિભાગના રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત યોગ શિબિરનું આયોજન થયું છે. આ અભિયાન અંતર્ગત આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર ગુજરાતના તમામ જિલ્લાઓ એક નવો ઇતિહાસ બનાવવા તરફ આગળ વધી રહ્યા છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, યોગ એ ભારતીય સંસ્કૃતિની ઓળખ છે. યોગ અને પ્રાણાયામ એ માત્ર શારીરિક-માનસિક કસરત નહીં, પરંતુ મન, શરીર અને આત્મા સાથે સંવાદ સ્થાપિત કરવાની પદ્ધતિ છે. આ અવસરે તેમણે ગુજરાતના તમામ જિલ્લાના નાગરિકોને યોગથી પ્રેરણા લઈને 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિત મુક્ત ગુજરાત' અભિયાનમાં જોડાવવા અપીલ પણ કરી હતી.

# ઉદયપુરમાં સેક્સ રેકેટ મામલે ગુજરાતના ૧૫ વેપારીઓ સહિત ૨૯ લોકોની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજસ્થાનના ઉદયપુરમાં પોલીસે એક રિસોર્ટમાં ચાલતાં સેક્સ રેકેટનો પર્દાફાશ કર્યો હતો. આ રેકેટમાં ગુજરાતનાં ૧૫ લોકો ઝડપાયા હતા. પકડાયેલા પુરુષો સિમેન્ટ અને લોખંડની કંપનીઓના ડિસ્ટ્રિબ્યૂટર હતા અને ટાર્ગેટ પૂરો કરતાં ટ્રિપ ઓફર થઈ હતી અને ઈવેન્ટના નામે શરાબ અને શબાબની વ્યવસ્થા રિસોર્ટના સંચાલકોએ કરી આપી હતી. ડિસ્ટ્રબ્યુટર્સની સેવા માટે રિસોર્ટમાં ૧૪ રૂપલલનાઓ બોલાવવામાં આવી હતી.

ઉદયપુરના અંબેરી સ્થિત સ્વર્ણગઢ રિપોર્ટમાં ઉજવણી ચાલતી હતી, તે સમયે સુખેર પોલીસ સ્ટેશન દ્વારા ડમી ગ્રાહક મોકલીને આખા રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. પોલીસે રિસોર્ટમાંથી કુલ ૨૯ લોકોની ધરપકડ કરી છે. જેમાં ૧૪ યુવતી અને ૧૫ યુવકનો સમાવેશ થાય છે. રિસોર્ટમાં 'લીલા' કરતા પોલીસના હાથે ઝડપાયેલા ગુજરાતના લોકોની ઓળખ મિહિર ચૌહાણ, હર્ષિત અજમેરા, આશિષ, અશ્વિન, કલ્પેશ ચોટલિયા, પ્રવીણ હિરાણી, વિપુલ પીપળીયા, નિલેશ નાકરાણી, અર્જુનસિંહ ચૌહાણ તરીકે થઈ છે. ધરપકડ કરવામાં આવેલા આરોપી પુરુષો પૈકી મોટાભાગના ગુજરાતના હતા. ગુજરાતના ભાવનગર, અમદાવાદ, રાજકોટ, સુરેન્દ્રનગર અને અમરેલી જેવા જિલ્લાના લોકો હતા. જ્યારે મહિલા આરોપીઓ દિલ્હી, હરિયાણા, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાનની હતી.

આ સમગ્ર મામલે પોલીસે જણાવ્યું હતું કે, રિસોર્ટ સંચાલક એક મહિલા સાથે મળીને દેહ વ્યાપારનું રેકેટ ચલાવતો હોવાની તેમના ગુપ્ત માહિતી મળી હતી. આ લોકો બહારથી યુવતીઓ બોલવતા હતા અને પૈસાના બદલે રિસોર્ટમાં અનૈતિક દેહ વ્યાપાર કરાવતા હતા. પુરાવા એકત્ર કરવા માટે પોલીસે એક વ્યૂહરચના બનાવી હતી. જે અંતર્ગત એક સભ્યને બોગસ ગ્રાહક બનાવીને રિસોર્ટમાં મોકલવામાં આવ્યો હતો. તેણે રિસોર્ટ સંચાલક અને મહિલાનો સંપર્ક કર્યો હતો. જેમાં ઈવેન્ટની આડમાં યુવતીઓ ઉપલબ્ધ કરાવવાની વાત કરી હતી. ડમી ગ્રાહકે ઈશારો કરતાં જ પોલીસે રિસોર્ટ પર રેઇડ કરી હતી.

# મોદી સરકારના ૧૧ વર્ષમાં ઈથેનોલ ઉત્પાદન ક્ષમતા ચાર ગણી વધીને ૧,૮૧૦ કરોડ લિટરે પહોંચી

અમદાવાદઃ કેન્દ્ર સરકારના ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગના એક સિનિયર જણાવ્યા અનુસાર, મોદી સરકારના છેલ્લાં ૧૧ વર્ષમાં અનુકૂળ નીતિગત પહેલને કારણે ભારતની ઇથેનોલ ઉત્પાદન ક્ષમતા ચાર ગણી વધીને ૧,૮૧૦ કરોડ લિટર વાર્ષિક થઈ ગઈ છે. અમદાવાદમાં એક કાર્યક્રમમાં અધિકારીએ જણાવ્યું હતું કે ૨૦૧૩ સુધી દેશમાં ઇથેનોલ નિસ્યંદન ક્ષમતા માત્ર ૪૨૧ કરોડ લિટર હતી. સ્થાપિત ઉત્પાદન ક્ષમતામાં વધારો થવાથી, પેટ્રોલમાં ઇથેનોલનું મિશ્રણ ૨૦૧૩માં ૧.૫૩ ટકાથી વધીને લગભગ ૧૯ ટકા થયું છે, જેના કારણે વિદેશી હૂંડિયામણમાં ૧.૧૦ લાખ કરોડ રૂપિયાથી વધુ બચત થઈ છે, તેની સાથે સાથે શેરડી અને ખાદ્યાન્ન ખેડૂતોને પણ ફાયદો થયો છે. સરકાર દ્વારા નીતિગત ફેરફારોને કારણે દેશમાં ઇથેનોલ ઉત્પાદન ક્ષમતા ૧,૮૧૦ કરોડ લિટર સુધી પહોંચી ગઈ છે, જેમાં ઉત્પાદન સુવિધાઓ સ્થાપવા માટે વ્યાજ સબસિડીનો સમાવેશ થાય છે. અધિકારીએ જણાવ્યું હતું કે ૨૦૧૩ સુધી, ઓઈલ માર્કેટિંગ કંપનીઓને ઇથેનોલનો પુરવઠો ફક્ત ૩૮ કરોડ લિટર હતો, જ્યારે ૨૦૧૩-૧૪ ઇથેનોલ સપ્લાય વર્ષમાં મિશ્રણ સ્તર ૧.૫૩ ટકા હતું, જે અધિકારીએ વધુમાં કહ્યું હતું કે, ઇંધણ ગ્રેડ ઇથેનોલનું ઉત્પાદન અને ઓઈલ માર્કેટિંગ કંપનીઓનો પુરવઠો વર્ષ ૨૦૧૩-૧૪ થી વર્ષ ૨૦૨૩-૨૪ સુધી ૧૮ ગણાથી વધુ વધ્યો છે. અધિકારીએ કેન્દ્રની વ્યાજ સબસિડી નીતિની મદદથી ગુજરાતમાં ઘણા ઇથેનોલ પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં, ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા લગભગ ૭૦૭ કરોડ લિટર ઇથેનોલનું મિશ્રણ કરવામાં આવ્યું છે, જે ૧૪.૬૦ ટકાનું મિશ્રણ પ્રાપ્ત કરે છે. અધિકારીએ જણાવ્યું હતું કે વર્તમાન વર્ષ ૨૦૨૪-૨૫માં, ૨૫ મે સુધી, લગભગ ૫૪૮ કરોડ લિટર ઇથેનોલનું મિશ્રણ કરવામાં આવ્યું છે, જે ૧૮.૭૪ ટકા મિશ્રણ પ્રાપ્ત કરે છે.

છેલ્લા ૧૧ વર્ષ દરમિયાન, અનાજ આધારિત ડિસ્ટિલરીઓ સહિત ખાંડ મિલો/ડિસ્ટિલરીઓ દ્વારા કુલ આવક લગભગ ૨ લાખ કરોડ રૂપિયા રહી છે, જેમાંથી ૧.૨૨ લાખ કરોડ રૂપિયા ફક્ત શેરડી આધારિત ડિસ્ટિલરીઓ દ્વારા ઉત્પન્ન થતી આવક છે. કેન્દ્રએ ૨૦૧૮-૨૦૨૨ સુધી વિવિધ ઇથેનોલ વ્યાજ સબસિડી યોજનાઓને સૂચિત કરી છે જેથી ખાંડ મિલો અને ડિસ્ટિલરીઓને તેમની ઇથેનોલ ઉત્પાદન ક્ષમતા વધારવા માટે પ્રોત્સાહિત કરી શકાય (૨૦૨૧ માં આ યોજનાઓ હેઠળ અનાજમાંથી ઇથેનોલનું ઉત્પાદન પણ સામેલ હતું). આ સબસિડી યોજનાઓ હેઠળ, સરકાર પ્રોજેક્ટ સમર્થકોને બેંકો/નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન મેળવવા માટે સુવિધા આપી રહી છે, જેના માટે ૬ ટકા અથવા બેંકો/નાણાકીય સંસ્થાઓ દ્વારા વસૂલવામાં આવતા વ્યાજના ૫૦ ટકા, જે ઓછું હોય તે વ્યાજ સબસિડી સરકાર દ્વારા પાંચ વર્ષના સમયગાળા માટે વહન કરવામાં આવી રહી છે,

# ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીના ત્રણ દિવસ વિસાવદરમાં ધામા, જૂનાગઢ પહોંચતાં જ સંતો-મહંતો સાથે બેઠક યોજી

અમદાવાદઃ વિસાવદર વિધાનસભા પેટાચૂંટણી જેમ-જેમ નજીક આવી રહી છે, તેમ-તેમ રાજકીય માહોલ વધુ ગરમાઈ રહ્યો છે. આ રાજકીય ઉત્તેજના વચ્ચે બુધવારે બપોરે રાજ્યના ગૃહપ્રધાન હર્ષ સંઘવી જૂનાગઢ પહોંચ્યા હતા. તેમની મુલાકાતથી રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. ખાસ કરીને આમ આદમી પાર્ટી અને કૉંગ્રેસની ચિંતામાં વધારો થયો છે.

જૂનાગઢ પહોંચતાની સાથે જ હર્ષ સંઘવીએ સૌપ્રથમ સંતો-મહંતો સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં ચાંપરડાના મુક્તાનંદ બાપુ, જૂનાગઢના શેરનાથ બાપુ, સતાધાર જગ્યાના મહંત વિજયબાપુ સહિત અનેક સંતો-મહંતો હાજર રહ્યા હતા. આ બેઠકમાં લોકસાહિત્ય કલાકાર રાજભા ગઢવી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સંતો સાથેની બેઠક બાદ હર્ષ સંઘવીએ પૂર્વ સરપંચો તેમજ ભાજપના કાર્યકર્તાઓ અને આગેવાનો સાથે પણ બેઠક યોજી હતી. હર્ષ સંઘવી ત્રણ દિવસ માટે વિસાવદરના પ્રવાસે છે, જે દર્શાવે છે કે ભાજપ આ પેટાચૂંટણીને કેટલી ગંભીરતાથી લઈ રહ્યું છે.

સંતો સાથેની બેઠક બાદ હર્ષ સંઘવીએ પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે, વર્ષોથી મારો જ્યારે પણ વિસાવદરનો પ્રવાસ હોય છે, ત્યારે હું પહેલા જૂનાગઢના સંતોની મુલાકાત કરું છું અને ત્યારબાદ વિસાવદરની મુલાકાત લઉં છું. આજે સંતો સાથે ભોજનનો લાભ લીધો છે.

# અમદાવાદ પોલીસ રથયાત્રામાં ભીડને નિયંત્રિત કરવા માટે એઆઈ સંચાલિત સોફ્ટવેરનો ઉપયોગ કરશે

અમદાવાદઃ ગુજરાત પોલીસના એક અધિકારીએ જણાવ્યું હતું કે, ૨૭ જૂને અમદાવાદમાં મુખ્ય રથયાત્રા દરમિયાન ભાગદોડ જેવી પરિસ્થિતિઓને રોકવા માટે શહેર પોલીસ ડ્રોન સાથે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્ટ આધારિત સર્વેલન્સ સિસ્ટમ્સ તૈનાત કરશે. આ પગલું એટલા માટે લેવામાં આવ્યું છે કારણ કે આ શોભાયાત્રામાં શ્રદ્ધાળુઓની મોટી ભીડ ઊમટવાની સંભાવના છે. સહાયક પોલીસ કમિશનર ભરત પટેલે જણાવ્યું હતું કે, બેંગલૂરુમાં બનેલી ઘટનાઓ સહિત, તાજેતરમાં બનેલી ઘટનાઓમાંથી પ્રેરણા લઈને, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ એઆઈ-સંચાલિત વિઝ્યુઅલ એનાલિટિક્સ સોફ્ટવેર તૈનાત કરશે જે પોલીસને ભીડની પેટર્ન અંગે અગાઉથી ચેતવણી આપશે. કેટલાંક રાજ્યોમાં થયેલી નાસભાગને ધ્યાનમાં રાખીને, અમે રથયાત્રા દરમિયાન ભીડનું નિરીક્ષણ અને સંચાલન કરવા માટે એઆઈ-સંચાલિત સોફ્ટવેરનો ઉપયોગ કરવાનો નિર્ણય લીધો છે, જેમાં વિઝ્યુઅલ ડેટાનું રીઅલ-ટાઇમ પ્રોસેસિંગ કરવામાં આવશે. પોલીસના જણાવ્યા અનુસાર, ૨૭ જૂનના રોજ યોજાનાર ભવ્ય કાર્યક્રમમાં ૧૪ થી ૧૫ લાખ લોકો હાજરી આપે તેવી શક્યતા છે. પટેલે જણાવ્યું હતું કે એઆઈ સિસ્ટમ હેઠળ, પોલીસ કંટ્રોલ રૂમમાં વિઝ્યુઅલ એનાલિસિસ સોફ્ટવેર યાત્રા રૂટ પર તૈનાત સીસીટીવી કેમેરા અને ડ્રોનમાંથી લાઇવ વીડિયો ફીડ પ્રાપ્ત કરશે. તેમણે કહ્યું હતું કે, સોફ્ટવેરને લાઇવ ફીડનું વિશ્લેષણ કરવા માટે પ્રોગ્રામ કરવામાં આવ્યું છે જેથી તે ચોક્કસ સ્થળે હાજર લોકોની સંખ્યા અને ટૂંકા સમયમાં કેટલા લોકો આવવાની અપેક્ષા છે તેનો અંદાજ લગાવી શકાય. આ સોફ્ટવેર લોકોની ગણતરી કરશે, તે સ્થળની મહત્તમ ક્ષમતાની ગણતરી કરશે અને ભવિષ્યમાં તે સ્થળે લોકોના ધસારા વિશે પોલીસને ચેતવણી આપશે. આ અગાઉથી ચેતવણી ગ્રાઉન્ડ પોલીસકર્મીઓને તાત્કાલિક નિવારક પગલાં લેવા માટે ચેતવણી આપશે, જેમ કે વધુ લોકોને આવતા અટકાવવા અને વિસ્તાર ખાલી કરવા માટે સ્થળને બેરિકેડ કરવું.

# કથાકાર મોરારિબાપુનાં પત્નીનું નિધન, વડા પ્રધાને તલગાજરડા ફોન કરી શોક વ્યક્ત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જાણીતા કથાકાર મોરારિ બાપુના પત્ની નર્મદાબેનનું ૭૯ વર્ષની વયે દુઃખદ નિધન થયું હતું. આ દુઃખદ સમાચાર મળતા જ આધ્યાત્મિક અને સામાજિક વર્તુળોમાં શોકની લાગણી વ્યાપી ગઈ હતી, વડા પ્રધાન મોદીએ પણ ફોન કરીને શોક વ્યક્ત કર્યો હતો,

વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મોરારિ બાપુની પત્નીના નિધનના સમાચાર મળતા તેમણે પોતાનું દુઃખ વ્યક્ત કરવા તલગાજરડામાં મોરારિ બાપુ સાથે ફોનમાં વાત કરીને નર્મદાબેનના અવસાન બદલ ઊંડો શોક વ્યક્ત કર્યો હતો. આ સાથે જ વડા પ્રધાને મોરારી બાપુ અને તેમના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. તેમજ દુઃખની આ ઘડીમાં બાપુ અને તેમના પરિવારને શક્તિ મળે તેવી પ્રાર્થના કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, મોરારિ બાપુનાં પત્ની નર્મદાબેન ઘણાં લાંબા સમયથી બીમાર રહેતાં હતાં. મંગળવારે મોડી રાતે દોઢ વાગ્યાની આસપાસ તેમણે મહુવા તાલુકાના તલગાજરડા સ્થિત તેમના નિવાસસ્થાને અંતિમ શ્વાસ લીધા હતા. જે બાદ નર્મદાબેનના પાર્થિવ દેહને બુધવાર સવારે તલગાજરડા સ્થિત તેમના નિવાસસ્થાને જ સમાધિ આપવામાં આવી હતી.

# વિસાવદરમાં ભાજપ-કૉંગ્રેસમાં આપનું ગાબડું, ૩૦૦થી વધુ કાર્યકર્તા આમ આદમી પાર્ટીમાં જોડાયા

અમદાવાદઃ ગુજરાતમાં વિસાવદર અને કડીમાં પેટા ચૂંટણી યોજાવાની છે. તેમાં પણ વિસાવદર બેઠક જીતવા ભાજપ, કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટી એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. તમામ પક્ષોના નેતાઓ અને કાર્યકરો દ્વારા પ્રચાર અભિયાન પુરજોશમાં ચલાવવામાં આવી રહ્યું છે. આ દરમિયાન બુધવારે ભાજપ અને કૉંગ્રેસના નારાજ કાર્યકર્તાઓ આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. બિલખા ખાતે આમ આદમી પાર્ટીના કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે ૩૦૦થી વધુ કાર્યકરો આપમાં સામેલ થયા હતા. ભાજપના કેશોદ યુવા મોરચાના પૂર્વ અધ્યક્ષ જય કેશવાલા અને કૉંગ્રેસના વિસાવદર શહેર ઉપપ્રમુખ રાજુ મોકરીયા પણ આપમાં જોડાયા હતા. વિસાવદરથી આપના ઉમેદવાર ગોપાલ ઇટાલિયાએ યુવાનોનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, ભાજપની તાનાશાહી અને ભ્રષ્ટ વ્યવસ્થાથી કંટાળેલા યુવાનો હવે ઈમાનદારી અને વિકાસની રાજનીતિ તરફ વળી રહ્યા છે.

# દાહોદ મનરેગા કૌભાંડના પહેલા કેસમાં પ્રધાન બચુ ખાબડના બંને પુત્રોને જામીન મળ્યા, બીજા કેસમાં હજુ જેલમાં બંધ

અમદાવાદઃ ગુજરાતના દાહોદ જિલ્લામાં મનરેગા (મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ) યોજનામાં ખોટા દસ્તાવેજો ઊભા કરીને કરોડો રૂપિયાનું કૌભાંડ આચરવાના મામલે પોલીસની કાર્યવાહી ચાલુ છે. ધાનપુર અને દેવગઢ બારિયા તાલુકાની કુલ ૩૫ એજન્સીઓ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, જેમાં રાજ્ય સરકારના પ્રધાન બચુ ખાબડના બે પુત્રોની પણ પોલીસે ધરપકડ કરી હતી. આ કૌભાંડ સંબંધિત એક કેસમાં સેશન્સ કોર્ટે પ્રધાનના બંને પુત્રોને જામીન મંજૂર કર્યા હતા, જ્યારે બીજા કેસમાં તેઓ હજુ જેલમાં બંધ છે. મનરેગા કૌભાંડના પ્રથમ કેસમાં બચુ ખાબડના બંને પુત્રોને નીચલી કોર્ટે જામીન આપ્યા હતા.

# ડબ્લ્યૂટીસીના પહેલા દિવસે બોલર્સનું રાજઃ રબાડા-યેનસેન પછી સ્ટાર્ક ત્રાટક્યો

## ઑસ્ટ્રેલિયા ૨૧૨ રનમાં ઑલઆઉટઃ સાઉથ આફ્રિકાએ બન્ને ઓપનર સસ્તામાં ગુમાવ્યા

લૉર્ડ્સઃ અહીં ત્રીજી વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસ)ની સીઝનની ફાઇનલમાં પ્રથમ દિવસ બોલર્સનો હતો. સાઉથ આફ્રિકાના બે ફાસ્ટ બોલર કૅગિસો રબાડા (૧૫.૪-૫-૫૧-૫) અને તાજેતરની આઇપીએલમાં પંજાબ કિંગ્સને રનર-અપ બનાવવામાં મોટી ભૂમિકા ભજવનાર લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર માર્કો યેનસેન (૧૪-૫-૪૯-૩))ની જોડીએ ડિફેન્ડિંગ ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયાને ઝૂકાવ્યું અને પૅટ કમિન્સની ટીમ માત્ર ૨૧૨ રનમાં ઑલઆઉટ થઈ ગઈ ત્યાર બાદ ઑસ્ટ્રેલિયા વતી ફાસ્ટ બોલર મિચલ સ્ટાર્ક ત્રાટક્યો હતો. તેણે ફક્ત નવ રનમાં સાઉથ આફ્રિકાના ઓપનર એઇડન માર્કરમ (૦) અને રિકી રાયલ્ટન (૧૬)ને વહેલા પૅવિલિયન ભેગા કરી દીધા હતા.

આ અહેવાલ લખાઈ રહ્યો હતો ત્યાં સુધીમાં સાઉથ આફ્રિકાએ ૧૦ ઓવરમાં ફક્ત ૧૯ રનમાં બે વિકેટ ગુમાવી હતી.




એ પહેલાં, ૨૦૨૩-૨૦૨૫ની ડબ્લ્યૂટીસી સીઝનની આ ફાઇનલમાં સાઉથ આફ્રિકાના કૅપ્ટન ટેમ્બા બવુમાએ ટૉસ જીતીને ફીલ્ડિંગ લીધી હતી. કૅગિસો રબાડા ઇનિંગ્સની શરૂઆતમાં ત્રાટક્યો હતો.




રબાડા (ડાબે)એ ૫૧ રનમાં પાંચ વિકેટ અને યેનસેને (જમણે) ૪૯ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. (આઇસીસી)

ઑસ્ટ્રેલિયાએ બૅટિંગ મળ્યા બાદ તરત જ બે વિકેટ ગુમાવી દીધી હતી. પહેલી વાર ટેસ્ટના વર્લ્ડ કપની ફાઇનલમાં પહોંચેલા સાઉથ આફ્રિકાના ફાસ્ટ બોલર રબાડાએ એક જ ઓવરમાં પહેલી બે વિકેટ લીધી હતી.

ઑસ્ટ્રેલિયા વતી સૌથી વધુ રન બ્યૉ વેબસ્ટરે (૭૨ રન) અને સ્ટીવ સ્મિથે (૬૬ રન) કર્યા હતા. સાઉથ આફ્રિકાના રબાડા અને યેનસેન ઉપરાંતના બીજા બે પેસ બોલર કેશવ મહારાજ અને એઇડન માર્કરમને એક-એક વિકેટ મળી હતી અને તેમણે કાંગારૂઓને કાબૂમાં પણ રાખ્યા હતા. ■

# સ્મિથે ૪૫મો રન કર્યો એટલે રહાણેનો રેકૉર્ડ તૂટ્યો !

લંડનઃ ઘણાને નવાઈ લાગી હશે કે સ્ટીવ સ્મિથ જેવા પીઢ ટેસ્ટ બૅટ્સમૅનને ભારતના અજિંક્ય રહાણેનો વળી કયો વિક્રમ તોડ્યો હશે? વાત એવી છે કે સ્ટીવ સ્મિથ વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની ફાઇનલ મૅચોમાં સૌથી વધુ રન બનાવનાર બૅટ્સમૅન બની ગયો છે.

ઑસ્ટ્રેલિયાનો પ્રથમ દાવ ૨૧૨ રનના સ્કોર પર પૂરો થયો હતો. ડિફેન્ડિંગ ચૅમ્પિયન ટીમે માત્ર ૬૭ રનમાં ચાર વિકેટ ગુમાવી હતી ત્યારે સ્મિથે બાજી સંભાળી હતી અને ઑસ્ટ્રેલિયન ટીમને વધુ મુસીબતમાં જતા રોકી હતી. સ્મિથે ૧૬૨ મિનિટ સુધી ક્રીઝમાં ટકયા રહીને ૧૧૨ બૉલમાં ૧૦ ફોરની મદદથી ૬૬ રન કર્યા હતા. સ્મિથે લબુશેન (૧૭) સાથે ત્રીજી વિકેટ માટે ૩૦ રનની, ટ્રૅવિસ હેડ (૧૧ રન) સાથે ચોથી વિકેટ માટે ૨૧ રનની અને બ્યૂ વેબસ્ટર (૭૨ રન, ૧૩૯ મિનિટ, ૯૨ બૉલ, ૧૧ ફોર) સાથે પાંચમી વિકેટ માટે ૭૯ રનની ભાગીદારી કરી હતી.

ડબ્લ્યૂટીસીના ઇતિહાસની ત્રીજી ફાઇનલ રમાઈ રહી છે. આ ફાઇનલ પહેલાંની બે ફાઇનલમાં સૌથી વધુ ૧૯૯ રન રહાણેના નામે હતા જે તેણે બે ફાઇનલની ચાર ઇનિંગ્સમાં કર્યા હતા. જોકે સ્મિથે બુધવારે ૪૫મો રન કર્યો એ સાથે તે રહાણેથી આગળ નીકળી ગયો છે અને ડબ્લ્યૂટીસીની ફાઇનલ્સમાં હાઇએસ્ટ રન સ્ટીવ સ્મિથના નામે છે.

એટલું જ નહીં, સ્મિથ ડબ્લ્યૂટીસીની ફાઇનલ્સમાં ૨૦૦-પ્લસ રન કરનાર પ્રથમ પ્લેયર પણ બની ગયો છે. હવે સ્મિથ પછી બીજા નંબરે રહાણે (૧૯૯ રન) અને ત્રીજા સ્થાને ઑસ્ટ્રેલિયાનો જ ટ્રૅવિસ હેડ (૧૯૨ રન) છે.

ભારત પહેલી વાર ડબ્લ્યૂટીસીની ફાઇનલના પ્રવેશથી વંચિત રહ્યું છે. ■

# છ ફૂટ, ચાર ઇંચ ઊંચા ટીનેજરે કેએલ રાહુલની વિકેટ લીધી એટલે ફાવી ગયો, જાણો કેવી રીતે...

લંડનઃ ઇંગ્લૅન્ડમાં હજી સુધી એક પણ કાઉન્ટી મૅચ ન રમનાર અને પ્રથમ કક્ષાની ફક્ત બે મૅચ રમનાર ૧૯ વર્ષના ફાસ્ટ બોલર એડ્ડી જૅકનું ભાગ્ય ગણતરીના દિવસોમાં જ ફરી ગયું. રવિવારે નૉર્ધમ્પ્ટનમાં તેણે ભારતના ભરોસાપાત્ર બૅટ્સમૅન કેએલ રાહુલની વિકેટ લીધી એટલે બે જ દિવસમાં તેને ઇંગ્લૅન્ડના સિલેક્ટરોએ ભારત સામેની આગામી ટેસ્ટ સિરીઝ માટે પ્રૅક્ટિસ કરી રહેલા ઇંગ્લૅન્ડના ખેલાડીઓને નેટમાં મદદ કરવા બોલાવી લીધો.

પીટીઆઇના અહેવાલ મુજબ એડ્ડી જૅક છ ફૂટ ચાર ઇંચ ઊંચો છે. તે પ્રથમ કક્ષાની માંડ બે મૅચ રમ્યો છે અને એ બન્ને બિનસત્તાવાર ટેસ્ટ મૅચ આ મહિને ઇન્ડિયા ‘એ’ સામે રમાઈ હતી.

કેએલ રાહુલે છઠ્ઠી જૂને નૉર્ધમ્પ્ટનમાં લાયન્સ સામેની ચાર-દિવસીય મૅચના પહેલા દાવમાં સેન્ચુરી (૧૬૮ બૉલમાં ૧૧૮ રન) ફટકારી હતી. એ દાવમાં રાહુલની વિકેટ જ્યોર્જ હિલે લીધી હતી, પણ બીજા દાવમાં રાહુલ ૫૧ રન પર હતો અને લાયન્સની ટીમ માટે ખતરો બની રહ્યો હતો ત્યારે જૅકે તેને કૅચઆઉટ કરાવ્યો હતો.

ઇંગ્લૅન્ડના કોચિંગ ગ્રૂપમાં ઍન્ડ્રયૂ ફ્લિન્ટૉફ, માર્ક વૂડ અને ગ્રેમ સ્વૉન જેવા જાણીતા ક્રિકેટરોનો સમાવેશ છે. તેમને એડ્ડી જૅકનો ઇન્ડિયા ‘એ’ સામેની મૅચનો પર્ફોર્મન્સ ખૂબ ગમી ગયો હતો. ખાસ કરીને તેણે રાહુલની વિકેટ લીધી એનાથી આ કોચિંગ સ્ટાફ ખૂબ પ્રભાવિત થયો હતો. જૅકે રાહુલ ઉપરાંત નીતિશ કુમાર રેડ્ડીને કાબૂમાં રાખ્યો હતો ધ્રુવ જુરેલને પણ આઉટ કર્યો હતો. ૨૦૨૨માં રાંચીમાં ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટમાં જુરેલ મૅન ઑફ ધ મૅચ




બન્યો હતો. ટીનેજર એડ્ડી જૅકે ગયા મહિને ઝિમ્બાબ્વે સામેની પ્રૅક્ટિસ મૅચમાં પાંચ વિકેટ લીધી હતી. ત્યારે તેણે ઝિમ્બાબ્વેના ઓપનર બ્રાયન બેનેટની બે વખતે તેમ જ કૅપ્ટન ક્રેગ ઇરવિન, શૉન વિલિયમ્સ અને બેન કરૅનની વિકેટ લીધી હતી.

જોફ્રા આર્ચર, ગસ ઍટકિન્સન અને માર્ક વૂડ ઈજાગ્રસ્ત હોવાથી ભારત સામેની આગામી ટેસ્ટ શ્રેણીમાં બ્રિટિશ ટીમનો પેસ પાવર નબળો રહેવાનો હોવાથી ટીમને એડ્ડી જૅક જેવા યુવાન ફાસ્ટ બોલરની ખાસ જરૂર છે. ■

# શ્રેયસને ટેસ્ટ ટીમમાં સિલેક્ટ કરવો જોઈતો હતોઃ ગાંગુલી

## ભૂતપૂર્વ કૅપ્ટને ઇંગ્લૅન્ડમાં સિરીઝ જીતવા માટે ટીમ ઇન્ડિયા માટે આપ્યા બે મંત્ર

નવી દિલ્હીઃ ઇંગ્લૅન્ડના પ્રવાસે ગયેલી ભારતની ટેસ્ટ ટીમમાં મિડલ-ઑર્ડરના બૅટ્સમૅન શ્રેયસ ઐયરનો સમાવેશ ન કરવા બદલ ભૂતપૂર્વ કૅપ્ટન અને ભૂતપૂર્વ બીસીસીઆઇ-પ્રમુખ સૌરવ ગાંગુલીએ નારાજગી વ્યક્ત કરી છે. ગાંગુલી એક સમયે ચીફ સિલેક્ટર અજિત આગરકરનો પ્રશંસક હતો, પણ શ્રેયસને ટેસ્ટ ટીમમાં સામેલ ન કરવા બદલ તે આગરકરના અધ્યક્ષસ્થાન હેઠળની સિલેક્શન કમિટી પર ગુસ્સે છે.

ગાંગુલીનું માનવું છે કે ‘શ્રેયસ હવે ફાસ્ટ બોલરના શૉર્ટ બૉલને સારી રીતે રમી શકે છે. તેણે એ નબળાઈ દૂર કરી લીધી છે. એટલું જ નહીં, માનસિક દબાણવાળી ઇનિંગ્સમાં ટીમને તે ખૂબ ઉપયોગી પણ થઈ શકે છે. મુશ્કેલ પરિસ્થિતિમાં સારું પર્ફોર્મ કરવાની હવે તેને સારી ફાવટ છે અને ખાસ કરીને મર્યાદિત ઓવરવાળી મૅચમાં તેનો દેખાવ અસાધારણ છે. એક વર્ષથી તે ખૂબ સારું રમી રહ્યો છે.’

શ્રેયસ ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપમાં તેમ જ તાજેતરમાં વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ટોચના બૅટ્સમેનોમાં ગણાયો હતો. તેણે ૨૦૨૪માં કોલકાતાને આઇપીએલની ટ્રોફી અપાવી હતી અને આ વખતે કુલ ૬૦૪ રન કરીને પંજાબ કિંગ્સને રનર-અપ બનાવ્યું હતું. ગાંગુલીના મતે આ બધી સિદ્ધિઓ જોતાં શ્રેયસનો ટેસ્ટ ટીમમાં સમાવેશ થવો જ જોઈતો હતો. ગાંગુલીએ એક ઇન્ટરવ્યૂમાં કહ્યું છે, ‘ભલે ટેસ્ટ-ક્રિકેટનું ફૉર્મેટ અલગ છે, પણ હું જો સિલેક્ટર હોત તો મેં શ્રેયસને ટેસ્ટ ટીમમાં લેવડાવ્યો જ હોત.’

રોહિત શર્મા અને વિરાટ કોહલી ટેસ્ટમાંથી નિવૃત્ત થઈ ગયા હોવાથી ભારતીય બૅટિંગ લાઇન-અપમાં હવે મોટો બોજ કૅપ્ટન શુભમન ગિલ અને રિષભ પંત પર આવી ગયો છે.

ગાંગુલીએ ૨૦મી જૂને ઇંગ્લૅન્ડ સામે શરૂ થનારી પાંચ મૅચની ટેસ્ટ-શ્રેણી વિશે એવું પણ કહ્યું છે કે ‘જસપ્રીત બુમરાહની ફિટનેસ પર મોટો આધાર રહેશે. બીજું, ભારતની બૅટિંગ ખૂબ સારી હોવી જોઈશે. ૨૦૨૦-’૨૧માં આપણે યુવા ખેલાડીઓને ઑસ્ટ્રેલિયા મોકલી હતી અને સિરીઝ જીતી લીધી હતી. એ સિરીઝમાં રોહિત અને કોહલી નહોતા. એ જોતાં મને લાગે છે કે આ વખતે ઇંગ્લૅન્ડમાં આપણી યુવા ટીમ સિરીઝ જીતી શકે એમ છે.’






શ્રેયસે (ડાબે) આ વખતની આઈપીએલમાં ૬૦૪ રન કરીને પંજાબને રનર-અપ બનાવ્યું.

ગાંગુલીએ બુમરાહના મુદ્દે એવું પણ કહ્યું હતું કે ‘કૅપ્ટન શુભમન ગિલે બુમરાહનો સમજદારીથી ઉપયોગ કરવો જોઈશે. દિવસના ભાગમાં તેને વધુમાં વધુ ૧૨ ઓવર બોલિંગ આપવી જોઈએ. શુભમને બુમરાહનો ઉપયોગ મુખ્ય વિકેટ-ટેકિંગ બોલર તરીકે જ કરવો જોઈએ. બુમરાહ પાસે શરૂઆતના ભાગમાં ૧૨ ઓવર બોલિંગ કરાવવામાં આવશે અને તેને મુખ્ય બોલર તરીકે જ ગણવામાં આવશે તો પછીથી તે ટીમને ઘણો કામ લાગી શકશે.’ ■

# અશ્વિને અમ્પાયર પર ગુસ્સો કર્યો, બૅટ પછાડ્યું અને ગ્લવ્ઝ કાઢીને ફેંક્યાં

## ભૂતપૂર્વ ભારતીય સ્પિનરને તામિલનાડુની લીગમાં 30 ટકા મૅચ ફીનો દંડ થયો

કોઈમ્બતુરઃ ક્રિકેટ જગતના સ્પિન-લેજન્ડ્સમાં ગણાતો રવિચંદ્રન અશ્વિન આંતરરાષ્ટ્રીય ક્રિકેટ તો છોડી ચૂક્યો છે, પરંતુ ટી-૨૦ લીગ ટૂર્નામેન્ટમાં રમવાનું તેણે ચાલુ રાખ્યું છે અને બે દિવસ પહેલાંનો તેનો એક કિસ્સો ચર્ચાસ્પદ થયો છે.

તામિલનાડુ પ્રીમિયર લીગ (ટીએનપીએલ)ની એક મૅચમાં અશ્વિને અમ્પાયર પર બળાપો ઠાલવ્યો તેમ જ બૅટ પછાડ્યું એ બદલ અશ્વિનની કુલ ૩૦ ટકા મૅચ ફી કાપી લેવામાં આવી છે.

કોઈમ્બતુરમાં ડિંડીગુલ ડ્રેગન્સ અને તિરૂપ્પુર તમિઝાન્સ વચ્ચેની મૅચમાં એક કિસ્સો બન્યો હતો જેમાં અશ્વિને મગજ પરથી કાબૂ ગુમાવ્યો હતો.

અશ્વિન ડિંડીગુલ ડ્રેગન્સ ટીમનો કેપ્ટન છે. હરીફ ટીમના સ્પિનર આર. સાંઈ કિશોરના બૉલમાં એલબીડબલ્યૂની અપીલ થઈ અને મહિલા અમ્પાયર કૃતિકાએ અશ્વિનને આઉટ જાહેર કર્યો હતો.

અશ્વિનની ટીમ પાસે એક પણ રીવ્યૂ બાકી ન હોવાથી અશ્વિને પાછા જવું પડ્યું હતું. જોકે સાંઈ કિશોરનો બૉલ લેગ સ્ટમ્પની બહાર પડ્યો હતો અને એ જો અશ્વિનને ન લાગ્યો હોત તો સ્ટમ્પ્સની બહારથી પસાર થઈ ગયો હોત એવું લાગતા અશ્વિને મહિલા અમ્પાયર સામે ખૂબ દલીલ કરી હતી. અશ્વિને પાછા જતી વખતે ગુસ્સામાં બૅટ પોતાના પૅડ પર ફટકાર્યું હતું તેમ જ ગ્લવ્ઝ હવામાં ફેંક્યાં હતાં.

અશ્વિને ૧૧ બૉલમાં એક સિક્સર અને બે ફોરની મદદથી ૧૮ રન કર્યા હતા.






અશ્વિનની વિકેટ વખતે તેની ટીમનો સ્કોર એક વિકેટે ૩૯ રન હતો અને પછીના ૫૪ રનમાં અશ્વિનની ટીમે બાકીની તમામ નવ વિકેટ ગુમાવી દીધી હતી.

તિરૂપ્પુર ટીમે ૯૪ રનનો લક્ષ્યાંક આસાનીથી (ફક્ત એક વિકેટ ગુમાવીને ૪૯ બૉલમાં) હાંસલ કરીને વિજય મેળવ્યો હતો.

તામિલનાડુ લીગની આ નવમી સીઝન છે અને એમાં અશ્વિનની ટીમ બેમાંથી એક મૅચ જીતીને પાંચમા નંબર પર છે. ■

# આઈપીએલનો સૌથી નસીબવાળો ખેલાડીઃ રમવા નથી મળ્યું છતાં બે ટાઇટલ જીત્યો!

## વેસ્ટ ઇન્ડિઝના ડૉમિનિક ડ્રેક્સને ૨૦૨૧માં ચેન્નઈએ અને ૨૦૨૨માં ગુજરાતે ખરીદ્યો હતો

મુંબઈઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં કેટલાક એવા નસીબવાળા ખેલાડીઓ થઈ ગયા જેમણે ખૂબ ઓછું રમવું પડ્યું છે છતાં તેમને લાખો/કરોડો રૂપિયા મળ્યા છે. અમુક ખેલાડીઓ રમવા તૈયાર હોય, પણ ટીમમાં એટલી બધી હરીફાઈ હોય કે તેમને રમવાનો ભાગ્યે જ મોકો મળતો હોય છે. જોકે વેસ્ટ ઇન્ડિઝના ડૉમિનિક ડ્રેક્સનો કિસ્સો સાવ નોખો છે. તે બે આઇપીએલ સીઝનમાં ટીમમાં સિલેક્ટ થવા છતાં તેને એ ટીમ વતી રમવા તો નહોતું મળ્યું, ટાઇટલ વિજેતા સ્ક્વૉડમાં તેનું નામ જરૂર લખાયું છે.

વાત એવી છે કે વેસ્ટ ઇન્ડિઝનો લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર ડૉમિનિક ડ્રેક્સ ૨૦૨૧થી ૨૦૨૩ દરમ્યાન વેસ્ટ ઇન્ડિઝ વતી દસ ટી-૨૦ અને ત્રણ વન-ડે રમ્યો હતો. તે હજી પ્રથમ કક્ષાની મૅચો રમે છે, પણ ૨૦૨૧ અને ૨૦૨૩ની સાલ તેના માટે શુકનવંતી હતી.

૨૦૨૧ની આઇપીએલ વખતે ડૉમિનિકને ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ના ફ્રેન્ચાઇઝીએ ૨૦ લાખ રૂપિયામાં ખરીદ્યો હતો. જોકે એ સીઝનમાં ડૉમિનિકને એક પણ મૅચ નહોતી રમવા મળી. ચેન્નઈની ટીમે એ વર્ષની ફાઇનલમાં કોલકાતાને હરાવીને ટાઇટલ જીતી લીધું હતું અને ડૉમિનિક સીએસકેના ખેલાડીઓ સાથે સેલિબ્રેશનમાં જોડાયો હતો.




૨૦૨૨માં ગુજરાત ટાઇટન્સ (જીટી)એ આઇપીએલમાં ડેબ્યૂ કર્યું હતું અને એ સીઝનમાં જીટીના ફ્રેન્ચાઇઝીએ ડૉમિનિકને ૧.૧૦ કરોડ રૂપિયામાં મેળવ્યો હતો. જોકે એ સીઝનમાં પણ ડૉમિનિકને એક પણ મૅચ નહોતી રમવા મળી અને છેવટે ગુજરાતની ટીમે ટાઇટલ જીતી લીધું ત્યારે ડૉમિનિકને હાર્દિક પંડ્યા ઍન્ડ કંપની સાથે ટ્રોફી સાથેની ઉજવણીમાં જોડાવાનો લહાવો મળ્યો હતો.

ડૉમિનિક ૨૦૨૧ની કૅરિબિયન પ્રીમિયર લીગમાં ક્રિસ ગેઇલના નેતૃત્વમાં સેન્ટ કિટ્સ ઍન્ડ નેવિસ પૅટ્રિયટ્સ ટીમ વતી રમ્યો હતો. એ સીઝનની ફાઇનલમાં ગેઇલે ડૉમિનિકને બૅટિંગમાં છઠ્ઠા નંબર પર પ્રમોટ કર્યો હતો અને તેણે ફાઇનલમાં ૨૪ બૉલમાં અણનમ ૪૮ રન કર્યા હતા તેમ જ એ સીઝનમાં ૧૬ વિકેટ લીધી હતી. તેને એ પર્ફોર્મન્સને આધારે સીએસકેની ટીમમાં ઈજાગ્રસ્ત સૅમ કરૅનના સ્થાને જગ્યા મળી હતી, પણ એકેય મૅચ રમવા નહોતી મળી. ૨૦૨૨માં જીટીની ટીમે તેને સ્ક્વૉડમાં સમાવ્યો હતો, પણ તેને જરાય નહોતું રમવા મળ્યું. ■

# ભૂતપૂર્વ ફૂટબોલરે પોતે જ પોતાના હૃદયની નજીક છરો ભોંક્યો, પણ બચી ગયો

મૉન્ટપેલિયર (ફ્રાન્સ)ઃ ફ્રાન્સની મૉન્ટપેલિયર ક્લબ વતી ૩૨૫ મૅચ રમનાર ભૂતપૂર્વ ફૂટબૉલ ખેલાડી અને હવે લીગ-વન ટૂર્નામેન્ટની લાયન ક્લબના સ્પોર્ટ્સ કો-ઑર્ડિનેટર તરીકેનું કામ કરતો ડેનિયલ કૉન્ગર પોતાના ઘરમાં બેભાન હાલતમાં મળી આવ્યો હતો. તેની છાતી પર (હૃદયની નજીકના ભાગમાં) ઘા હતો અને એવું જાણવા મળ્યું છે કે તેના પર કોઈ હુમલો નહોતો થયો, પરંતુ ખુદ ડેનિયલે જ પોતાને છાતીમાં ધારદાર હથિયાર માર્યું હતું. ડેનિયલે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો, પણ એમાં તે સફળ નહોતો થયો. હાલમાં તેને મૉન્ટપેલિયર યુનિવર્સિટીની હૉસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે જ્યાં તેની તબિયત સુધારા પર હોવાનું મનાય છે. સોમવારે સાંજે ડેનિયલે પોતાને જ ગંભીર ઈજા પહોંચાડી હોવાની જાણ થતાં તેની પત્નીએ તાકીદની સેવા માટે કૉલ કર્યો હતો. ડેનિયલ સેન્ટર ડિફેન્ડર તરીકે રમ્યો હતો. તે આખી કરીઅર ફ્રાન્સમાં રમ્યો હતો. ■

# મોહમ્મદ શમીએ ફાર્મહાઉસને આપ્યું છે અલગ રહેતી પત્ની ‘હસીન’નું નામ!

લખનઊઃ ભારતના ટોચના પેસ બોલર્સમાં ગણાતો મોહમ્મદ શમી મેદાન પરથી અથવા અંગત જીવનમાં કોઈકને કોઈક રીતે ન્યૂઝમાં ચમકતો રહેતો હોય છે. પ્રાઇવેટ લાઇફમાં તેની ચર્ચા ખાસ કરીને વર્ષોથી તેનાથી અલગ રહેતી પત્ની હસીન જહાં વિશેની હોય છે અને નવી જાણકારી પણ તેને લગતી જ છે. વાત એવી છે કે શમીએ ૧૫ કરોડની કિંમતના પોતાના ફાર્મહાઉસને પત્નીના નામ પરથી જ હસીન’ નામ આપ્યું હોવાનું જાણવા મળ્યું છે.

ઉત્તર પ્રદેશમાં મુસ્લિમ સમુદાયની મોટી વસ્તી ધરાવતા અમરોહા શહેર નજીકના ગામમાં જ ઉછરેલો મોહમ્મદ શમી આ જ ગામમાં વિશાળ ફાર્મહાઉસની માલિકી ધરાવે છે. ૧૫૦ વીઘા જમીન પરના આ ફાર્મહાઉસને તેણે રમણીય બનાવ્યું છે અને એમાં અનેક સુવિધાઓ તૈયાર કરાવી છે.

### હસીન જહાંએ ક્યા આક્ષેપો કર્યા હતા?

હસીન જહાં અને શમી વર્ષોથી એક બીજાથી અલગ રહે છે. હસીન જહાંએ શમીને છોડીને ગયા પછી તેની વિરુદ્ધ સતામણી તથા બેવફાઈથી માંડીને મૅચ-ફિક્સિંગ તથા હત્યાના પ્રયાસ સુધીના આક્ષેપો કર્યા છે.

જોકે પત્નીથી અલગ થયા પછી કરીઅરમાં મોટા ભાગે અધોગતિ જોનાર શમીએ પત્નીના નામનો સારી રીતે ઉપયોગ કરીને ચાહકોને ચોંકાવી દીધા છે.

શમીના ગામમાં કે અમરોહા શહેરમાં કે ઉત્તર પ્રદેશ રાજ્યમાં જ નહીં બલ્કે સમગ્ર દેશમાં અને સોશિયલ મીડિયા પર શમીની ફરી ચર્ચા થવા લાગી છે. પોતાના આ મોંઘાદાટ ફાર્મહાઉસને ‘હસીન’ નામ આપીને તેણે સૌને વિચારતા કરી દીધા છે.

શમીના આ નિર્ણય પરથી એવી



ચર્ચા થવા લાગી છે કે પત્ની હસીન જહાં સાથે તેનું સમાધાન થઈ રહ્યું છે. ખુદ શમીએ આ વિશે કોઈ પુષ્ટિ નથી આપી, પરંતુ લોકોમાં એવી ચર્ચા છે કે આ લક્ઝુરિયસ ફાર્મહાઉસને શમીએ પત્નીનું નામ આપ્યું છે એટલે કહાનીમાં કંઈક તો ટ્વિસ્ટ આવ્યું જ હશે.

શમીનો પરિવાર દાયકાઓથી ખેતીના વ્યવસાયમાં છે. પરિવારના બધા સભ્યોને ક્રિકેટ ખૂબ પ્રિય છે.

### ફાર્મહાઉસમાં અનેક સુવિધાઓ

મોહમ્મદ શમીના વિશાળ ફાર્મહાઉસમાં બંગલો, સ્વિમિંગ પૂલ, રેસ્ટ હાઉસ તેમ જ કેરીનાં ઘણાં ઝાડ પણ છે. શમીએ ફાર્મહાઉસ નજીકના મેદાનમાં ક્રિકેટ પિચ પણ બનાવી છે. ૨૦૨૦ની સાલમાં કોવિડ-૧૯ની મહામારી વખતે લોકડાઉન દરમ્યાન



ભુવનેશ્વર કુમાર અને સુરેશ રૈના પ્રેક્ટિસ માટે શમીના આ ફાર્મહાઉસમાં ઘણીવાર આવ્યા હતા.

### હસીન જહાં અગાઉ ચિયરલીડર હતી

૨૦૧૨ની આઈપીએલ દરમ્યાન હસીન જહાં કોલકત્તા નાઈટ રાઈડર્સ (કેકેઆર)ની ટીમ વતી ચિયરગર્લ તરીકે પર્ફોર્મ કરતી હતી. એ વખતે શમી પહેલી વાર તેને મળ્યો હતો અને બંને વચ્ચે પ્રેમ પ્રકરણ શરૂ થયું હતું. ૨૦૧૪માં તેમણે લગ્ન કર્યાં હતાં અને હસીન જહાંએ ૨૦૧૫માં બાળકીને જન્મ આપ્યો હતો જેનું નામ આયરા રાખવામાં આવ્યું છે. ૨૦૧૮ની સાલમાં શમી અને હસીન જહાં વચ્ચેના સંબંધો બગડવાના શરૂ થયા હતા અને હસીન જહાંએ તેની સામે આક્ષેપો શરૂ કર્યા હતા. શમીએ તમામ આક્ષેપો ખોટા ગણાવ્યા હતા તેમ જ શમીએ આત્મહત્યાનો પ્રયત્ન કર્યો હોવાનું પણ જણાય છે. ભારતીય ક્રિકેટ બોર્ડે શમી વિરુદ્ધના આક્ષેપોમાં ખાસ કરીને ફોજદારી ગુનાને લગતા આક્ષેપને સૌથી ગંભીર ગણ્યો હતો. જોકે થોડા મહિના બાદ બીસીસીઆઇએ શમીને ક્લીન ચિટ આપી એને પગલે શમીનો ફરી ભારતીય ટીમમાં સમાવેશ થયો હતો અને તે ફરી રમવા લાગ્યો હતો. ■

# મજબૂત વૈશ્વિક વલણો અને વિદેશી ભંડોળના આંતરપ્રવાહને કારણે શૅરબજાર પોઝિટિવ ઝોનમાં, નિફ્ટીમાં સતત છઠ્ઠા દિવસે આગેકૂચ

મુંબઈઃ યુએસ-ચીન વેપાર વાટાઘાટો સફળ થવાના આશાવાદ અને વિદેશી ભંડોળના આંતર પ્રવાહના ટેકાએ ગ્લોબલ ઇક્વિટી બજારોનીં તેજી સાથે તાલ મિલાવીને બુધવારે બેન્ચમાર્ક સેન્સેક્સ ૧૨૩ પોઈન્ટ વધીને બંધ થયો જ્યારે નિફ્ટીએ સતત છઠ્ઠા દિવસે આગેકૂચ નોંધાવી હતી. સેન્સેક્સ ૧૨૩.૪૨ પોઈન્ટ અથવા ૦.૧૫ ટકા વધીને ૮૨,૫૧૫.૧૪ની સપાટી પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૩૯૧.૭૯ પોઈન્ટ અથવા ૦.૪૭ ટકા વધીને ૮૨,૭૮૩.૫૦ની ઊંચી સપાટીને અથડાયો હતો. જ્યારે એનએસઈનો બેન્ચમાર્ક નિફ્ટી ૩૭.૧૫ પોઈન્ટ અથવા ૦.૧૫ ટકા વધીને ૨૫,૧૪૧.૪૦ પોઇન્ટના સ્તર પર બંધ થયો છે. બુધવાર સુધીના છ સત્રોમાં, નિફ્ટી ૫૯૮ પોઈન્ટ અથવા ૨.૪૨ ટકા વધ્યો છે.

સેન્સેક્સના શેરોમાં એચસીએલ ટેક, ઇન્ફોસિસ, ટેક મહિન્દ્રા, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, બજાજ ફિનસર્વ, આઇસીઆઇસીઆઇ બેન્ક, ટાટા મોટર્સ અને એટર્નલ ટોપ ગેઇનર હતા. જ્યારે પાવર ગ્રીડ, અદાણી પોર્ટ, ઇન્ડસઇન્ડ બેન્ક, નેસ્લે, એચડીએફસી બેન્ક અને હિંદુસ્તાન યુનિલિવર ટોપ લુઝર રહ્યા હતા. અમેરિકાની ભારત અને ચીન સહિતના મુખ્ય ભાગીદારો વચ્ચેની વેપાર વાટાઘાટોમાં પ્રગતિના સંકેતો વચ્ચે અન્ય એશિયન બજારોમાં જોવા મળેલા સુધારાને પ્રતિબિંબિત કરતા બુધવારે ભારતના બેન્ચમાર્ક શેરઆંકોએ સવારના સત્રથી જ સહેજ આગેકૂચ બતાવી હતી.

પ્રાઇમરી માર્કેટમાં ફરી હલચલ વધી રહી છે અને આગામી મહિનાઓમાં ફરી અનેક ભરણાં બજારમાં પ્રવેશ કરશે. એટેન પેપર્સ એન્ડ ફોમનો આઇપીઓ ૧૩ જૂનના રોજ ખુલશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૯૧થી રૂ. ૯૬ રૂપિયા પ્રતિ શેર નક્કી કરવામાં આવી છે અને મિનિમમ લોટ ૧૨૦૦ ઇક્વિટી શેર છે. કંપની વિવિધ મિલોમાંથી ક્રાફ્ટ પેપર અને ડુપ્લેક્સ બોર્ડ સહિતના ઉત્પાદનો મેળવે છે અને પેકેજિંગ ઉદ્યોગમાં સપ્લાય કરે છે. કંપનીની અમદાવાદમાં ત્રણ વેસ્ટપેપર પ્રોસેસિંગ યુનિટ સ્થાપિત કરવાની યોજના છે. ઓર્કલા ઇન્ડિયાએ સેબીને ડીઆરએચપી સુપરત કર્યું છે. ગંગા બાથનું લિસ્ટિંગ ૨૦ ટકા પ્રીમિયમ સાથે થયું હતું.

કોર્પોરેટ હલચલમાં મહારાષ્ટ્ર સરકારે એક્સાઇઝ જકાતમાં કરેલા વધારાને પરિણામે લીકર સ્ટોક્સમાં છ ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. બેન્ક ઓફ અમેરિકાએ સ્ટેક લીધો હોવાની ચર્ચાએ ઓરિએન્ટલ કાર્બનમાં લેવાલી હતી. એનસીએલટીએ આઇનોક્સ વિન્ડ એનર્જી અને આઇવનોક્સ વિનડના મર્જરને મંજૂરી આપી છે. જાહેર ક્ષેત્રની ઇરેડિઆએ ક્વોલિફાઇડ ઇન્સ્ટિટ્યુશનલ પ્લેસમેન્ટ મારફત રૂ. ૨૦૦૦ કરોડ એકત્ર કર્યા છે. મિન્ડા કોર્પે ઓટોમોટીવ સ્વીચીસ માટે જાપાનીઝ કંપની ટોયોડેન્સો સાથે જોઇન્ટ વેન્ચર સ્થાપ્યું છે.

ટેકનોલોજીમાં અગ્રેસર રેનલ કેર સેગમેન્ટની કંપની રેનાલિક્સ હેલ્થ સિસ્ટમ્સ પ્રાઇવેટ લિમિટેડે રિમોટ મોનીટરીંગ અને ક્લિનિકલ કનેક્ટિવિટી સવલત સાથેનું ભારતનું પ્રથમ સંપૂર્ણ સ્વદેશી એઆઈ અને ક્લાઉડ સક્ષમ સ્માર્ટ હેમોડાયલિસિસ મશીન રેનલિક્સ, આરએક્સટી ૨૧ લોન્ચ કર્યું છે, જેની કિંમત આયાતી મશીનથી ઓછી છે, તે યુરોપિયન સંઘનું ઈયુ સીઈ સર્ટિફિકેશન ધરાવે છે. કંપની ચાર વર્ષ, સુધીમાં ઉત્પાદન ક્ષમતા ૫૦૦૦ મશીન સુધી પહોચાડવા રૂ. ૮૦૦ કરોડનું રોકાણ કરશે. ટેલિકોમ્યુનિકેશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ અને સંબંધિત સંલગ્ન સર્વિસ પ્રોવાઇડર કોર ડિજિટલ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ અને નાણાકીય વર્ષના ઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૨૧૧.૯૭ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩૨૭.૮૨ કરોડની કુલ આવક, ૧૭૮.૪૩ કાની વૃદ્ધિ સાથે રૂ. ૪૭.૫૫ કરોડનો એબિટા અને ૧૭૫.૮૩ કાની વૃદ્ધિ સાથે રૂ. ૩૧.૭૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. નઝારા ટેકનોલોજીમાં રેખા ઝુનઝુનવાલાએ પોતાનો લગભગ ૫૦ ટકા હિસ્સો ઓપન માર્કેટ સેલમાં વેચીને ૩.૬૦ ટકા સ્ટેક રાખ્યો છે. ટાટા મોટર્સ ૨૦૩૦ સુધીમાં સાત નવા મોડલ સહિતના પ્રોડક્ટ લોન્ચ માટે રૂ. ૩૩,૦૦૦ કરોડથી રૂ. ૩૫,૦૦૦ કરોડનું રોકાણ કરશે.

વાઇન્ડિંગ વાયર અને સ્ટ્રીપ્સ ઉત્પાદક, શેરા એનર્જી લિમિટેડે તેની વિદેશી સબ્સિડરી પેટાકંપની શેરા ઝામ્બિયા લિમિટેડ મારફત ઝામ્બિયા સ્થિત કોપર કેથોડ ઉત્પાદન પ્લાન્ટ હસ્તગત કર્યો છે, જે સ્થાનિક ધોરણે પ્રાપ્ત કોપર ઓક્સાઇડ ઓરમાંથી ૯૯.૯૯ ટકા શુદ્ધ કોપર કેથોડનું ઉત્પાદન કરશે. વર્ષ ૨૦૨૫-૨૬માં વાર્ષિક ૧,૨૦૦ મેટ્રિક ટનની પ્રારંભિક ઉત્પાદન ક્ષમતા સાથે, કંપની ૫,૦૦૦ મેટ્રિક ટન સુધી સ્કેલ કરવાની યોજના ધરાવે છે.

બજારના પીઢ અભ્યાસુ અનુસાર સ્થાનિક મૂલ્યાંકનમાં વધારો થવાને કારણે વ્યાપક બજારોમાં પ્રોફિટ બુકિંગ ચાલુ છે. જોકે, મક્કમ સ્થાન જમાવી રાખનારા લાર્જ કેપ બેન્ચમાર્કને ટેકો આપી રહી છે, સંસ્થાકીય રોકાણકારો સ્થિર કમાણીના અંદાજ ધરાવતી કંપનીઓની તરફેણ કરી રહ્યા છે. ઓટો અને આઇટી ક્ષેત્રો ફોકસમાં છે. ઓટો શેરો માસિક વેચાણમાં સુધારો થવાથી વધી રહ્યા છે, જ્યારે આઇટી શેર સંભવિત યુએસ-ચીન વેપાર ઠરાવની આસપાસ આશાવાદથી લાભ મેળવી રહ્યા છે.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયા હતા. યુરોપિયન ઇક્વિટી બજારો ઊંચા મથાળે વેપાર કરી રહ્યા હતા. મંગળવારે યુએસ બજારો ઊંચા બંધ થયા હતા. એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ મંગળવારે રૂ. ૨,૩૦૧.૮૭ કરોડના ઇક્વિટી શેર ખરીદ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૪૩ ટકા વધીને ૬૭.૧૬ ડોલર પ્રતિ બેરલ થયો હતો.

સુઝલોન એનર્જીમાં પ્રમોટર્સ ફોમીલી બલ્ક ડીલમાં ૧.૪૫ ટકા હિસ્સો વેચશે. ઇલેક્ટ્રિસિટ ડેરિવેટીવ્ઝ માટે એમસીએક્સને સેબીની મંજૂરી મળી છે. અદાણી જૂથે નાણાકીય વર્ષ ૨૦૨૫ના કરવેરાની ચૂકવણી માટે રૂ. ૭૫,૦૦૦ કરોડનો અંદાજ જાહેર કર્યો છે. સ્ટેટ બેન્કે સરકારને ૨૦૨૫ માટે ડિવિડંડ પેટે રૂ. ૮૦૭૬.૮૪ કરોડની ચૂકવણી કરી છે. વેદાંતા રૂ. ૫૦૦૦ કરોડના એનસીડી ફંડનો ઉપયોગ હાઇ કોસ્ટ ડેટ ઘટાડીને રૂ. ૩૫૦ કરોડનો વ્યાજ ખર્ચ બચાવવા માટે કરશે. સેઇલે પાછલા વર્ષે અંદાજે રૂ. ૭૫૦ કરોડનું કરજ ઘટાડ્યું છે. સેન્ટ્રલ બેન્કે રૂ. ૫૭ કરોડના રોકાણ સાથે ફ્યુચર જેનરાલી ઇન્ડિયા લાઇફ ઇન્સ્યુરન્સનો ૨૫.૧૮ ટકા હિસ્સો હસ્તગત કર્યો છે.

વિશ્લેષકોને કોર્પોરેટ સેકટરના નાણાકીય પરિણામો નબળા રહેવાની આશંકા છે. કોર્પોરેટ ઈન્ડિયાના તાજેતરમાં માર્ચ ૨૦૨૫ના અંતના ચોથા ત્રિમાસિકના નાણાકીય પરિણામો એકંદર સારી વૃદ્ધિના જાહેર થવા છતાં સમીક્ષકો ચાલુ પૂર્ણ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ અને વર્ષ ૨૦૨૬-૨૭ માટે સાવચેતી સાથે વૃદ્ધિના અંદાજો ઘટાડીને મૂકવા લાગ્યા છે. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે એચસીએલ ટેકનોલોજી ૩.૨૨ ટકા, ઈન્ફોસિસ ટેકનોલોજી ૨.૧૬ ટકા, ટેક મહિન્દ્ર ૧.૭૪ ટકા, રિલાયન્સ ૦.૭૧ ટકા, બજાજ ફિનસર્વ ૦.૭૦ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૫૬ ટકા, તાતા મોટર્સ ૦.૫૫ ટકા અને ઈટર્નલ ૦.૪૯ ટકા વધ્યા હતા, જ્યારે પાવર ગ્રીડ ૧.૮૯ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૨૪ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૧.૨૧ ટકા, એચડીએફસી બેન્ક ૦.૮૩ ટકા,, હિંદુસાતાન યુનિલિવર ૦.૮૦ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૭૧ ટકા નેસ્લે ૦.૫૪ ટકા અને એશિયન પેઈન્ટ્સ ૦.૫૧ ટકા ઘટ્યા હતા.

# ડૉલર સામે રૂપિયામાં છ પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ ઉપરાંત વિદેશી સંસ્થાકીય રોકાણકારોની લેવાલી જળવાઈ રહી હોવાના નિર્દેશો ઉપરાંત વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં પણ ઘટાડાતરફી વલણ રહ્યું હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો છ પૈસાના સુધારા સાથે ૮૫.૫૧ના મથાળે બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

જોકે, આજે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા જાહેર થવાના હોવાથી રોકાણકારોએ સાવચેતીનો અભિગમ અપનાવ્યો હોવાથી સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

દરમિયાન આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૫૭ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૫.૫૩ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૫૬ અને ઉપરમાં ૮૫.૪૨ની રેન્જમાં રહ્યા બાદ ગઈકાલના બંધ સામે છ પૈસાના સુધારા સાથે ૮૫.૫૧ના મથાળે બંધ રહ્યો હતો.

એકંદરે સ્થાનિક કક્વિટી માર્કેટમાં દેશી-વિદેશી સસસ્થાકીય રોકાણકારોની લેવાલી, ડૉલર ઈન્ડેક્સમાં સાંકડી વધઘટ અને ક્રૂડતેલના ભાવમાં નરમાઈને ટેકે આજે રૂપિયામાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાનું એલકેપી સિક્યોરિટીઝનાં કૉમૉડિટી અને કરન્સી વિભાગનાં રિસર્ચ એનાલિસ્ટ જતીન ત્રિવેદીએ જણાવતા ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૫.૨૫થી ૮૫.૮૫ની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૫ ટકા ઘટીને ૯૯.૦૪ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૦૯ ટકા ઘટીને બેરલદીઠ ૬૬.૮૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૨૩.૪૨ પૉઈન્ટનો અને ૩૭.૧૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૩૦૧.૮૭ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### અમેરિકા-ચીન વેપાર વિવાદ યથાવત્ રહેતાં વૈશ્વિક સોનામાં સુધારો

# સ્થાનિક સોનામાં વધ્યા મથાળેથી ₹ ૧૨૪નો અને ચાંદીમાં ₹ ૧૫૦૬નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા-ચીન વચ્ચેનો વેપાર વિવાદ અથવા તો ટૅરિફ વિવાદ યથાવત્ રહ્યો હોવાના નિર્દેશ તેમ જ આજે મોડી સાંજે અમેરિકાના ફુગાવાના ડેટાની જાહેરાત પૂર્વે રોકાણકારોએ સાવચેતીનો અભિગમ અપનાવતાં લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોનાના ભાવમાં ૦.૩ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવ ૦.૯ ટકા ઘટી આવ્યા હતા. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે ઊંચા મથાળેથી સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨૩થી ૧૨૪નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૫૦૬નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટોની સટ્ટાકીય વેચવાલીનું દબાણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૫૦૬ના ઘટાડા સાથે રૂ. ૧,૦૫,૪૯૪ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે સોનામાં પણ સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ નફારૂપી વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ અને જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨૩ ઘટીને રૂ. ૯૫,૮૫૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૨૪ ઘટીને રૂ. ૯૬,૨૩૫ના મથાળે રહ્યા હતા.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં સલામતી માટેની માગને ટેકે હાજર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા ઘટીને અનુક્રમે ઔંસદીઠ ૩૩૩૦.૬૯ ડૉલર અને ૩૩૫૧.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૩૬.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તાજેતરમાં ચાંદીના ભાવ ૧૩ વર્ષની ઊંચી સપાટી આસપાસ પ્રવર્તી રહ્યા છે અને બજારમાં તંગ પુરવઠો તથા ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ જોતા ચાંદીના ભાવ વધીને ઔંસદીઠ ૩૮ ડૉલર સુધી અને શક્યતઃ ૪૦ ડૉલર સુધી પણ પહોંચી શકે છે, એમ યુબીએસએ એક નોટ્સમાં જણાવ્યું છે.

દરમિયાન અમેરિકા અને ચીનના અધિકારીઓની વેપાર વિવાદ અંગે થયેલી વાટાઘાટોમાં બન્ને પક્ષો વેપારની ગાડી પાટે ચડાવવા માટે સહમત થયા હતા. તેમ જ ચીન ખનીજો પરનાં નિકાસ નિયંત્રણો હળવા કરવા સંમત થયું હતું.

તેમ છતાં લાંબાગાળાનો કોઈ ઉકેલ આવ્યો હોય તેવા સંકેતો બહુ ઓછા હતા. તેમ જ બજાર વર્તુળો પણ એવું માની રહ્યા છે કે બન્ને દેશો વચ્ચે ટ્રેડ ડીલ થવી બહુ સરળ નહીં હોય આથી સોનામાં સલામતી માટેની માગને ટેકે ભાવમાં તેજીનું વલણ જોવા મળ્યું હોવાનું એક્સિનિટી ગ્રુપના ચીફ માર્કેટ એનાલિસ્ટ હેન ટૅને જણાવ્યું હતું.

વધુમાં આજે રોકાણકારોની નજર મોડી સાંજે જાહેર થનારા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ અથવા તો ફુગાવાના ડેટા પર સ્થિર થઈ છે કેમ કે અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા લેવાતા નીતિવિષયક નિર્ણયમાં ફુગાવાની ભૂમિકા મહત્ત્વની હોય છે. જોકે, રૉઈટર્સનાં અર્થશાસ્ત્રીઓના મતાનુસાર અમેરિકી ફેડરલ રિઝર્વ ટ્રમ્પની ટૅરિફની નીતિઓ સ્પષ્ટ ન થાય ત્યાં સુધી અથવા તો આગામી થોડા મહિના સુધી વ્યાજદર યથાવત્ રાખશે.

# ખાંડમાં સાધારણ ગુણવત્તાલક્ષી નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૩૦થી ૩૭૭૦ આસપાસના મથાળે ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહી હોવા છતાં અમુક માલની ગુણવત્તા સાધારણ નબળી આવી હોવાથી સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર અનુક્રમે નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છ અને રૂ. બેના ઘટાડા સાથે થયા હતા, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છના ઘટાડા સાથે રૂ. ૩૮૯૬થી ૩૯૫૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેના ઘટાડા સાથે રૂ. ૩૯૫૦થી ૪૦૪૨માં થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૯૦થી ૩૮૩૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૬૦થી ૩૯૦૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

# ટીન, નિકલ અને કોપર વાયરબારમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે મુખ્યત્વે ટીન, કોપર વાયરબાર અને નિકલમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. નવ, રૂ. છ અને રૂ. બેનો ઘટાડો આવ્યો હતો. આ સિવાય કોપરની અન્ય વેરાઈટીઓ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ , એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો ધીમો સુધારો આવ્યો હતો, જ્યારે ખપપૂરતી માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં ખાસ કરીને ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ તથા સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. નવ ઘટીને રૂ. ૨૮૨૩ અને રૂ. છ ઘટીને રૂ. ૯૧૧ના મથાળે રહ્યા હતા. આ સિવાય નિરસ માગે નિકલના ભાવ કિલોદીઠ રૂ. બેના ઘટાડા સાથે રૂ. ૧૩૩૮ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું


**પશ્ચિમ રેલવે રતલામ ડિવિઝન**

**"ઈ-ટેન્ડર નોટિસ"**

ટેન્ડર નં. ૮૩૨૫૫૯૨૭ તારીખઃ ૦૯/૦૬/૨૦૨૫ નીચેના સ્ટોર વર્ક માટે ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલ મેનેજર (સ્ટોર્સ), રતલામ, પશ્ચિમ રેલવે, દ્વારા ઈ-ટેન્ડરો મંગાવે છે. કામનું નામઃ RDSO specn. નં. TI/SPC/OHE/CAT (Cu-Cd)/૦૯૭૧ મુજબ અનઈન્સ્યુલેટેડ કેડમિયમ કોપર કેટેનરી વાયર (૧૯/૨.૧૦mm) ૬૫ sq mm. અથવા લેટેસ્ટ (વોરંટી મુદતઃ ડિલિવરીની તારીખ પછી ૩૦ મહિના) (નિરીક્ષણ એજન્સીઃ TPI, સ્ટેજ ઈન્સ્પ.ઃ ના, સ્ટેજઃ ૦) [UVAM લિંકિંગઃ ૩૧૦૦૬૦૭, અન-ઈન્સ્યુલેટેડ કેડમિયમ કોપર કેટેનરી વાયર ૬૫. ચો.મીમી. (૧૯/૨.૧૦mm)] આઈટમ પ્રકારઃ ગૂડ્સ (સપ્લાય), કામની અંદાજિત કિંમતઃ ૧૨૯૮૪૦૦૦.૦૦, ટેન્ડર દસ્તાવેજની કિંમતઃ ૦, બાના રકમ ડિપોઝિટઃ ૨૫૯૬૮૦.૦૦, ઓફરની માન્યતા (દિવસ)ઃ ત્યારબાદ ૯૦ દિવસની અંદર, ઈ-ટેન્ડર દસ્તાવેજની સુપ્રત માટે બંધ થવાની તારીખ & સમયઃ ૦૫-૬-૨૫ ૧૧.૦૦, ઈ-ટેન્ડરની ખોલવા માટેની તારીખ & સમયઃ ૦૫-૬-૨૫, ટેન્ડર ઈ-ટેન્ડર પોર્ટલ www.ireps.gov.in પર ઓનલાઈન જોઈ શકાય છે અને ઓફર તે જ ઈ-ટેન્ડર પોર્ટલ પર સુપ્રત કરવાની રહેશે.

15/1/079 Sr. ડિવિઝનલ મટેરિઅલ મેનેજર, રતલામ

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly


# માર્કેટ કૅપ સહેજ વધીને ₹ ૪૫૫.૫૭ લાખ કરોડના સ્તરે

મુંબઇઃ સેકટરલ ઈન્ડાયસીસમાં ઓઈલ એન્ડ ગેસ, એનર્જી અને ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યા હતા, જ્યારે પાવર અને યુટિલિટિઝ સૌથી અધિક ઘટ્યા હતા. બુધવારે બીએસઈ સેન્સેક્સ ગત મંગળવારના ૮૨,૩૯૧.૭૨ના બંધથી ૧૨૩.૪૨ પોઈન્ટ્સ વધ્યો હતો. સેન્સેક્સ ૮૨,૪૭૩.૦૨ ખૂલીને ઊંચામાં ૮૨,૭૮૩.૫૧ સુધી અને નીચામાં ૮૨,૩૦૮.૯૧ સુધી જઈને અંતે ૮૨,૫૧૫.૧૪ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૫૫.૪૧ લાખ કરોડથી રૂ. ૦.૧૬ લાખ કરોડ વધીને રૂ. ૪૫૫.૫૭ લાખ કરોડ રહ્યું હતું.


**વોક-ઈન- ઈન્ટરવ્યૂ**



**જગજીવન રામ હૉસ્પિટલ, મુંબઈ સેન્ટ્રલ ખાતે આયુષ હેઠળ હોમિયોપેથી પ્રેક્ટિશનરની સંલગ્નતા**

સૂચના નં. E/SBF/૧૦૭૫/૪૮, તારીખઃ ૨૯.૦૫.૨૦૨૫

પશ્ચિમ રેલવેના સ્ટાફ બેનિફિટ ફંડના નેજા હેઠળ જગજીવન રામ હૉસ્પિટલ, મુંબઈ સેન્ટ્રલ ખાતે આયુષ હેઠળ ૮ કલાક (ફુલ ટાઈમ) માટે માનદ હોમિયોપેથ પ્રેક્ટિશનરની નિમણૂક.

અન્ય કોઈપણ ભથ્થા વિના દર મહિને રૂ. ૭૫,૦૦૦/-ના સંયુક્ત માનદ વેતન પર જગજીવન રામ હૉસ્પિટલ, મુંબઈ સેન્ટ્રલ ખાતે હોમિયોપેથીમાં ૮ કલાક (ફૂલ ટાઈમ) મેડિકલ પ્રેક્ટિશનરની જગ્યા ભરવા માટે અરજીઓ મંગાવવામાં આવી છે.

ઉમેદવારોએ નિર્ધારિત ફોર્મેટ મુજબ અરજી કરવી જોઈએ. અરજી સાથે બધા પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો અને એક પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ સુપ્રત કરી શકાય છે.

જે ઉમેદવારો આગાઉથી અરજીઓ સુપ્રત કરતા નથી, તેઓ પણ નીચે દર્શાવેલ તારીખ અને સ્થળે સ. ૧૦.૦૦ કલાકે વોક-ઈન-ઈન્ટરવ્યૂ માટે આવી શકે છે, જેમાં નિયત ફોર્મેટમાં અરજી, બધા જ એન્કલોઝર અને મૂળ પ્રમાણપત્રો શામેલ છે.

વોક-ઈન-ઈન્ટરવ્યૂ નીચે મુજબ લેવામાં આવશેઃ-

| દિવસ & તારીખ | સ્થળ | ને જાણ કરો |
|---|---|---|
| શુક્રવાર, ૨૭ જૂન, ૨૦૨૫ | પશ્ચિમ રેલવે, HQ ઓફિસ, જૂની બિલ્ડિંગ, ૨જો માળ, 'સંવાદ' હોલ, ચર્ચગેટ, મુંબઈ-૨૦ | Dy. CPO (વેલફેર & બીલ્સ), ચર્ચગેટ, મુંબઈ. |

શૈક્ષણિક લાયકાત અને અનુભવ, વય મર્યાદા, નિયમો અને શરતો, પ્રોફોર્મા અને અરજી કરવાની રીત અંગે, વિગતવાર સૂચના નં. E/SBF/૧૦૭૫/૪૮, તારીખઃ ૨૯.૦૫.૨૦૨૫ અમારી વેબસાઈટ wr.indianrailways.gov.in પર જોઈ શકાય છે.

પશ્ચિમ રેલવે

wr.indianrailways.gov.in

0244

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly | અમને ફોલો કરોઃ twitter.com/WesternRly


# મલયેશિયા પાછળ પામોલિન અને સોયા રિફાઈન્ડમાં નરમાઈ

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૪૧ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૨૫ રિંગિટનો ઘટાડો આવ્યાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે પાંખાં કામકાજ અને મલયેશિયાના નિરુત્સાહી અહેવાલને ધ્યાનમાં લેતા આજે ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડમાં અનુક્રમે રૂ. પાંચ અને રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિન, સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૧૧૫, રૂ. ૧૧૩૫ અને રૂ. ૧૩૦૫, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૧૧૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૩૧, પતંજલી ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૧૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૬૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૩૦ તથા બુંગેના આરબીડી પામોલિનના રૂ. ૧૧૧૧ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારો છૂટાછવાયા રહ્યા હતા. આજે ગુજરાતમાં ગોંડલની મંડીમાં જૂની મગફળીની ૭૦૦૦ ગૂણીની અને નવી મગફળીની ૫૦૦૦ ગૂણી મળી કુલ ૧૨,૦૦૦ ગૂણીની આવક હતી, જેમાં જૂની મગફળીનાં વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૩૦માં અને નવીના વેપાર મણદીઠ રૂ. ૯૫૦થી ૧૪૫૦માં થયા હતા. આ સિવાય રાજકોટની મંડીમાં મગફળીની ૧૮,૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૭૫માં થયા હતા. દરમિયાન આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૧૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૬૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૨૦, સિંગતેલના રૂ. ૧૩૭૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦ અને સરસવના રૂ. ૧૪૪૫ના મથાળે રહ્યા હતા. આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૪૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.


**PUBLIC NOTICE પબ્લિક નોટીસ**

BRIHANMUMBAI MAHANAGARPALIKA

(ચીફ એન્જિનિયર, બિલ્ડિંગ મેઈન્ટેનન્સ + H.I.C.)

ચી.એ/B.M./૨૨૮૧૨/II તા. ૧૦/૬/૨૦૨૫ના

**ટૂંકી ઈ-ટેન્ડર નોટિસ**

| | |
|---|---|
| વિભાગ | ચી.એ. (બિલ્ડિંગ મેઈન્ટેનન્સ + H.I.C.) |
| પેટા-વિભાગ | ડે. ચી.એ. (બિલ્ડિંગ મેઈન્ટેનન્સ) શહેર |
| ટેન્ડર નં. | ૨૦૨૫_MCGM_૧૧૮૮૫૯૦ |
| વિષય | 'D' વોર્ડમાં ઘાસગુલ્લી ગેરેજ બિલ્ડિંગ, લેમિંગ્ટન રોડનું મેજર સ્ટ્રકચરલ રિપેર્સ. |
| કુલ અંદાજિત કિંમત | રૂ. ૧,૨૭,૦૬,૭૬૮/- |
| બારડી | રૂ. ૧,૨૮,૦૦૦.૦૦/- |
| ટેન્ડર- વેચાણ | ૧૨.૦૬.૨૦૨૫ સ. ૧૧.૦૦ ક.થી ૨૩.૦૬.૨૦૨૫ સાં. ૦૪.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ | સબ-એન્જિનિયર (B.M.) શહેર-II |
| નામ | શ્રી. અરુણ નારાયણકર |
| ટેલિફોન નં. | ૯૮૨૦૨૧૧૩૨૨ |
| ઈમેલ-Id | se01ke.pd@mcgm.gov.in |

સહી/-

PRO/635/ADV./2025-26 E.E. (B.M.) શહેર-I

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

આસીસ્ટન્ટ કમિશનર K વોર્ડ ઓફિસ

OACD/૧૪૩૧/AE (M) તારીખ ૧૧/૦૬/૨૦૨૫

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચે આપેલા કામો માટે ક્વોટેશન મંગાવે છે.

| ક્ર નં. | કામનું નામ અને બાના રકમ ડિપોઝીટ (બારડી) |
|---|---|
| ૧ | ૨ |
| ૧ | "એમ. એસ. રેલિંગ સાથે ગણેશ મૂર્તિના સંગ્રહ માટે વ્યવસ્થાની જોગવાઈ, મજૂરોનો વધારાની સપ્લાય અને સોલિડ વાંસનો ઉપયોગ કરી રક્ષણ દિવાલનું નિર્માણ અને D વોર્ડમાં ગણપતિ વિસર્જન- ૨૦૨૫ માટે ગિરગાંવ ચોપાટી ખાતે SWM આઉટફોલ ખાતે ચેઈન લિંક ફેન્સિંગ (બે રેકોર્ડિંગ)" ટેન્ડર નં. ૨૦૨૫_MCGM_૧૧૮૮૪૭૬_૧) બાના રકમ ડિપોઝીટ (બારડી)- રૂ. ૧૯,૧૦૦/- |
| ૨ | "D વોર્ડમાં સ્વરાજ્યભૂમિ ગિરગાંવ ચોપાટી ખાતે ગણપતિ વિસર્જન ૨૦૨૫ દરમિયાન વ્યાવસાયિક ઈવેન્ટ મેનેજમેન્ટ સંસ્થાની નિમણૂક" (ટેન્ડર નં. ૨૦૨૫_MCGM_૧૧૮૮૪૯૪_૧) બાના રકમ ડિપોઝીટ (બારડી)- રૂ. ૫૨૦૦/- |
| ૩ | "D વોર્ડમાં સ્વરાજ્યભૂમિ ગિરગાંવ ચોપાટી ખાતે ગણપતિ વિસર્જન ૨૦૨૫ દરમિયાન તમામ જરૂરી અને જરૂરી વ્યવસ્થાઓ (શાલ, નારિયેળ, ફૂલોનો ગુલદસ્તો, ગલગોટાના ફૂલો મહાનુભાવોને ભોજન પીરસવા માટે એસ્કોર્ટ માટે હાજર વ્યક્તિ, નારિયેળ પાણી, ફળોનો રસ, નાસ્તો વગેરે.) કોન્સ્યુલેટસ સહિત તમામ મહાનુભાવોનું સ્વાગત સમારોહ." (ટેન્ડર નં. ૨૦૨૫_MCGM_૧૧૮૮૭૭૬_૧) બાના રકમ ડિપોઝીટ (બારડી)- રૂ. ૫૨૦૦/- |
| ૪ | "D વોર્ડમાં સ્વરાજ્યભૂમિ ગિરગાંવ ચોપાટી ખાતે ગણપતિ વિસર્જન ૨૦૨૫ દરમિયાન તમામ D વોર્ડ સ્ટાફ માટે યુનિફોર્મ ડ્રેસની જોગવાઈ." (ટેન્ડર નં. ૨૦૨૫_MCGM_૧૧૮૮૭૭૮_૧) બાના રકમ ડિપોઝીટ (બારડી)- રૂ. ૧૧૦૦/- |
| ૫ | "D વોર્ડમાં ગણપતિ વિસર્જન-૨૦૨૫ દરમિયાન વિવિધ સ્થળોએ મજૂરોની સપ્લાય અને કૃત્રિમ તળાવોની સ્થાપના, કૃત્રિમ તળાવો માટે મંડપ/ પેગોડાનું નિર્માણ." (ટેન્ડર નં. ૨૦૨૫_MCGM_૧૧૮૮૪૯૧_૧) બાના રકમ ડિપોઝીટ (બારડી)- રૂ. ૬૫૨૪૦/- |
| ૬ | "D વોર્ડમાં સ્વરાજ્યભૂમિ ગિરગાંવ ચોપાટી ખાતે ગણપતિ વિસર્જન દરમિયાન મુખ્ય મહેમાનો અને અગ્રણી વ્યક્તિઓ માટે લાઉન્જની વ્યવસ્થા કરવી." (ટેન્ડર નં. ૨૦૨૫_MCGM_૧૧૮૮૭૭૫_૧) બાના રકમ ડિપોઝીટ (બારડી)- રૂ. ૨૧૦૦/- |

વધુ વિગતો માટે https://mahatenders.gov.in પર લોગ ઓન કરો.

સહી/-

PRO/649/ADV./2025-26 વોર્ડ E.E.-D.

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો

# કર્ણાક બ્રિજનું બાંધકામ આખરે પૂરું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ અને મસ્જિદ બંદર વચ્ચે આવેલા અને પી. ડિ'મેલો રોડને જોડનારા મહત્ત્વના કનેક્ટર કર્ણાક બંદર બ્રિજનું બાંધકામ તેની નક્કી કરેલી ૧૦ જૂન, ૨૦૨૫ની ડેડલાઈનમાં પૂરું કરવામાં આવ્યું છે. હવે લેન માર્કિંગ, સ્ટ્રીટ લાઈટ અને પેન્ટિંગ જેવા નાના-મોટા બાકી રહેલા કામ આગામી ચારેક દિવસમાં પૂરા કરાશે. વીજેટીઆઈના નિષ્ણાતોની સલાહ અને ટ્રાફિક લોડનું સર્ટિફિકેટ મેળવ્યા બાદ ટ્રાફિક પોલીસની મંજૂરીની સાથે જ બ્રિજને વાહનવ્યવહાર માટે ખુલ્લો (જુઓ પાનું ૪) ▶▶



# નેશનલ કોમન મોબિલિટી કાર્ડ લોન્ચ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે મંત્રાલયમાં મુંબઈ મેટ્રો રૂટ-૩ માટે નેશનલ કોમન મોબિલિટી કાર્ડ (એનસીએમસી)નું અનાવરણ કર્યું હતું. આ નવી પહેલ દ્વારા સંચાલિત મેટ્રોમાં સીમલેસ મુસાફરી માટે એકીકૃત, સંપર્ક રહિત વિકલ્પ રજૂ કરે છે.

આ કાર્યક્રમ મંત્રાલય ખાતે યોજાયો હતો અને એનપીસીઆઈ અને (જુઓ પાનું ૪) ▶▶

# મહારાષ્ટ્ર 'એફસીઆરએ' પ્રમાણપત્ર મેળવનાર દેશનું પ્રથમ રાજ્ય

## વિદેશી દાનનો સીધો લાભ દર્દીઓને મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારના મુખ્ય પ્રધાન તબીબી સહાય ભંડોળ સેલને તાજેતરમાં ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ (એફસીઆરએ) હેઠળ કેન્દ્ર સરકાર તરફથી મંજૂરી મળી છે, જેનાથી મહારાષ્ટ્ર વિદેશી ભંડોળ સ્વીકારનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એપ્રિલ ૨૦૨૫માં આ સંદર્ભે કેન્દ્રને વિનંતી કરી હતી. તેમના સતત ફોલોઅપને કારણે આ પરવાનગી મળી છે.

### દર્દીઓને વિદેશી ભંડોળનો સીધો લાભ

આ મંજૂરી સાથે રાજ્ય સરકાર તરફથી મળતી સહાય ઉપરાંત વિદેશમાંથી ભંડોળનો ઉપયોગ હવે જરૂરિયાતમંદ દર્દીઓ માટે પણ થઈ શકે છે. આનાથી બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ, લિવર ટ્રાન્સપ્લાન્ટ, ન્યુરોસર્જરી, કેન્સરની સારવાર જેવી ખર્ચાળ સારવાર માટે સમયસર અને પર્યાપ્ત ભંડોળ મળી રહેશે.

એફસીઆરએ પ્રમાણપત્ર સાથે મુખ્ય પ્રધાન તબીબી સહાય ભંડોળ સેલ હવે ફક્ત રાજ્ય પૂરતું મર્યાદિત (જુઓ પાનું ૪) ▶▶

# સરકારી સેવામાં હવે ૧૦ ટકા હોદ્દા પર નિવૃત્ત અધિકારીઓ

## ૬૫-૭૦ વર્ષની ઉંમર સુધી નિમણૂક, ૮૦ હજાર સુધીનો પગાર

મુંબઈઃ સરકારી/અર્ધ-સરકારી સેવાઓમાંથી નિવૃત્ત થયેલા અધિકારીઓને વિવિધ વિભાગોમાં કોન્ટ્રેક્ટ આધારિત ભરતી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તે મુજબ સરકારી કચેરીઓ અને સંસ્થાઓમાં અધિકારીઓની કુલ જગ્યાઓના ૧૦ ટકા જગ્યાઓ પર નિવૃત્ત અધિકારીઓની નિમણૂક કરવામાં આવશે અને તેઓ ૬૫ વર્ષની ઉંમર સુધી અને તે પછી પણ જો તેઓ સક્ષમ હોય તો સિત્તેર વર્ષની ઉંમર સુધી સરકારમાં સેવા આપી શકશે. સરકારે આ અધિકારીઓને ૮૦,૦૦૦ સુધીનો પગાર ચૂકવવાની જોગવાઈ કરી છે. નિવૃત્ત અધિકારીઓની નિમણૂક માટે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જાહેરાત બહાર પાડવામાં આવશે. નિમણૂક (જુઓ પાનું ૪) ▶▶




PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# ખાડાની ફરિયાદ કરવા 'પૉટહોલ ક્વિકફિક્સ ઍપ' અને વૉટ્સ ઍપ ચૅટબૉટ સર્વિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચોમાસામાં આગામી દિવસોમાં વરસાદ પડવાની સાથે જ રસ્તા પર ખાડા પડવાનું નક્કી છે. જો તમારી ઘરના રસ્તાની આજુબાજુ તમને ખાડા પડેલા દેખાય છે. તો તમે તરત તેની ફરિયાદ મુંબઈ મહાનગરપાલિકાને ઘરબેઠા કરી શકો છે. ફરિયાદ કરવાના ૪૮ કલાકની અંદર જ ફરિયાદનું નિરાકરણ લાવવામાં આવશે અને તમારી ફરિયાદ બાદ તમને ફીડબેક પણ મળશે. મુંબઈ મહાનગપાલિકાએ ફરિયાદ કરવા માટે ઍપ ચાલુ કરવાની જ વૉટ્સઍપ ચૅટબૉટ સર્વિસ પણ ચાલુ કરી છે.

રસ્તાના સિમેન્ટ-કૉંક્રીટીકરણ પાછળ કરોડો રૂપિયા ખર્ચનારી મુંબઈ મહાનગરપાલિકાને ચોમાસામાં રસ્તા પર ખાડા પડવાના જ હોવાની ૧૦૦ ટકા ખાતરી (જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈમાં પૂરજનક પરિસ્થિતિને ટાળવા હવે નાળાઓની ક્ષમતા વધારવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચોમાસાના પહેલા જ વરસાદમાં મુંબઈમાં પાણી ભરાઈ ગયા હતા. ૨૬મેના થયેલી અતિવૃષ્ટિને પગલે ઠેર ઠેર ભરાઈ ગયેલા પાણી બાદ જાગેલી મુંબઈ મહાનગરપાલિકાએ હવે વરસાદી પાણીનો નિકાલ કરનારી ડ્રેનેજ લાઈનને પહોળી કરવાનો નિર્ણય લીધો છે. આ ડ્રેનેજ લાઈનની ક્ષમતા ૧૨૦ મિલીમીટર વરસાદ સુધીની વધારવામાં આવવાની છે. હાલમાં ડ્રેનેજ લાઈનની ક્ષમતા પ્રતિકલાકની માત્ર પંચાવન મિ.મી. વરસાદી પાણીનો નિકાલ કરવાની છે, જેને કારણે વર્ષોથી મુંબઈમાં થોડા વરસાદમાં પણ પાણી ભરાઈ જવાની સમસ્યાનો સામનો સામાન્ય મુંબઈગરાને કરવો પડયો છે.

મુંબઈમાં આ વર્ષે જૂનને બદલે ૨૬મેના જ સમય કરતા વહેલું ચોમાસાનું આગમન થયું છે. વરસાદ (જુઓ પાનું ૪) ▶▶




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**